MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । બુધવાર । તા. ૧૫-૦૪-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 વિશ્વ આરોગ્ય સંસ્થાને ખોટી જાણકારી આપવાના કારણે ચીને ખરાબ પરિણામ ભોગવવા પડશે

3 દેશમાં કોરોનાનો હાહાકારઃ ૨૪ કલાકમાં ૧૨૦૦ નવા કેસ નોંધાતા ખળભળાટ

9 સુરત શહેરમાં કોરોના વાયરસના વધુ ત્રણ કેસ નોંધાયાઃ ૨૮ નવા શંકાસ્પદ સામે આવ્યા

12 નાંદોદના બારખડી કમોદિયા ગામમાં રાજપીપળા ટાઉન પી.આઈ.એ જીવન જરૂરિયાત વસ્તુનું વિતરણ કરી વધુ એક સેવાકાર્ય કર્યું

વાયરસના સંકટ વચ્ચે વડાપ્રધાને લૉકડાઉન ૩મે સુધી લંબાવ્યુ

કોરોના મહાસંકટઃ ૩મે સુધી 'ઘરબંધી'

તમે દેશ માટે એક સિપાહીની જેમ કર્તવ્ય નીભાવી રહ્યા છો, બંધારણમાં જે 'વી ધ પીપલ' નો ઉલ્લેખ છે તે આ જ શક્તિ છે,ભારતે સમય પહેલા પગલાં લીધા તેનાથી વિકસીત દેશોની તુલનાએ અત્યારે ભારતની સ્થિતિ વધુ સારી

ન્યુ દિલ્હી

જેની દેશ આખામાં આજે સવારથી આતુરતાપૂર્વક રાહ જોવાતી હતી તે અપેક્ષા મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના વાઈરસ મહામારી સામેના જંગમાં લોકોને બચાવવા ૧૪ એપ્રિલના રોજ આજે પૂરા થતાં ૨૧ દિવસના રાષ્ટ્રવ્યાપી લોકડાઉનની સમયમર્યાદામાં વધુ ૧૯ દિવસનો વધારો કરીને હવે ૩ મે સુધી સમગ્ર દેશવાસીઓને લોકડાઉનમાં ઘરે રહેવા જણાવ્યું હતું. જો કે ૧૫થી ૨૦ એપ્રિલ સુધીમાં સ્થાનિક પરિસ્થિતિ પ્રમાણે અવલોકન અને મૂલ્યાંકન કરીને ૨૦મીથી અમુક શરતી છૂટછાટ આપવાની જાહેરાત પણ તેમણે કરતાં વેપાર-ધંધો-રોજગાર, ખેડૂતો અને રોજનું કમાઈને રોજ ખાનાર વર્ગને રાહત મળે તેમ છે. અલબત્ત જો છૂટછાટમાં અપાયેલી શરતોનું પાલન નહીં થાય તો લોકડાઉન ફરી લાદી દેવાની ચેતવણી પણ તેમણે ઉચ્ચારી હતી. ભારતમાં બીજા દેશો કરતાં કોરોનાની ભયાનકતા ઓછી હોવાનું અને તેમની સરકારે કોરોનાને રોકવા સમયસર પગલા ભર્યા હોવાનો પણ દાવો કરીને સરકાર નિષ્ફળ ગઈ હોવાની ટીકા કરનારાઓને પણ તેમણે જવાબ આપવાનો પ્રયાસ કર્યો હતો. કેવા પ્રકારની છૂટછાટ મળશે તેની માર્ગદર્શિકા કેન્દ્ર



૨૦મી એપ્રિલ સુધીમાં કોરોના પરિસ્થિતિની સમીક્ષા બાદ અપાશે શરતી છૂટછાટ,જો શરતોનું પાલન નહિ થાય તો છૂટછાટ પરત ખેંચાશે

દ્વારા આવતીકાલ ૧૫મીએ જાહેર કરાશે. દરમ્યાનમાં રેલવેએ ૩ મે સુધી તમામ ટ્રેન વ્યવહાર બંધ રહેવાની જાહેરાત કરતાં ગુડઝ ટ્રેન સિવાય બીજી કોઈ પસેન્જર ટ્રેનની સીસોટી ૩ મે સુધી સાંભળવા નહીં મળે.

૨૪ માર્ચની મધરાતથી શરૂ થયેલા ૨૧ દિવસના લોકડાઉનનો આજે છેલ્લાં દિવસે વડાપ્રધાન મોદીએ સવારે ૧૦ વાગે રાષ્ટ્રજોગ સંબોધન કર્યું હતું. વડાપ્રધાન મોદીએ કહ્યું છે કે, આપણે હવે પહેલાં કરતાં પણ વધારે સતર્કતા રાખવાની છે. જે જિલ્લામાં કોરોના વાઈરસના કેસ ઘટશે અથવા સંપૂર્ણ બંધ થશે ત્યાં ૨૦ એપ્રિલથી અમુક શરતો સાથે છૂટ આપવામાં આવશે. પરંતુ જો ત્યાં ફરી કોઈ કોરોનાનો કેસ સામે આવશે તો ત્યાંથી શરતો દ્વારા આપવામાં આવેલી છૂટ પણ પરત લેવામાં આવશે.

વડાપ્રધાને તેમના ભાષણની શરૂઆત કરતા કહ્યું કે, નમસ્તે મારા પ્યારા દેશવાસીઓ....ના સંબોધનની કરી હતી. તેમણે કહ્યું કે કોરોનાના વિરુદ્ધ ભારતની લડાઈ ઘણી મજબૂતાઈ સાથે આગળ વધી રહી છે. તમામ દેશવાસીઓની તપસ્યા અને ત્યાગના કારણે ભારત અત્યાર સુધી કોરોનાથી થનારા નુકસાનને ઘણી હદ

અનુ. પાના નં. ૬ પર

ભાવનગરના શિહોરમાં પ્રથમ પોઝિટિવ કેસ નોંધાયો

કોરાનો કહેરઃ વધુ નવા ૪૫ પોઝિટિવ કેસ સાથે આંકડો ૬૦૦ને પાર

અમદાવાદમાં સૌથી વધુ ૩૫૧ કેસ નોંધાયા, કુલ મૃત્યુઆંક ૨૬

ગાંધીનગર

રાજ્યમાં કોરોના કોહરામ આજના દિવસે પણ યથાવત રહ્યો છે. ગુજરાતમાં આજે કોરોના વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યા ૪૫ છે, જ્યારે એક વ્યક્તિને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપી ઘરે મોકલી દેવામાં આવ્યો છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધીના કુલ પોઝિટીવ દર્દીઓની સંખ્યા ૬૧૭ પર પહોંચી ગઈ છે.

કુલ દર્દીઓમાં ૯ની હાલત ગંભીર જણાતા તેઓ વેન્ટીલેટર પર છે, જ્યારે ૫૨૭ લોકો સ્ટેબલ છે. ગુજરાતમાં અત્યાર સુધી ૫૫ લોકોએ કોરોના સામેની લડાઈમાં જીત મેળવી છે એટલે કે તેમને ડીસ્ચાર્જ આપવામાં આવ્યો છે. જ્યારે કુલ મૃત્યુઆંક ૨૬નો છે.

રાજ્યમાં આજે કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓ વિશે જાણીએ તો અમદાવાદમાં આજે નવા ૩૧ કેસ સામે આવ્યા છે, જેમાં ૧૩ પુરુષો અને ૧૮ મહિલાઓનો સમાવેશ થાય છે. સુરતમાં નવા ૯ કેસમાં ૪ પુરુષ અને ૫ મહિલાઓ છે. ભાવનગરમાં નવો કેસ જેમાં એક પુરુષ છે. મહેસાણામાં નવા ૨ કેસ જેમાં બન્ને પુરુષો સંક્રમિત છે. દાહોદમાં એક નવો કેસ, ગાંધીનગરમાં ૧ એમ કુલ ૪૫ દર્દીઓ નોંધાયા છે. ગુજરાતમાં કોરોના વાયરસથી સંક્રમિત લોકોને શોધવા માટે ગત ૨૪ કલાક દરમિયાન કરેલા ટેસ્ટની વાત કરીએ તો ૧૯૯૬ ટેસ્ટ કરવામાં આવ્યા છે, તેમાં ૭૯ પોઝિટીવ અને ૧૯૧૭ નેગેટીવ આવ્યા છે. તેવી રીતે રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૧૪૯૮૦ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે, તેમાં ૬૧૭ લોકો કોરોના પોઝિટીવ અને ૧૪૩૬૩ લોકોનો રિપોર્ટ નેગેટીવ આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં કોરોના વાયરસનો ખતરો દિવસેને દિવસે વધી રહ્યો છે. તો બીજી બાજુ હોટસ્પોટ એરિયામાં પણ વધારો થઈ રહ્યો છે. ગુજરાતના ૨૦થી પણ વધુ જિલ્લાઓને કોરોના વાયરસે પોતાના સકંજામાં લઈ લીધો છે. ત્યારે આજે ભાવનગરના શિહોરમાં પ્રથમ પોઝિટીવ કેસ નોંધાયો છે. ભાવગરમાં પ્રથમ વખત કોરોના દેખાતા હડકંપ મચી જવા પામ્યો છે, આ સાથે જ હવે રાજ્યમાં કુલ ૫૭૩ પોઝિટિવ કેસનો આંકડો પહોંચી ગયો છે, જ્યારે ૨૬ના મોત અને ૫૪ દર્દી સાજા થતા ડિસ્ચાર્જ કરાયા છે.

કોરોના વાયરસ સ્વાઈન ફ્લૂથી ૧૦ ગણો ઘાતકઃ વિશ્વ આરોગ્ય સંસ્થા

વિશ્વભરમાં કોરોનાથી ૧.૨૦ લાખ લોકોના મોતઃ આજે દ.કોરિયામાં ચૂંટણી

દુનિયામાં વાયરસથી સંક્રમિતોનો આંકડો ૧૯ લાખને પાર, અમેરિકામાં કુલ ૫.૮૭ લાખ કેસ, ૨૩ હજાર ૬૪૦ લોકોના મોત,પોઝિટિવ કેસની સંખ્યા છ લાખની નજીક,બ્રિટનમાં ૨૪ કલાકમાં ૭૧૭ લોકોના મોત, કુલ મૃત્યુઆંક ૧૧ હજાર ૩૨૬,ચીન વિશ્વના વિવિધ દેશમાં કોરોનાનો ભોગ બનેલા પોતાના ૧૪૬૪ નાગરિકોને પરત લાવ્યું

ન્યૂયોર્ક

વિશ્વભરમાં કોરોના વાઈરસના ૧૯.૨૫ લાખ કેસ નોંધાઈ ચૂક્યા છે. ૧.૨૦ લાખ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૪.૪૫ લાખ લોકોને સારવાર પછી રજા આપવામાં આવી છે. ચીન વિશ્વના વિવિધ દેશમાં કોરોનાનો ભોગ બનેલલા પોતાના ૧૪૬૪ નાગરિકોને પરત લાવ્યું છે. દ. કોરિયામાં આવતીકાલે ચૂંટણી યોજાશે. મહામારીના કારણે ૪૭ દેશમાં ચૂટણી સ્થિગત કરાઈ છે.

સીએનએન મુજબ કોરોના વાઈરસની મહામારી વચ્ચે દક્ષિણ કોરિયામાં ૧૫ એપ્રિલે ૩૦૦ બેઠક ઉપર ચૂંટણી યોજાશે. ચૂંટણીને લઈને રાજધાની સિયોલમાં લોકોની ભીડ જોવા મળી રહી છે. દક્ષિણ કોરિયામાં ક્યારેય ચૂંટણી સ્થિગત થઈ નથી, કોરોનાની મહામારી વચ્ચે પણ તેને સ્થિગત નથી કરાઈ. શ્રીલંકા, બ્રિટન, ફ્રાન્સ અને ઈથિયોપિયા સહિત ૪૭ દેશમાં કોરોનાના કારણે

અનુ. પાના નં. ૬ પર

ગરીબોને ૪૦ દિવસ પોતાની વ્યવસ્થા કરવા માટે નોંધારા મૂકી દેવાયા

વડાપ્રધાન મોદીનુ ભાષણ ઉપરછલ્લુ અને ખોખલુઃ કોંગ્રેસ

ન્યુ દિલ્હી

પીએ મોદીએ લોકડાઉન વધારવાની કરેલી જાહેરાત બાદ કોંગ્રેસે મોદીના ભાષણને ખોખલુ અને ઉપરછલ્લુ ગણાવ્યુ છે.

કોંગ્રેસે કહ્યુ હતુ કે, પીએમ મોદીના ભાષણમાં નથી કોઈ રાહત પેકેજની વાત અને નથી ઈકોનોમીને ઉગારવા માટે કયા પ્રકારના પગલા ભરાશે તેની વાત. પૂર્વ નાણા મંત્રી અને કોંગ્રેસના નેતા પી.ચિદમ્બરમે કહ્યુ હતુ કે, ગરીબોને ૪૦ દિવસ પોતાની વ્યવસ્થા કરવા માટે નોધારા મુકી દેવાયા છે.

તેમણે કહ્યુ હતુ કે, પૈસા છે અને ભોજન પણ છે પણ સરકાર આપશે નહી. મારા દેશવાસીઓ તમે રડો.બીજી તરફ કોંગ્રેસના નેતા મનિષ તિવારીએ પણ કહયુ હતુ કે, લોકો તરફથી સરકારને શું આશા છે તે તો વડાપ્રધાને કહ્યુ પણ સરકાર લોકો માટે શું કરશે તે વાત નથી કરી.

કોંગ્રેસ પ્રવક્તા સૂરજેવાલાએ કહ્યુ હતુ કે, કોરોના સામે લડવા માટેનો રોડમેપ તો દેખાતો નથી.

અનુ. પાના નં. ૬ પર

CM રૂપાણી અને Dy.CM નીતિન પટેલ મળનારા MLA ખેડાવાલાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ, હોસ્પિટલમાં દાખલ થશે

સીએમ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ સેલ્ફ આઈસોલેશનમાં જશે? : અમદાવાદની સ્થિતિ પર CM રૂપાણીની ખેડાવાલા સહિત કોંગ્રેસના ૩ MLA સાથે મિટિંગ, Dy.CM અને ગૃહમંત્રી જોડાયા

અમદાવાદ

જમાલપુર-ખાડિયા બેઠકના કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ઈમરાન ખેડાવાલાએ આજે મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, ગૃહ રાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજા, ધારાસભ્ય શૈલેષ પરમાર અને ધારાસભ્ય ગ્યાસુદિન શેખ બેઠક કરી હતી. ખેડાવાલાને કોરોના થતા હવે મુખ્યમંત્રી રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજા, MLA ગ્યાસુદ્દીન શેખ અને MLA શૈલેષ પરમાર સેલ્ફ આઈસોલેશનમાં જશે?

મુખ્યમંત્રી સહિત અન્ય મંત્રીઓને ક્વોરન્ટીન કરવામાં આવી શકે

આજે બપોરે જ મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને ગૃહમંત્રી સાથે બેઠક કરી આવેલા કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા હવે મુખ્યમંત્રી સહિતના મંત્રીઓ કે જે ખેડાવાલા સાથે સંપર્કમાં આવ્યા હતા. તમામને ક્વોરન્ટીન કરવા પડે તેવી સંભાવના છે. ઈમરાન ખેડાવાલાની સાથે કોંગ્રેસના અન્ય બે ધારાસભ્યો શૈલેષ પરમાર અને ગયાસુદ્દીન શેખ એક જ કારમાં બેસીને આવ્યા હતા. આ ઉપરાંત ઈમરાન ખેડાવાલા કેટલાક પત્રકાર મિત્રો અને અધિકારીઓને પણ મળ્યા હતા. તેમજ મુખ્યમંત્રીએ લોકડાઉન અને અમદાવાદના કોટ વિસ્તારમાં

અનુ. પાના નં. ૬ પર



અમદાવાદમાં અત્યાર સુધી રાજ્યમાં સૌથી વધુ ૩૫૧ પોઝિટિવ કેસ નોંધાયા છે : અમદાવાદમાં આજે ૩૧ કેસો પૈકી ૧૩ પુરૂષ અને ૧૮ સ્ત્રી દર્દીઓ : લોકડાઉન લંબાવાતા પરપ્રાંતીય મજૂરો લોકડાઉનનો ભંગ કરે તેવી શક્યતા : સોશિયલ મીડિયામાં બીભત્સ અને ઉશ્કેરણીજનક લખાણ સામે સાઈબર ક્રાઈમ એક્ટિવ



પુષ્કરમાં, દેશવ્યાપી લોકડાઉન દરમિયાન એક વ્યક્તિ કપિરાજને ખવડાવે છે.

વડાપ્રધાને નવા વર્ષની શુભેચ્છા પણ આપી

સાથીઓ દેશના અલગ અલગ ભાગમાં અલગ અલગ તહેવારોનો પણ સમય ચાલી રહ્યો છે. આમ પણ ભારત ઉત્સવોથી ભરેલો દેશ છે. ઉત્સવ વચ્ચે ઝળહળતો દેશ છે. વૈશાખી જેવા તહેવાર સાથે ઘણા રાજ્યોમાં નવા વર્ષની શરૂઆત થઈ છે. લોકડાઉનના બંધન વચ્ચે દેશના લોકો જે પ્રકારે નિયમનું પાલન કરી રહ્યા છે. જેટલા સંયમથી પોતાના ઘરોમાં રહીને તહેવાર સાદગીથી ઉજવી રહ્યા છે, આ બધું ઘણું પ્રેરક અને પ્રશંસનીય છે. હું નવા વર્ષ પર તમારા અને તમારા પરિવારજનોના ઉત્તમ સ્વાસ્થ્યની મંગલ કામના કરું છું.

બાબાસાહેબને પણ યાદ કર્યા...

આજે ૧૪ એપ્રિલ બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિનો ઉલ્લેખ કરીને મોદીએ કહ્યું કે, આપણાં દેશના બંધારણમાં જે "વી ધ પીપલ ઓફ ઈન્ડિયા.."ની શક્તિની વાત કહેવામાં આવી છે, આ એ જ તો છે. બાબા સાહેબ ભીમરાવ આંબેડકરની જયંતી પર આપણે ભારતવાસીઓ તરફથી આપણી સામૂહિર શક્તિનું પ્રદર્શન અને સંકલ્પએ જ બાબા સાહેબને શ્રદ્ધાજંલિ છે. બાબા સાહેબનું જીવન આપણને દરેક પડકારને પોતાની સંકલ્પ શક્તિ અને પરિશ્રમના આધારે પાર કરવાની નિરંતર પ્રેરણા આપે છે. હું તમામ દેશવાસીઓ તરફથી બાબા સાહેબને નમન કરું છું.

કોરોના સામે વિજય મેળવવાના આ છે વડાપ્રધાને સુચવેલા સપ્તપદીના સાત વચનો..

૧) પોતાના ઘરના વૃદ્ધોનું વિશેષ ધ્યાન રાખો, એવા વ્યક્તિઓ જે બીમાર હોય તેમની સવિશેષ કાળજી લેવી જોઈએ..

૨) લોકડાઉનના કડક અમલમાં - સોશિયલ ડિસ્ટન્સિંગનું ધ્યાન રાખવાનું છે..

૩) કોરોના સામે લડવા રોગપ્રતિકારક શક્તિ વધારવા આયુષના દેશી ઈલાજના નુસ્ખા અજમાવો..

૪) કોરોના ઈન્ફેક્શન રોકવા માટે આરોગ્ય સેતુ મોબાઈલ એપ ડાઉનલોડ કરો..

૫) શક્ય હોય એટલું ગરીબ પરિવારની મદદ કરવી, તેમના ભોજનની જરૂરિયાત પૂરી કરો

૬) વ્યવસાય-ઉદ્યોગમાં સાથે કામ કરતાં લોકો પ્રત્યે સંવેદના રાખવી, કોઈને નોકરીમાંથી દૂર ના કરો..

૭) કોરોના સામે લડતાં યોદ્ધાઓ જેમ કે - ડોક્ટર, નર્સ, સફાઈ કર્મચારી, પોલીસોનું આદર સન્માન કરવું

ટ્રમ્પે ઈશારા-ઈશારામાં આપી ચેતવણી

વિશ્વ આરોગ્ય સંસ્થાને ખોટી જાણકારી આપવાના કારણે ચીને ખરાબ પરિણામ ભોગવવા પડશે

વોશિંગ્ટન

અમેરિકાનાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈશારા-ઈશારામાં કહ્યું છે કે કોરોના વાયરસને લઈને ઉઝ્ઁ અને આંતરરાષ્ટ્રિય સમુદાયને કથિત રીતે ખોટી જાણકારી આપવાનાં કારણે ચીને ખરાબ પરિણામો ભોગવવા પડશે. આ સંક્રમણ ચીનનાં વુહાન શહેરથી ફેલાવાનું શરુ થયું હતુ. કોરોના વાયરસે અત્યાર સુધી દુનિયામાં ૧,૧૯,૬૬૬ લોકોનો ભોગ લીધો છે અને લગભગ ૨૦ લાખ લોકો સંક્રમિત થયા છે.

વ્હાઈટ હાઉસમાં સોમવારનાં એક સંવાદદાતા સંમેલનમાં એક પત્રકારે ટ્રમ્પને વારંવાર પ્રશ્ન કર્યો કે આનાં માટે ચીન કોઈ પરિણામ કેમ નથી ભોગવી રહ્યું? જેના જવાબમાં ટ્રમ્પે કહ્યું કે, "તમને કઈ રીતે ખબર કે આના કોઈ ખરાબ પરિણામો નથી?" આના પર વારંવાર પ્રશ્ન થતા ટ્રમ્પે કહ્યું કે, "હું તમને કેમ જણાવું. ચીનને ખબર પડી જશે. હું તમને કેમ જણાવું."

ચીનની વિરુદ્ધ અમેરિકી સાંસદોની ટિપ્પણીઓની વચ્ચે ટ્રમ્પે કહ્યું કે, "તમને ખબર પડી જશે." સીનેટર સ્ટીવ ડેન્સે ટ્રમ્પને પત્ર લખીને અપીલ કરી કે અમેરિકી સરકાર ચીન પર મેડિકલ સુવિધાઓ અને ઈક્વિપમેન્ટની નિર્ભરતા પૂર્ણ કરે અને અમેરિકામાં દવાઓ બનાવવા સંબંધિત નોકરીઓ પરત લઈને આવે. રિપબ્લિકન પાર્ટીનાં ૪ સાંસદોએ પણ ચીન પર નિર્ભરતા ઓછી કરવા માટે સોમવારનાં રજૂઆત કરી હતી.

અમેરિકાને ફરી ખુલ્લુ કરવાની તૈયારી

ટ્રમ્પે કહ્યું કે, તેઓ દેશને ફરી ખોલવાની યોજનાની ઘણા નજીક છે. કોરોના વાયરસનાં કહેરને જોતા દેશમાં ૩૦ એપ્રિલ સુધી સામાજિક અંતર બનાવવા માટે દિશા-નિર્દેશ અપાયા છે. આ ઘાતક વાયરસથી ૯૫ ટકાથી વધારે વસ્તી પ્રભાવિત થઈ છે. ટ્રમ્પે કહ્યું કે, "હું મારી ટીમ અને ટોચનાં નિષ્ણાતો સાથે આના પર વાતચીત કરી રહ્યો છું અને અમે દેશને ફરી ખોલવાની યોજનાને પૂર્ણ કરવાની ઘણા નજીક છીએ. આશા છે કે આવું નિર્ધારિત સમયથી પહેલા હશે, જે ઘણું જ મહત્વપૂર્ણ છે."

મહારાષ્ટ્રમાં મૃત્યુનો આંકડો ૧૬૦એ પહોંચ્યો

કોરોના વાયરસથી મરનાર દર ત્રીજો વ્યક્તિ મુંબઈથી

ન્યુ દિલ્હી

કોરોના વાયરસનાં કેસ દુનિયાભરમાં વધી રહ્યા છે. ભારતમાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ૧૦ હજારથી વધારે થઈ ગઈ છે, જ્યારે ૩૩૯ લોકોનાં અત્યાર સુધી મોત થયા છે. દેશમાં કોરોના સંક્રમણ સૌથી વધારે મહારાષ્ટ્રમાં ફેલાઈ રહ્યું છે. મહારાષ્ટ્રમાં કોરોનાનાં કેસ વધીને ૨૩૩૪ થઈ ગયા છે અને મરનારા લોકોનો આંકડો ૧૬૦ સુધી પહોંચી ગયો છે, જેમાંથી ૧૦૧ લોકોનાં મોત ફક્ત મુંબઈમાં થયા છે.

મુંબઈમાં અત્યાર સુધી ૧૫૪૦ કોરોના વાયરસનાં કેસ છે. સોમવારનાં મહારાષ્ટ્રમાં કુલ ૩૫૨ કેસ સામે આવ્યા છે, જેમાંથી ૨૪૨ નવા કેસ મુંબઈથી છે. તો સોમવારનાં કોરોના સંક્રમણનાં કારણે પ્રદેશમાં ૧૧ લોકોનાં મોત થયા છે, જેમાં ૯ લોકો મુંબઈથી છે. આ રીતે જોવા જઈએ તો દેશમાં કોરોનાથી મરનારો દર બીજો વ્યક્તિ મહારાષ્ટ્રથી અને ત્રીજો વ્યક્તિ મુંબઈથી છે. આવામાં મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેની સામે કોરોનાને કાબૂ કરવાનો મોટો પડકાર છે.

દેશની આર્થિક રાજધાની મુંબઈ કોરોના વાયરસનાં સંક્રમણનું કેન્દ્ર બની ગઈ છે. મુંબઈને ચીનનાં વુહાન શહેરની માફક કોરોના સંક્રમણનું હોટસ્પોટ કહેવામાં આવી રહ્યું છે. કોરોના દર્દીઓની સંખ્યા મુંબઈમાં ઘણી જ વધી રહી છે અને દર્દીઓની મોતની સંખ્યા પણ સર્વાધિક છે. મહારાષ્ટ્ર સરકારની મુશ્કેલીઓ વધી રહી છે, કેમકે આ વાયરસ ધીરેધીરે ઝુંપડપટ્ટીઓમાં ફેલાતો જઈ રહ્યો છે. એશિયાની સૌથી મોટી ઝુંપડપટ્ટી કહેવામાં આવતી ધારાવી ઉપરાંત હવે કોરોના સંક્રમણનું કેન્દ્ર બાન્દ્રા ટર્મિનસની અડીને આવેલું બેહરામપાડા અને કુર્લાની જરીમરી વગેરે ઝુંપડપટ્ટીઓ સુધી ફેલાયો છે.

કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ દેશને સંબોધન કર્યું

કોરોના સામેની લડાઈમાં દરેક ભારતીય એક, કોંગ્રેસ પણ સરકારની સાથેઃ સોનિયા ગાંધી

કોરોના સંકટથી ઉગરવામાં આપ સૌ આ લડાઈમાં ઊભા છો તેનાથી મોટી દેશભક્તિ બીજી શું હોઈ શકે,એકતા, અનુશાસન અને આત્મબળના ભાવથી કોરોનાને હરાવીશું, ક્યારેય હાર નહીં માનીએ

ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાષ્ટ્રજોગ સંબોધનના ત્રણ કલાક અગાઉ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ દેશને સંબોધતો એક વીડિયો સંદેશ રજૂ કર્યોછે. કોંગ્રેસે ટ્વિટર હેન્ડલ પર શેર કરેલા આ વિયોમાં સોનિયા ગાંધીએ કોરોના સંકટમાં ડોકટર્સ, સ્વચ્છતાકર્મીઓ, પોલીસ સહિત સરકારી અધિકારીઓની ફ્રન્ટલાઈન પર કામગીરીથી સૌથી મોટી દેશભક્તિ બીજી કોઈ નથી તેમ જણાવ્યું છે. તેમણે વિશ્વાય વ્યક્ત કર્યો કે એકતા, અનુશાસન અને આત્મબળના ભાવથી દેશ કોરોનાને પરાજીત કરશે.

સોનિયા ગાંધીએ જણાવ્યુંકે, 'આજે કોરોના સંકટથી ઉગરવામાંઆપ સૌઆ લડાઈમાં ઊભા છોતેનાથી મોટી દેશભક્તિ બીજી શું હોઈ શકે. અમે આ કપરા સમયમાં તમારા પરિવારજનો, પતિ, પત્ની, બાળકો, માતા-પિતાના ત્યાગ અને બલિદાનને ક્યારેય નહીં ભૂલી શકીએ.' જોખમો વચ્ચે પણ તમારા સહયોગ અને સમર્પણથી તમેઆ લડાઈ લડી શકોછો. આ લોકોને ધન્યાવાદ આપવા માટે મારી પાસે શબ્દો નથી.

વ્યક્તિગત સુરક્ષાના અભાવ વચ્ચે પણ આપણા યોદ્ધાઓ આ લડાઈ જીતવા માટે દિન-રાત એક કરી રહ્યા છે. આપણા ડોક્ટર, સ્વચ્છતા કર્મીઓ અને સમાજસેવી સંગઠનો વ્યક્તિગત સુરક્ષા સાધનોની અછત વચ્ચે પણ લોકોની સારવાર કરી રહ્યા છે. પોલીસ અને જવાનો ચોકી પહેરો કરી નિયમોનું પાલન કરાવી રહ્યા છે. સફાઈ કર્મચારીઓ આ મુશ્કેલ સમયમાં સંશાધનોની અછત છતા પણ સંક્રમણ ફેલાતું રોકવા માટે સતત સફાઈ જાળવી રહ્યા છે. સરકારી અધિકારી ૨૪ કલાક આ વાયરસ પર નિયંત્રણ મેળવવા અને લોકો સુધી સુવિધાઓ પહોંચાડવા માટે મહેનત કરી રહ્યા છે પરંતુ તમારા સહયોગ વગર આ લડાઈ નબળી પડી શકેછે અનેઆપણે તેમ થવા નહીં દઈએ, તેમ સોનિયા ગાંધીએ જણાવ્યું હતું.

કેટલાક સ્થળે ડોક્ટર્સ સાથે દુર્વ્યવહારનો ઉલ્લેખ કરતા સોનિયા ગાંધીએ જણાવ્યું કે, આ ખોટું છે કારણ કે આમ કરવું તે આપણી સભ્યતા અને સંસ્કૃતિ નથી. આપણે આ લોકોનું સમ્માન કરવું જોઈએ. દેશ અત્યારે એક થઈને કોરોના સામેની જંગ જીતવા પ્રયાસ કરી રહ્યો છે. લોકસેવા કરી રહેલા તમામ લોકો ધન્યાવાદને પાત્ર છે.

કોંગ્રેસનો દરેક કાર્યકર દેશના મુશ્કેલ સમયમાં પોતાની જવાબદારી સમજીને આ યોદ્ધાઓની મદદ કરવા માટે હંમેશા તૈયાર છે. મદદ માટે લોકો અમારા મધ્યસ્થ કંટ્રોલ રૂમનો સંપર્ક કરી શકેછે. કોંગ્રેસન સૈનિક સંભવિત તમામ મદદ કરશે. કોંગ્રેસ સરકારમાં હોય અથવા વિપક્ષમાં તેતમામ પળે મદદ માટે તત્પર છે. અમને વિશ્વાસ છે કે દેશ વહેલી તકે આ સંકટમાંથી બહાર આવી જશે.

દુબઈ એરપોર્ટમાં ૧૯ ભારતીય ત્રણ અઠવાડિયાંથી અટવાયા

દુબઈ

અહીંના વિમાનમથક ખાતે ૧૯ ભારતીય ત્રણ અઠવાડિયાંથી અટવાઈ ગયા છે અને સ્વદેશ પાછા ફરવા માટે બહુ જ અધીરા બન્યા છે. કોરોના વાઈરસના રોગચાળાને લીધે ભારતે આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક ફ્લાઈટ્સ બંધ કરી દીધી હોવાથી આ ભારતીયો અટવાઈ ગયા છે. આ ભારતીયો વિમાનમથક ખાતે જ ઘણો સમય રોકાયા હતા, પરંતુ તેઓના કોરોના વાઈરસ માટેના ટેસ્ટ નેગેટિવ આવતા તેઓને દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ હોટેલમાં લઈ જવાયા હતા.

અગાઉ, દુબઈમાંના આ ભારતીયોમાંના એક ૩૭ વર્ષીય અરુણ સિંહની અમદાવાદ જતી ૨૨મી માર્ચની અમીરાતની ફ્લાઈટ છૂટી ગઈ હતી.

યુએઈ બૅંકના આઈટી વિભાગના કર્મચારી અરુણ સિંહે જણાવ્યું હતું કે હું વિમાનમથકે ઊંઘવાનું અને ખાવાનું જ કામ કર્યા કરતો હતો. મને હવે વિમાનમથકની હોટેલમાં રખાયો છે, પરંતુ અમે સ્વદેશમાંના ઘરે જવા માટે બહુ જ અધીરા છીએ.

અરુણ સિંહ પાસે સંયુક્ત આરબ અમીરાત (યુએઈ)ના રેસિડન્સી વિઝા છે, પરંતુ તેની વિઝાના સસ્પેન્શનને કારણે તે વિમાનમથકેથી બહાર નીકળી નહોતો શકતો.

અહીં ૧૮મી માર્ચથી અટવાયેલા દીપક ગુમાએ જણાવ્યું હતું કે નવી દિલ્હીમાં મારી પત્ની ગર્ભવતી છે અને મને તેની ચિંતા થયા કરે છે.

સરકારે તરત જ શરૂ કરી કામગીરી, વિરોધીઓને જવાબ

ન્યુ દિલ્હી

વડાપ્રધાને કહ્યું કે, આજે આખા વિશ્વમાં કોરોના મહામારીની જે સ્થિતિ છે, આપણે સૌ તેનાથી પરિચિત છીએ. અન્ય દેશોની સરખામણીમાં ભારતે જે પ્રકારે સંક્રમણ રોકવાનો પ્રયાસ કર્યો છે. આપ સૌ તેના સહભાગી અને સાક્ષી પણ છો. જ્યારે આપણા દેશમાં કોરોનાનો એક પણ કેસ ન હતો, એ પહેલા પણ ભારતે કોરોના પ્રભાવિત દેશોમાં આવતા જતા યાત્રિઓની એરપોર્ટ પર સ્ક્રિનીંગ શરૂ કર્યું હતું. કોરોનાના દર્દી ૧૦૦ સુધી પહોંચ્યા, એ પહેલા જ ભારેત વિદેશથી આવેલા દરેક યાત્રિ માટે ૧૪ દિવસનું આઈસોલેશન ફરજીયાત કરી દીધું હતું. મોલ, થિયેટર, ક્લબ, જીમ બંધ કરી દેવાયા હતા. જ્યારે આપણી દેશના કોરોનાના માત્ર ૫૫૦ કેસ હતા, ત્યારે ભારતે ૨૧ દિવસના સંપૂર્ણ લોકડાઉનનું મહત્વનું પગલું ભર્યું હતું. ભારતે સમસ્યા વધવાની રાહ નહોતી જોઈ. પરંતુ જેવી જ સમસ્યા જોવા મળી, ફટાફટ નિર્ણય લઈને તેને રોકવાના પ્રયાસ શરૂ કરી દીધા. આ એવું સંકટ છે, જેમાં કોઈ પણ દેશની તુલના કરવી યોગ્ય નથી. તેમ છતા આપણે અમુક સત્યને નકારી ન શકીએ. આ પણ એક સત્ય છે કે દુનિયાના મોટા મોટા દેશોમાં કોરોનાના આંકડા જોવામાં આવે તો તેમની સરખામણીએ ભારત હજુ સારી સ્થિતિમાં છે.

ઍમ્બ્યુલન્સ ડ્રાઇવરે ભાગીને બચાવ્યો જીવ

રાંચીમાં કોરોના સંક્રમિતોને લેવા પહોંચી ટીમ પર પથ્થરો-ઈંટોથી હુમલો

રાંચી

ઝારખંડમાં કોરોના વાયરસના સંક્રમણને લઈને હૉટ સ્પૉટ બનેલા પાટનગર રાંચીના હિંદપીઢી વિસ્તારના લોકોએ કોરોના વોરિયર્સ પર પ્થ્થર અને ઈંટો વરસાવી. મળતી જાણકારી મુજબ, આ વિસ્તારમાં ત્રણ લોકો કોરોના પોઝિટિવ હોવાની સૂચના મળી હતી. ત્યાબાદ ૧૩ એપ્રિલની રાત્રે સ્વાસ્થ્ય વિભાગની ટીમ હિંદપીઢી ગઈ. આ દરમિયાન તેમની સાથે સુરક્ષા માટે પોલીસ ટીમ પણ હાજર હતી. આ ટીમને સ્થાનિક લોકોના ભારે વિરોધનો સામનો કરવો પડ્યો. સૂત્રો મુજબ, કુર્બાન ચોકના લોકોએ લાઈટ બંધ કરીને કોરોના સંક્રમિતોને હૉસ્પિટલ લઈ જવા માટે આવેલી ટીમ પર હુમલો કર્યો. આક્રોશિત લોકોનું કહેવું હતું કે અડધી રાત્રે કોરોના પીડિતોને લઈ જવું યોગ્ય નથી, તેના માટે કોઈ સમય નિર્ધારિત થવો જોઈએ.



મૂળે, કોરોના સંદિગ્ધોને લેવા ગયેલી ચાર ઍમ્બ્યુલન્સ અને તેની સુરક્ષામાં અનેક પીસીઆર વાન અને સ્વાસ્થ્યકર્મીઓ પર ઈંટ-પથ્થરોથી હુમલો કરવામાં આવ્યો. એક ઍમ્બ્યુલન્સને તોડી દેવામાં આવી. હિંદપીઢીના લોકોનું આક્રમણ વલણ જોઈ ઍમ્બ્યુલન્સ ડ્રાઇવર અનિલે પોલીસ સ્ટેશનમાં છુપાઈને પોતાનો જીવ બચાવ્યો. બીજી તરફ, પોલીસ દળને પણ પાછીપાની કરવી પડી.

કોરોનાના દર્દીઓની વધતી સંખ્યાને કારણે છેલ્લા ત્રણ દિવસથી સમગ્ર હિંદપીઢીને સીલ કરી દેવામાં આવ્યો છે. સ્વાસ્થ્ય વિભાગ અને નગર નિગમની ટીમ દિવસ-રાત હિંદપીઢીને કોરોના મુક્ત કરવા અને સ્વાસ્થ્ય સેવાઓને ઉપલબ્ધ કરાવવામાં લાગી છે, પરંતુ આ દરમિયાન સ્વાસ્થ્યકર્મીઓની સાથે અભદ્રતાની અનેક ઘટનાઓ બની રહી છે.

રિપબ્લિકન ડોનર સ્ટેનલી ચેરાનું કોરોના વાયરસથી નિધન



વોશિંગ્ટન

ન્યૂ યૉર્ક શહેરના રિયલ એસ્ટેટ ડેવલપર અને રિપબ્લિકન ડોનર તથા કાઉન એક્વિઝિશનના કો- ફાઉન્ડર સ્ટેનલી ચેરાનું કોરોના વાયરસને લીધે નિધન થયું છે. તેમના નજીકના સૂત્રોએ આ માહિતી એક મીડિયા કંપનીને આપી હતી. તેઓ ૭૦ વર્ષના હતા. વિશ્વના સૌથી મોટા બિઝનેસમેનોમાંના એક અને ન્યૂ યૉર્કના રિયલ એસ્ટેટના સૌથી મોટા પ્રતિષ્ઠિત બિઝનેસમેન સ્ટેનલી ચેરાનું કોરોનાને લીધે મોત નિપજ્યું છે. સ્ટેનલી ડોનાલ્ડ ટ્રમ્પના મિત્ર પણ હતા. તેમજ તેમના જમાઈના બિઝનેસ પાર્ટનર પણ હતા.ચેરીના મોત પર ટ્રમ્પે શોક વ્યક્ત કર્યો છે. ચેરાને કોરોના વાયરસને લીધે ૨૪ માર્ચના રોજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ચેરા કોરોનાને લીધે કોમામાં જતા રહ્યા હતા. તેમના મોત પર ટ્વીટ કરતા ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે મારી સહાનુભૂતિ મારા પ્રિય સ્વર્ગીય મિત્રચેરી અને તેના પરિવાર માટે છે. તેઓ બહું ધાર્મિક, સારા બિઝનેસમેન તથા અદ્ભૂત મિત્ર હતા. હું તેમને બહુ મિસ કરીશ.

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચ - સુરતથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

અખબાર (સા.)

R.N.I. NO. GUJ.GUJ.2004/15636
Gujarat Govt.accrr.no WE0335001
ISO:9001-2015 : 1718Q27021115

13, Pritamnagar Society, No. 1, Kasak, Bharuch
Office : 9904733000, 9978406923
Surat Office : 7574888861
Email : jung_e_gujarat@yahoo.com
Web Site : www.jungejugarat.in

હાલની કપરી પરિસ્થિતિમાં અન્ન દાન એક શ્રેષ્ઠ દાન છે માટે હું ધનંજય ઝવેરી તંત્રી જંગ એ ગુજરાત અખબાર આપ સૌ ને અમારા તરફથી શરૂ થયેલ આ અન્નદાન ના મહાયજ્ઞ માં આપનો સહકાર જરૂરી છે તો સહભાગી બનવા વિનંતી

ફોનપે/ ગુગલપે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫

Dhananjay U. Zaveri
Act No. 10373843634
State Bank of India
Ifsc code SBIN0009164
Pritam nagar Branch, Bharuch 392002

આપનો વિશ્વાસુ
(ધનંજય ઝવેરી)
ના સ્નેહ વંદન

Surat Office : 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, Surat.

લોકડાઉન દરમ્યાન સરકારે દલિતો, ગરીબોની અવગણના કરીઃ માયાવતીનો આરોપ

લખનૌ

બસપા સુપ્રીમો માયાવતીએ બાબા સાહેબની ૧૨૯ મી જન્મજયંતિ નિમિત્તે એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. તેમણે કહ્યું કે, બસપા બાબા સાહેબ (ભીમ રાવ આંબેડેકર) નાં સપના પૂરા કરી રહી છે. બાબા સાહેબે દલિતોને તેમના કાયદાકીય અધિકાર અપાવ્યા. બાબા સાહેબે સમગ્ર જીંદગી ગરીબોની સેવા કરી. આ સાથે તેમણે કોરોના રોગચાળાને લઈને યોગી સરકાર પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે લોકડાઉનમાં દલિતોની હાલત સૌથી ખરાબ છે. સ્થળાંતર કરવામાં સૌથી વધુ દલિતો અને આદિવાસીઓ છે. રાજય સરકાર પર નિશાનો સાધતા તેમણે કહ્યું કે, સરકારે સ્થળાંતર રોકવાનો પ્રયાસ કર્યો નથી.

જો કે સરકાર મારી અપીલ કરવામાં મદદ કરી રહી છે. વળી, માયાવતીએ પણ સરકારને સમર્થન આપતાં કહ્યું હતું કે, જો લોકડાઉન વધે તો બસપા તેનું સમર્થન કરશે. તેમણે કહ્યું હતું કે, લોકડાઉન દરમિયાન દલિતો અને ગરીબોની રાજય સરકારો દ્વારા અવગણના કરવામાં આવી હતી. સરકારોએ આ માટે કોઈ વ્યવસ્થા કરી ન હોતી. જેના કારણે આ વિભાગનાં લોકોએ તેમના ઘરે ભાગવું યોગ્ય માન્યું. આ પછી, સરકારો તેમને ટ્રક અને બસો દ્વારા આશ્રયસ્થાનમાં પરિવહન કરતી લઇ ગઈ. તેમણે કહ્યું કે કોરોનાને કારણે દલિતો અને ગરીબોની હાલત દયનીય બની છે. માયાવતીએ કેન્દ્ર સરકારને લોકડાઉન દરમિયાન કામદારોની સંભાળ રાખવા અપીલ કરી હતી.

એમ્સમાં અનોખો કેસ! કોરોના પોઝિટિવ ડૉક્ટર માતા બની, પણ બાળકને સંક્રમણ નહીં

ન્યુ દિલ્હી

કોરોના વાયરસ જ્યારે દુનિયાભરમાં કહેર વરસાવી રહ્યો છે તયારે તેનાથી જોડાયેલા કેટલાક સમાચાર પણ આવી રહ્યા છે જે આશા ઊભી કરે છે. આવા જ એક સમાચાર દિલ્હીની એઇમ્સથી આવ્યા છે. થોડાક દિવસ પહેલા ડૉક્ટર દંપતી કોરોના પોઝિટિવ હોવાનું સામે આવ્યું હતું. બંનેને આઇસોલેટ કરી દેવામાં આવ્યા હતા. એક દિવસ બાદ જ મહિલા ડૉક્ટરે બાળકને જન્મ આપ્યો. માનવામાં આવી રહ્યું હતું કે બાળક પણ કોરોના પોઝિટિવ હોઈ શકે છે પરંતુ તેનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે.

આ પ્રકારનો દેશનો આ પહેલો મામલો છે, જયાં કોવિડ-૧૯ માતાએ બાળને જન્મ આપ્યો છે. ડૉક્ટર તેને ભવિષ્ય માટે સકારાત્મક સંકેત માની રહ્યા છે કે બાળકોને સંક્રમણ નથી. ડૉક્ટર નીરજા ભાટલાએ જણાવ્યું કે, બાળકનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. જોકે, માતામાં પણ હજુ આ વાયરસના લક્ષણ નથી દેખાયા પરંતુ તેમનો રિપોર્ટ પોઝિટિવ છે. અમે તમામ તકેદારી રાખી રહ્યા છીએ કે બાળકને આ સંક્રમણ ન થાય. ડૉક્ટર નીરજાએ કહ્યું કે, આ પોતાની રીતનો ભારતમાં પહેલો મામલો છે. અમે બધા તેનાથી ઘણું શીખી અને સમજી રહ્યા છીએ. અમે દરેક એવી તકેદારીનો રેકોર્ડ રાખી રહ્યા છીએ જે આ બાળકના જન્મથી લઈને અત્યાર સુધી અપનાવવામાં આવી છે. તે ભવિષ્ય માટે ઉપયોગી થઈ શકે છે.

ચારધામ યાત્રા પર કોરોના વાયરસની અસર, ૯૦% લોકોએ બુકિંગ રદ્દ કરાવ્યુ

દહેરાદૂન

કોરોના વાયરસની અસર ચારધામ યાત્રા પર પણ પડી છે. વૈશાખીના પર્વ પર ઉખીમઠ સ્થિત ભગવાન ઓંકારેશ્વર મંદિરમાં પંચાંગ મુજબ દ્વિતીય કેદાર ભગવાન મધ્યમેશ્વર અને તૃત્યી કેદાર ભગવાન તુંગનાથ ધામના કપાટ ખોલવાની તિથિ જાહેર કરવામાં આવી. દ્વિતીય કેદાર ભગવાન મધ્યમેશ્વરના કપાટ ૧૧મે અને તૃતીય કેદાર ભગવાન તુંગનાથ ધામના કપાટ ૨૦મેના રોજ ભક્તોના દર્શનાર્થે ખુલશે.

ભગવાન મધ્યમેશ્વરના કપાટ આ વર્ષે ૧૧ મે બપોરે ૧૨ વાગ્યે ખુલશે. ઉત્તરાખંડના ચારધામ યમુનોત્રી, ગંગોત્રી, કેદારનાથ, બદ્રીનાથ, ભવિષ્ય બદ્રી અને તુંગનાથ સહિતના કેટલાક મંદિરો એવા છે, જેના કપાટ ધાર્મિક અને પૌરાણિક માન્યતાઓને લઈને શરદ ઋતુમાં બંધ કરી દેવામાં આવે છે. ત્યારબાદ ગ્રીષ્મ ઋતુમાં એક નક્કી કરેલી તિથિ પર તેને શ્રદ્ધાળુઓના દર્શન માટે ખોલવામાં આવે છે.આ વખતે કોરોના વાયરસના સંક્રમણના ખતરાને જોતાં જાહેર કરાયેલા લોકડાઉનના કારણે આ પ્રસિદ્ધ મંદિરોના દ્વાર ખોલવા અંગે મૂંઝવણભરી સ્થિતિ છે. મંદિરોને ખોલવાની શક્યતાઓને લઈને ઉત્તરાખંડના પર્યટન અને સંસ્કૃતિ મંત્રી સતપાલ મહારાજે પોતાના દહેરાદૂન સ્થિત નિવાસસ્થાનથી રાજ્યના અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સથી વાતચીત કરીને સમીક્ષા કરી હતી.

વોડકા કોરોનાની દવા, કોઈ નહીં મરેઃ બેલારુસના રાષ્ટ્રપતિનો બફાટ

મિન્સ્ક

વિશ્વ આખું કોરોના મહામારીનો સામનો કરી રહ્યું છે. વૈગ્યાનિકો કોરોના માટે વિવિધ દવાઓના સંશોધનો કરી રહ્યા છે. હાલમાં લોકડાઉન એ જ અક્સિર ઈલાજ વચ્ચે કોરોના માટે મેલેરિયાની દવાઓ પણલોકોને આપી સાજા કરવામા આવી રહ્યા છે. પરંતુ કોરોનાની એક ચોક્કસ દવા નથી. કોરોનાના વિવિધ મંતવ્યો વચ્ચે બેલારૂસના રાષ્ટ્રપતિએ કોરોના વાયરસ સામે લડવું હોય તો વોડકા પીવો. તેમણે એવો વિચિત્ર દાવો કર્યો હતો. વોડકાને કોરોના વાયરસ માટેની દવા ગણાવનારા બેલારૂસના રાષ્ટ્રપતિએ બીજો એક વિચિત્ર દાવો કર્યો હતો. એલેક્ઝાંડર લુકાશેન્કોએ કહ્યું છે કે તેમના દેશમાં કોરોનાથી કોઈનું મોત નીપજ્યું નથી કે પછી કોઈ પણ મરી જશે. જો કે, બેલારુસમાં સત્તાવાર કોરોના વાયરસનાં મોત બે ડઝનથી વધુ છે. તદુપરાંત એલેક્ઝાંડરે કોરોના વાયરસ વિશે કહ્યું છે કે વોડકા પીવાથી, ટ્રેક્ટર ચલાવવાથી, બકરીઓ સાથે રમવાથી આ રોગ મટી જાય છે.

બ્રિટીશ મીડિયામાં, એલેક્ઝાંડરને તાનાશાહ કહેવામાં આવે છે. એલેક્ઝાંડર પર એવો પણ આરોપ છે કે ડોકટરો અને માનવાધિકાર કાર્યકર્તાઓની ચેતવણીઓને નજરઅંદાજ કરી રહ્યો છે. વાયરસને ગંભીરતાથી ન લેવાનો પણ આરોપ છે. આના લીધે બેલારૂસમાં મોટી સંખ્યામાં મૃત્યુનું કારણ બની શકે છે.

લોકડાઉન ૩મે સુધી જ કેમ...??

પીએમ મોદીએ ૩ મે સુધીના લોકડાઉનની જાહેરાત કરી છે ત્યારે એવો સવાલ પણ થઈ રહ્યો છે કે, ૩ મે જ કેમ. કારણકે કેટલાક રાજ્યો ૩૦ એપ્રિલ સુધીના લોકડાઊનની જાહેરાત કરી ચુક્યા છે.

આની પાછળનુ ગણિત એવુ છે કે, ૩ મે સુધી લોકડાઉન વધારવાનો વિચાર રાજ્યોનો પણ છે. કારણકે ૧ મેના દિવસે લેબર ડેની રજા છે અને એ પછી ૨ અને ૩ મેના રોજ શનિવાર અને રવિવારની રજા આવે છે. બીજી એક ગણતરી એવી પણ છે કે, કોરોનાના લક્ષણ દેખાતા ૭ થી ૧૪ દિવસનો સમય લાગે છે. આમ સરકારે ૩૦ એપ્રિલ એટલે કે ૧૬ દિવસની જગ્યાએ તકેદારી ખાતર બીજા ૩ દિવસ પણ જોડી દીધા છે. જેથી દર્દીઓની તસવીર સ્પષ્ટ થઈ શકે.

રેલવેએ તમામ પ્રવાસી ટ્રેનો ૩ મે સુધી સ્થગિત રાખી

ન્યુ દિલ્હી

૧૪મી એપ્રિલે મંગળવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકડાઉનને લઈને દેશવાસીઓને સંબોધન કર્યું. પીએમ મોદીએ લોકડાઉન ૨.૦ની જાહેરાત કરી અને કહ્યું કે, હવે દેશમાં ત્રણ મે સુધી લોકડાઉન ચાલું રહેશે. આ બાદ ભારતીય રેલવેએ ૩જી મે સુધી પોતાની પેસેન્જર ટ્રેનો રદ કરી છે. રેલવેના અધિકારીએ તેની જાણકારી આપતા કહ્યું કે, રેલવેએ ૩ મે સુધી પોતાની બધી પેસેન્જર સેવા બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. જલ્દી જ તેના પર વિસ્તૃત જાણકારી આપવામાં આવશે. આ પહેલા પેસેન્જર ટ્રેનોને ૧૪ એપ્રિલની રાત સુધી રદ કરવામાં આવી હતી.

રેલવે મંત્રાલય તરફથી અપાયેલી જાણકારી મુજબ પ્રીમિયમ ટ્રેન, મેલ/એક્સપ્રેસ ટ્રેન, પેસેન્જર ટ્રેન, કોલકાતા મેટ્રો રેલ, કોંકણ રેલવે વગેરે ૩ મે સુધી રદ કરી દેવામાં આવી છે. હવાઈ સેવાઓની વાત કરીએ તો હાલમાં ૩૦ એપ્રિલ સુધી તેને બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. બની શકે કે ટ્રેન રદ કરવાના નિર્ણય બાદ હવે હવાઈ સેવાઓને પણ ૩મે સુધી રદ કરવાનો નિર્ણય લેવામાં આવે. જોકે આ સંદર્ભમાં અત્યાર સુધી કોઈ ઔપચારિક પુષ્ટિ કરવામાં આવી નથી.

તમામ ફ્લાઇટ ૩મે સુધી રદ્દઃ ઉડ્ડયન મંત્રાલય

પીએમ મોદીના એલાન બાદ સિવિલ એવિએશન મંત્રાલય તરફથી બધી ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ બંધ રાખવાનુ એલાન કરવામાં આવ્યુ છે. મંત્રાલયના જણાવ્યા મુજબ બધી ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ પણ ૩ મેની રાતે ૧૧ વાગીને ૫૯ મિનિટ સુધી બંધ રહેશે. આ પહેલા બધી ઉડાનો ૧૪ એપ્રિલ સુધી બંધ હતી પરંતુ હવે લૉકડાઉન પાર્ટ ૨ના એલાન બાદ ફ્લાઈટ પણ બંધ રહેશે.

કોરોના સંકટઃ ભારતમાં ફસાયેલા વિદેશી નાગરિકોના વિઝા ૩૦ એપ્રિલ સુધી લંબાવાય

ન્યુ દિલ્હી

ભારતમાં કોરોનાના કેરને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લૉકડાઉનની સમયમર્યાદા ફરી એકવાર વધારી દીધી છે, બીજી સમયમર્યાદામાં ૩ મે સુધી દેશને લૉકડાઉનમાં રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. આવા સમયે સરકારે વિદેશી નાગરિકોનો પણ ખ્લાય રાખ્યો છે.

ભારત સરકારે કોવિડ-૧૯ના કારણે ભારતમાં ફસાયેલા વિદેશી નાગરિકોના નિયમિત વિઝા અને ઈ-વિઝા ૩૦ એપ્રિલ સુધી વધારવાનો નિર્ણય લીધો છે. ગૃહ મંત્રાલયે આ વાતની જાણકારી આપી હતી. ખાસ વાત છે કે દેશમાં ૨૪ માર્ચથી પ્રથમ લૉકડાઉનની જાહેરાત કરવામાં આવી હતી, હવે બીજા લૉકડાઉનને ૩ મે સુધી વધારી દેવામાં આવ્યુ છે, આવામાં કેટલાય વિદેશની નાગરિકો ભારતમાં ફસાયેલા છે. આ તમામના વિઝાની સમયમર્યાદને એક્સટેન્ડ કરવામાં આવી છે.

રાજસ્થાન સરકારે સેવાકાર્ય કરતી વખતે સેલ્ફી લેવા પર પ્રતિબંધ મૂક્યો

જયપુર

લોકડાઉન વચ્ચે ગરીબો માટે બે ટંકા ખાવાના ફાંફા પડી ગયા છે. સરકાર તો પ્રયાસ કરી જ રહી છે પણ સેવાભાવી લોકો પણ ગરીબોને ભોજન પુરુ પાડવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

જોકે તેની સાથે એવુ પણ જોવા મળી રહ્યુ છે કે, કેટલાક લોકો ગરીબોને રાહત આપતી વખતે સેલ્ફી લઈને તેના ફોટો સોશ્યલ મીડિયા પર મુકે છે અને રાહત આપવાનો દેખાડો કરે છે. જેને લઈને રાજસ્થાન સરકારે સેવાકાર્ય કરતી વખતે સેલ્ફી લેવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. ઉપરાંત એવી સંસ્થાઓને પ્રોત્સાહન અપાશે જે વિતરણ કરતી વખતે સોશ્યલ ડિસ્ટન્સિંગનુ ધ્યાન રાખતી હોય. મુખ્યમંત્રી ગહેલોટે જિલ્લા કલેકટરોને નિર્દેશ આપ્યા છે કે, ગરીબોને રાહત આપતી વખતે લોકો સેલ્ફી ના લે તેનુ ધ્યાન રાખવામાં આવે. જેના પગલે જિલ્લા કલેકટરો હરકતમાં આવીને તેને લઈને આદેશ પણ બહાર પાડવા માંડયા છે.

જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડમાં આતંકી હુમલો, એક એસઓપી શહીદ

કિશ્તવાડ

જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ જિલ્લાના એક ગામમાં આતંકવાદીઓએ હુમલો કર્યો હતો. જેમાં એક એસઓપી શહીદ થયા છે. આ ઉપરાંત તેમના સાથી ગંભીર રીતે ઘાયલ થયા છે. આતંકવાદી હુમલો કર્યો બાદ બન્નેની બંદૂક લઈને ફરાર થઈ ગયા છે.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે, તાંડર ગામમાં બપોરે ૧.૩૦ વાગ્યે જ્યારે અધિકારીઓ પેટ્રોલિંગ માટે નીકળ્યા, ત્યારે કુહાળી દ્વારા તેમના પર હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં એસઓપી બાસિત ઈકબાલ શહીદ થયા અને તેમના સાથી વિશાલ સિંહ ગંભીર રીતે ઘાયલ થયા છે. જેથી તેમને સારવાર માટે જમ્મુ ખસેડવામાં આવ્યા છે.

અધિકારીએ જણાવ્યું કે, હુમલો કરનારાની ઓળખ આશિક હુસૈન અને બશારત હુસૈન તરીકે કરવામાં આવી છે. આશિક હુસૈન દુષ્કર્મના કેસનો આરોપી છે અને તેણે કિશ્તવાડની સેન્ટ્રલ જેલમાંથી અદાજે ૨૦ દિવસ પહેલાં જામીન પર છોડવામાં આવ્યો હતો. બન્ને સ્થાનિક નાગરિક છે.

સંક્રમિતોનો આંકડો ૧૦,૩૦૦ને પાર,મૃત્યુઆંક ૨૩૯

દેશમાં કોરોનાનો હાહાકારઃ ૨૪ કલાકમાં ૧૨૦૦ નવા કેસ નોંધાતા ખળભળાટ

ન્યુ દિલ્હી

દેશમાં કોરોના વાઈરસના પોઝિટિવ કેસો સતત વધતા જઈ રહ્યાં છે. છેલ્લા ૨૪ કલાકની અંદર ૧૨૦૦થી વધુ નવા કેસ સામે આવ્યા છે, જ્યારે ૨૦થી વધુ લોકો મોતને ભેટ્યાં છે. એકલા ઉત્તર પ્રદેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૧૦ પોઝિટિવ કેસો સામે આવ્યા છે, જ્યારે મહારાષ્ટ્રમાં છેલ્લા ૧૨ કલાકની અંદર ૧૨૧ નવા કેસો નોંધાયા છે. અહીં કુલ દર્દીઓની સંખ્યા વધીને ૨૪૫૫ થઈ ગઈ છે.

મહારાષ્ટ્રની વાત કરીએ તો, કોરોનાથી સૌથી વધુ કોઈ રાજ્યને અસર થઈ હોય, તો તે મહારાષ્ટ્ર છે. અત્યાર સુધી અહીં ૨૪૫૫ કન્ફર્મ કેસો સામે આવી ચૂક્યાં છે. છેલ્લા ૧૨ કલાકમાં જ ૧૨૧ કેસો નોંધાયા છે. જેમાં માત્ર મુંબઈમાંથી જ ૯૨ કન્ફર્મ કેસો નોંધાયા છે. આ ઉપરાંત નવી મુંબઈમાં ૧૩, ઠાણેમાં ૧૦, વસઈ-વિરારમાં ૩ અને રાયગઢમાં ૧ કેસ નોંધાયો છે.

બીજી તરફ ઉત્તર પ્રદેશમાં છેલ્લા ૨૪ કલાકની અંદર ૨૬૩૪ લોકોનો કોરોના ટેસ્ટ કરવામાં આવ્યો હતો. જેમાં ૧૧૦નો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. પ્રથમ વખત ઉત્તર પ્રદેશમાં કોઈ એક દિવસમાં દર્દીઓની સંખ્યા ૧૦૦ની પાર પહોંચી હોય. ઉત્તર પ્રદેશમાં કોરોનાના પોઝિટિવ કેસો વધીને ૬૫૦ પર પહોંચી ચૂકી છે. જ્યારે ૫ લોકોના મોત નીપજ્યાં છે. જો કે રાહતની વાત છે કે, અત્યાર સુધી ૪૯ દર્દીઓ સ્વસ્થ થયા બાદ તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે.

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૨૧૧ કોરોનાના કેસો સામે આવ્યા બાદ કુલ સંખ્યા વધીને ૧૦૩૬૩ પર પહોંચી ગઈ છે અને ૩૧ લોકો મોતને ભેટ્યાં છે. આ સાથે જ કોરોનાથી મોતને ભેટનારા લોકોની સંખ્યા વધીને ૩૩૯ પર પહોંચી ચૂક્યો છે. આ સિવાય ૧૦૩૫ લોકો સંપૂર્ણ સ્વસ્થ થયા બાદ તેમને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે.

ભારતે ગત અઠવાડિયે કોરોના સંકટમાં અમેરિકાની મદદ કરી હતી

અમેરિકા ભારતને ૧૫.૫૦ કરોડ ડોલરની મિસાઈલો-ટોરપીડો આપશે

વોશિંગ્ટન/ન્યુ દિલ્હી

કોરોના વાયરસના સંકટ વચ્ચે ભારતે ગત અઠવાડિયે અમેરિકાની મદદ કરી હતી. જે મામલે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે નરેન્દ્ર મોદીનો આભાર માન્યો હતો. ત્યારે આ મામલે કહ્યું હતું કે ભારતની આ મદદ અમને યાદ રહેશે. ત્યારે હવે તેની અસર દેખાતી શરૂ થઈ છે. સોમવારે ટ્રમ્પ પ્રશાસને અમેરિકી સંસદને સૂચના આપી કે તે ભારતને ૧૫૫ મિલિયન ડોલરમાં હારપૂન બ્લોક-૨ એયર લોન્ટ મિસાઈલ અને ટોરપીડો આપશે.

હારપૂન મિસાઈલનું નિર્માણ બોઈંગ દ્વારા કરવામાં આવશે. ટોરપીડોને રેથિયોન કંપની દ્વારા આપવામાં આવશે. આ મામલે પેંટાગન તરફથી એવો સંદેશ મળ્યો છે, કે અમેરિકા અને ભારત લાંબા સમયથી સારા મિત્રો રહ્યા છેપઅને સુરક્ષાની દ્રષ્ટીએ પણ બંને દેશોની મિત્રતા આગળ વધશે.

અમેરિકાના રક્ષા વિભાગ દ્વારા જાણકારી મળી છે કે ભારત સરકારે આ મામલે અપીલ કરી હતી અને અમેરિકાએ તે અપીલ સ્વિકારી લીધી છે. હારપૂન મિસાઈલ સિસ્ટમની મદદથી સમુદ્રી ક્ષેત્રોમાં સુરક્ષા વધી જશે. ભારત આ મિસાઈલનો ઉપયોગ સંકટ સમયે કરી શકશે. સાથેજ અમેરિકા ભારતને સમર્થન પણ આપતું રહેશે.

ચીને કોરોનાના ઈલાજ માટે બે રસીને ક્લિનિકલ ટ્રાયલ્સની મંજૂરી આપી

બેઇજિંગ

ન્યૂયોર્ક ટાઈમ્સ મુજબ ચીને કોરોના વાઈરસના ઈલાજ માટે બે રસીને ક્લિનિકલ ટ્રાયલ્સની મંજૂરી આપી છે., એક હજાર વૈજ્ઞાનિક આ કામમાં લાગેલા છે. પ્રથમ રસી વુહાન ઈન્સ્ટિટ્યુટ ઓફ બાયોલોજીકલ પ્રોડક્ટ અને ચીન નેશનલ ફાર્માસ્યુટિકલ ગ્રુપ દ્વારા ડેવલપ કરાઈ છે. બીજી રસી ઘણી કંપનીઓનું સંયુક્ત સાહસ છે જેનું નેતૃત્વ સિનોવાક રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ કંપની લિમિટેડ કરે છે.

કોરોનાઃ તંત્રની લાલ આંખ, સોલા સિવિલના સુપ્રીટેન્ડન્ટ સિદ્ધપુર ટ્રાન્સફર કરાયા

અમદાવાદ

ગુજરાતમાં કોરોનાવાયરસના કેસોની સંખ્યા સતત વધી રહી છે ત્યારે વિજય રૂપાણી સરકાર કોરોના નાથવા માટે આક્રમક રણનીતિ અમલી બનાવી છે. વિજય રૂપાણીએ આ કામગીરીમાં અસરકારક ભૂમિકા નહીં ભજવતા અધિકારીઓ સામે પણ લાલ આંખ કરી છે. તેના ભાગરૂપે વિજય રૂપાણીએ સોલા સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ ડો. આર. એમ. જતિયાની ટ્રાન્સફર કરી દીધી છે. ડો. જતિયાને સિદ્ધપુર ટ્રાન્સફર કરાયા છે.

કોરોનાવાયરસના ભરડામાં અમદાવાદ આવી ગયું છે અને અમદાવાદમાં સતત કેસો વધી રહ્યા છે. આ સંજોગોમાં સોલા સિવિલ હોસ્પિટલે મહત્વની ભૂમિકા ભજવવાની છે. ડો. જતિયા આ ભૂમિકા ભજવવામાં નિષ્ફળ રહ્યા હતા. કોવિડ ૧૯ સામે લડવાની તેમની નબળી કામગીરી હતી. આટલો મોટો રોગચાળો હોવા છતાં ડો. જતિયા ૧૦ દિવસથી સેલ્ફ કોરોન્ટાઈન થઈ ગયા હતા.



તંત્રી લેખ

કોરોના-આર્થિક પ્રવૃતિઓ

તેલ ઉત્પાદક દેશોના સંગઠન ઓપેક અને તેના સાથીઓ વચ્ચે તેલના ઉત્પાદનમાં કાપને લઈને સહમતિ થઈ ગઈ છે. જે સારા સંકેત સમાન છે. જો સમજુતી ન થઈ હોત તો આવનાર દિવસોમાં કેટલાક દેશો આમાંથી દેવાળુ ફુંકે તેવી સ્થિતીમાં પહોંચી ગયા હોત. સાથે સાથે કોરોના વાયરસના સંકટ વચ્ચે વૈશ્વિક અર્થવ્યવસ્થા માટે એક નવી સમસ્યા પણ સર્જાઈ ગઈ હોત. મહામારીના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં તેલની માંગમાં ઉલ્લેખનીય ઘટાડો થઈ ગયો છે. માંગમાં આવેલી મંદીને ધ્યાનમાં લઈને તેની કિંમતો સ્થિર રાખવા માટે ઉત્પાદનમાં ૧૦ ટકા ઘટાડો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. મેક્સિકો અડી જવાના કારણે આ સમજુતી થવામાં વિલંબ થયો હતો. જો કે મોડેથી અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેને પણ મનાવી લેવામાં સફળતા હાંસલ કરી હતી. મહામારીની અસર દેખાય તે પહેલા જ સાઉદી અરેબિયા અને રશિયા વચ્ચે તેલ કિંમતોને લઈને વિવાદ ચાલી રહ્યો હતો. રશિયાને બોધપાઠ ભણાવવા માટે સઉદી અરેબિયાએ થોડાક સમય પહેલા પોતાનુ ઉત્પાદન વધારી દીધુ હતુ. આ પહેલા અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડ વોરને લઈને પણ જટિલ સ્થિતી સર્જાઈ ગઈ હતી. આના કારણે વૈશ્વિક અર્થતંત્રની હાલત ખરાબ થઈ હતી. મંદીની સ્થિતી તો પહેલાથી જ રહેલી હતી. એટલામાં ઓછુ હોય તેમ હવે કોરોના વાયરસના કારણે સમગ્ર દુનિયામાં હાહાકાર છે. તેની અસર તમામ દેશોમાં આર્થિક પ્રવૃતિઓ પર ખુબ થઈ છે. હાલમાં મોટા ભાગના દેશોમાં લોકડાઉનની સ્થિતી રહેલી છે. તમામ કારોબારી ઠપ્પ છે. આર્થિક પ્રવૃતિઓ બંધ રહેલી છે. શરૂઆતમાં તમામ દેશોને લાગ્યુ હતુ કે વાયરસનો હુમલો થોડાક સમય માટે છે. તેની અસર ઓછી થતાની સાથે જ તમામ બાબતો પાટા પર આવી જશે. હવે આવી ગેરસમજ માટે કોઈ કારણ નથી. નજીકના ભવિષ્યમાં કોવિડ-૧૯નો પ્રકોપ ખતમ થાય તેવી કોઈ શક્યતા દેખાઈ રહી નથી. આવી સ્થિતીમાં તમામ દેશો એક સમાન વર્તન કરી રહ્યા છે. તમામ દેશો હાલમાં માની રહ્યા છે કે આર્થિક ગતિવિધીઓને કેટલાક અંશે શરૂ કરવામાં આવે તે જરૂરી છે. જો એમ થશે નહીં તો આવનાર દિવસોમાં એક મોટી વસ્તીની સામે ભુખમરાનો ખતરો પણ આવી જશે. અમેરિકામાં મે સુધી લોકડાઉન દુર કરવાની યોજના છે. ટ્રમ્પ આ ચૂંટણી વર્ષમાં દેશની અર્થવ્યવસ્થાને ફરી પાટા પર લાવવા માટે ઇચ્છુક છે. ચીનમાં તો કેટલીક કંપનીઓમાં કામ શરૂ થઈ ચુક્યા છે. અલબત્ત કોરોનાના નવા કેસો ત્યાં સપાટી પર આવી રહ્યા છે જે તેની ચિંતા વધારે છે. દરમિયાન જાપાને તેની કેટલીક કંપનીઓને ચીનથી બહાર શિફ્ટ કરવાની તૈયારી કરી છે. તેમના માટે એક પેકેજની જાહેરાત પણ કરવામાં આવનાર છે. ભારતે પણ તૈયારી કરી છે કે એકબાજુ કોવિડ સામે મોરચો ખુલ્લો રાખીને બીજી બાજુ સાવધાની રાખીને આર્થિક ગતિવિધીઓને શરૂ કરવામાં આવે. લોકોના હાથમાં રોકડ પહોંચે તે જરૂરી છે. કેન્દ્ર સરકારે રાજ્યો અને ઉદ્યોગ સંગઠનો સાથે વાતચીત કરીને એક એગ્ઝિટ પ્લાન તૈયાર કર્યો છે. પ્રસ્તાવ છે કે માર્ગ નિર્માણ અને જરૂરી વસ્તુના નિર્માણને મંજુરી આપવામાં આવે.

તેલ ઉત્પાદનને લઈ થયેલી સમજુતી ખુબ સારા સંકેત : નવી આફત હાલ ટળી ગઈ

આયુષ મંત્રાલય દ્વારા સુચવાયેલા પગલાથી કોરોનાને રોકાશે


હર્બલ ટીમાં આ ચીજો ઉમેરી દો

આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને સંબોધન કરીને ત્રીજી મે સુધી લોકડાઉનને વધારી દેવાની જાહેરાત કરી હતી. આ ગાળા દરમિયાન મોદીએ રોગ પ્રતિકારક ક્ષમતામાં વધારો કરવા માટે આયુષ મંત્રાલયની સાઈટ પર જઈને માહિતી મેળવી લેવા માટે કહ્યુ હતુ. આયુષ મંત્રાલય પર ત્યારબાદ માહિતી મેળવી લેવા માટે જોરદાર પડાપડી થઈ ગઈ હતી. આયુષ મંત્રાલયના કહેવા મુજબ હર્બલ ટી અમારા શરીરમાં રોગ પ્રતિકારક ક્ષમતાને વધારી દેવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. બદલાઈ રહેલી સિઝનના ગાળા દરમિયાન થનારી બિમારીથી આ હર્બલ ટી ખુબ તાકાત આપે છે. હર્બલ ટી ઈન્ફેક્શનના કારણે થતી તકલીફોને રોકે છે. સાથે સાથે શ્વાસ સાથે સંબંધિત બિમારી થવાથી રોકવામાં મદદ કરે છે. હર્બલ ટી કઈ રીતે બને છે તેને લઈને સવાલ કરનાર લોકોને કેટલીક માહિતી પણ આપવામાં આવી છે. કોરોના વાયરસ અતિક્રમક દેશમાં ઓછામાં ઓછી જગ્યા સુધી મર્યાદિત રહી શકે તે માટે જુદી જુદી બાબતને ધ્યાનમાં લઈને ભારત સરકાર દ્વારા દેશભરમાં ચાલી રહેલા લોકડાઉનના ગાળાને ત્રીજી મે સુધી વધારી દેવાની જાહેરાત કરી દીધી છે.આની સાથે જ આરોગ્ય મંત્રાલય અને આયુષ મંત્રાલય સમય સમય પર કોરોનાની સામે લડવા માટે ઉપયા દર્શાવે છે. જે તેમને કોરોના જેવા સક્રમણથી દુર રાખવામાં મદદ કરે છે. હાલમાં જ આયુષ મંત્રાલય દ્વારા એક હર્બલ ટી બનાવવાની વિધી દર્શાવવામાં આવી હતી. આયુષે આને હર્બલ ટી અથવા તો કાઢા બનાવવાની જે સામગ્રીનો ઉપયોગ કરવા માટે સલાહ આપી હતી. તે તમામ ચીજો શરીરમાં રોગ પ્રતિકારક ક્ષમતાને વધારી દેવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. સાથે સાથે સારી બાબત એ છે કે આમાં ઉપયોગી રહેલી તમામ ચીજો ઘરના રસોડામાં ઉપલબ્ધ રહે છે. આ બાબત એટલા માટે કહેવામાં આવી રહી છે કે લોકડાઉનની સ્થિતીમાં પણ આપને કોઈ



મોદીએ રાષ્ટ્રને નામ સંબોધનમાં આયુષ મંત્રાલયની વાત કરતા લોકો દ્વારા માહિતી મેળવવા પ્રયાસ : રોગ પ્રતિકારક ક્ષમતા વધારવા જરૂર

જગ્યાએ બહાર જવાની કોઈ જરૂર નથી. એટલે કે રસોડામાં નજર કરવામાં આવે તો તમામ ચીજો સરળતાથી મળી જાય છે. હર્બલ ટી બનાવીને બે વખત દિવસમાં ઉપયોગ કરવામાં આવે તો કેટલાક ફાયદા થાય છે. હર્બલ ટી બનાવવા માટે જરૂરી ચીજોની વાત કરવામાં આવે તો તેમાં તુલસી પત્તા, દાલખાંડ, કાળા મરચા, સૌઢ અથવા તો ડ્રાય ગિંગર જેવી વસ્તુની જરૂર હોય છે. હર્બલ ટી તૈયાર કરવામાં કોઈ મુશ્કેલી નથી. બનાવવાની રીતની વાત કરવામાં આવે તો આપને જેટલા લોકો માટે તેને બનાવવાની જરૂર છે. તે રીતે કપમાં પાણી સૌથી પહેલા લો. તેને ગેસ પર ગરમ કરવામાં આવે તે જરૂરી છે. જ્યારે પાણી ગરમ થઈ જાય ત્યારે આગને ધીમી કરવામાં આવે તે જરૂરી છે. ત્યારબાદ તેમાં ઉપર દર્શાવવામાં આવેલી તમામ ચીજો નાંખી દેવાની જરૂર હોય છે. જો સ્વાદમાં ગળ્પ કરવુ છે તો ગોળ અથવા તો નેચરલ શુગર મિક્સ કરી શકાય છે. ધ્યાન રાખવા માટેની બાબત એ છે કે ગેસ ધીમી ગતિથી ચાલુ રહે. તમામ સામગ્રી નાંખ્યા બાદ જ્યારે પાણી ઉકળવા લાગે ત્યારે તેને કોઈ સાધનની મદદથી છાણી લેવામાં આવે છે. ત્યારબાદ તેમાંમ લિબુ નાંખી દેવામાં આવે છે. લુમ્બુ અને ગોળનો ઉપયોગ આપની પસંદ પર આધારિત રહે છે. તૈયાર કરવામાં આવેલી હર્બલ ટીને પરિવારની સાથે બેસીને પી શકાય છે. સવારમાં સાંજે બે વખત તેને પીવાથી રોગ પ્રતિકારક ક્ષમતા અનેક ગણી વધી જાય છે. આયુષ મંત્રાલયનો ઉલ્લેખ આજે મોદીએ તેમના સંબોધનમાં કર્યુ હતુ. ગરમ પાણી પિવા અને આયુષ મંત્રાલય દ્વારા દર્શાવવામાં આવેલા સુચનને પાળવાની વાત મોદીએ કર્યાબાદ આયુષ મંત્રાલય પર માહિતી મેળવી લેવા માટે જોરદાર પડાપડી શરૉ થઈ ગઈ હતી. રોગ પ્રતિકારક ક્ષમતાને વધારી દેવા માટે હાલમાં જુદી જુદી ટિપ્સ તમામ નિષ્ણાંતો અને તબીબો આપી રહ્યા છે. આવી સ્થિતીમાં આયુષ મંત્રાલયની દ્વારા કરવામાં આવેલા સુચનને પાળીને આગળ વધવાની જરૂર છે. આના કારણે કોરોનાની સામે લડાઈને જીતવામાં મદદ મળી શકે છે. કોઈ પણ લડાઈમાં જીત હાંસલ કરવા માટે રોગ પ્રતિકારક ક્ષમતા શરીરની મજબુત રહે તે જરૂરી છે. સવાર અને સાંજે બે વખત હર્બલ ટીનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવી છે. આયુષ મંત્રાલય પર મોદીના સંબોધન બાદ લોકોની પડાપડી થઈ હતી. કોરોનાની સામે વૈશ્વિક લડાઈ ચાલી રહી છે. હજુ સુધી આ બિમારીની કોઈ દવા શોધાઈ નથી. જેથી તમામ પ્રકારની દવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. દુનિયાના દેશો લાગેલા હોવા છતાં હજુ સુધી સમસ્યા અકબંધ રહી છે.



મુખ્યમંત્રી વિજય રૂપાણી માટે ડૈશબોર્ડ ખુબ જ ઉપયોગી

હેલો,મે વિજય રૂપાણી બોલ રહા હુ, કૈસે હૈ આપ...

વિજય રૂપાણી દાખલારૂપ

હેલો, મે વિજય રૂપાણી બોલ રહા હુ, કૈસે હે આપ ? આપ અચ્છે સે દવાઈ લે રહે હૈ યા નહીં ? મે જાણતા હુ આપ ક્વારંટાઈનમાં હૈ. ઈસકો કો લેકર કોઈ સમસ્યા તો નહીં આ રહી હૈ ? આપકો મુઝસે કોઈ મદદ ચાહિએ યા આપકી કોઈ શિકાયત હૈ તો આપ મુઝે સીધે બોલ શકતે હૈ, મેને આપકી સમસ્યા સુનને કે લિએ હી ફોન કિયા હૈ, ગુજરાતના મુખ્યપ્રધાન વિજય રૂપાણી હાલમાં નિયમિત રીતે ક્વારન્ટાઈન કરવામાં આવેલા લોકો અને તબીબો તેમજ નર્સો સાથે રોજ પોતાના આવાસ પર બનેલા ડૈશબોર્ડથી વાત કરી રહ્યા છે. ગુજરાતના મુખ્યપ્રધાન આવાસમાં સ્થાપિત કરવામાં આવેલા સીએમ ડૈશ બોર્ડ શાસન વ્યવસ્થામાં ટેકનિકના ઉપયોગના મામલે સૌથી શ્રેષ્ઠ તરીકે ગણવામાં આવે છે. આ કોરોના અસ્તિત્વની શરૂઆત પહેલા જ સક્રિય છે. ડેશ બોર્ડના માધ્યમથી રૂપાણીની નજર સમગ્ર ગુજરાતમાં કેન્દ્રિત રહે છે. માર્ગો પર લાગેલા સીસીટીવી કેમેરા હોય, ડ્રોનના માધ્યમથી નજર રાખવાની બાબત હોય, નવેસરના આંકડાની વાત હોય, કે પછી હોટસ્પોટ પર બાજ નજર રાખવાની બાબત હોય મુખ્યપ્રધાન હાલમાં સીએમ ડેશ બોર્ડનો સર્વોચ્ચ અને સૌથી શાનદાર રીતે ઉપયોગ કરી રહ્યા છે. કાનુન અને વ્યવસ્થાની સ્થિતીને જાળવી રાખવામાં પણ તેની ભૂમિકા છે. રૂપાણી પોલીસ અધિકારીઓને પણ આના માધ્યમથી સુચન કરતા રહે છે. સીએમ ડેસ બોડે યોગ્ય સુવિધા ઉભી કરી દીધી છે. કહેવામાં આવી શકે છે કે રાજ્યના દરેક ખુણામાં ઘટી રહેલી દરેક મહત્વની ઘટનામાં નવી સ્થિતી મુજબ દિશા નિર્દેશ આપવા માટે સીએમ ડેશબોર્ડનો ઉપયોગ કરી રહ્યા છીએ. રાજ્યના અધિકારીઓને ચોંકાવી દેનાર બાબત એ છે કે મુખ્યપ્રધાન કોઈ પણ સમય ડેશબોર્ડ પર આવીને કોઈ પણ જિલ્લાની સાથે જોડાઈ જાય છે. હાલના દિવસોમાં વિજય રૂપાણી મોટા ભાગે ડેશબોર્ડ પર જ વધારે સમય આપે છે.

કોરોનાની સામે જંગમાં બંને મુખ્યપ્રધાનોની ઉલ્લેખનીય કામગીરી

યોગી-ગહેલોતના પ્રયાસો પ્રેરણારૂપ

કહેવત જ છે કે જ્યાં ઈચ્છા છે ત્યાં રસ્તો પણ મળે છે. કોરોનાની સામે લડાઈમાં પણ હાલમાં આ સ્થિતી જોવા મળી રહી છે. કેટલાક રાજ્યો તો એવા છે જે કેન્દ્ર સરકારના દિશા નિર્દેશોને પાળવાની સાથે સાથે પોતાની તરફથી પણ વધારાના પ્રયાસ કરી રહ્યા છે. સંકટની ઘડીમાં કોઈ કલ્યાણકારી રાજ્ય પાસેથી જે અપેક્ષા હોય છે તે અપેક્ષાને કેટલાક રાજ્યો યોગ્ય સાબિત કરીને બતાવી રહ્યા છે. કોરોના મહામારીની સામે પણ કેટલાક રાજ્યો લોકોની અપેક્ષા પર યોગ્ય સાબિત થવામાં લાગેલા છે. આવા મુખ્યપ્રધાનો હવે દેશમાં દાખલા સમાન બની રહ્યા છે. ત્રણ રાજ્યોની ચર્ચા તો સૌથી વધારે છે. જેમાં ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ પણ છે. ગુજરાતના મુખ્યપ્રધાન વિજય રૂપાણી પમ યાદીમાં સામેલ છે. રાજસ્થાનના મુખ્યપ્રધાન અશોક ગહેલોક પણ તેમના અનુભવ અને કુશળતાના આધાર પર આગળ વધી રહ્યા છે. આ બંને રાજ્યોના મુખ્યપ્રધાન હાલમાં પ્રેરણા સમાન બની રહ્યા છે. ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથના નેતૃત્વમાં એક ટીમ કોરોનાની સામે લડી રહી છે. ટીમ-૧૧ આને નામ આપવામાં આવ્યુ છે. જ્યારે કોરોનાએ પગ પેસારો કરવાની શરૂઆત કરી ત્યારે જ યોગીના મનમાં આ વાત આવી ગઈ હતી કે કોરોનાની સામે લડાઈ કોઈ અલગ વાત સાથે જ કરી શકાય છે. આ વિચારધારાના કારણે યોગીએ ટીમ-૧૧ની રચના કરી હતી. યોગીએ રાજ્યના ૧૧ શ્રેષ્ઠ અધિકારીઓને આવરી લઈને ટીમ-૧૧નુ નિર્માણ કરી દીધુ છે. દરેક ટીમની જવાબદારી અલગ અને બિલકુલ સ્પષ્ટ રહેલી છે. મુખ્ય સચિવની ટીમ કેન્દ્ર



અને અન્ય રાજ્યો સાથે સંકલન કરે છે. બીજા રાજ્યોમાં ફસાયેલા યુપીના લોકો પર ચાંપતી નજર રાખવાની જવાબદારી પણ તેમના પર રહેલી છે. ઔદ્યોગિક વિકાસ પંચની ટીમને શ્રમિક અને ગરીબોને સારી રીતે ભરણ પૌષણ મળે છે કે કે તેની ખાતરી કરવા માટે કહેવામં આવ્યુ છે. કૃષિ ઉત્પાદન પંચની ટીમ ડોર ટુ ડોર ડિલિવરીની ખાતરી કરવાના પ્રયાસ કરી રહી છે. અપર મુખ્ય સચિવની ટીમ લો ઓર્ડરની સાથે તબલીગી જમાતના લોકોની ઓળખ કરીને તેમને આઈસોલેટ કરવાની જવાબદારી સંભાવે છે. અપર મુખ્ય સચિવ રાજસ્વની ટીમ પર તમામ જિલ્લામાં બનેલા કન્ટ્રોલ રૂમ પર નજર રાખવાની જવાબદારી છે. પ્રમુખ સચિવ અને આરોગ્ય ટીમોની જવાબદારી અસરગ્રસ્ત દર્દીઓની સારવાર અને તેમની સારવાર તેમજ નજર રાખવાની જવાબદારી છે. પ્રમુખ સચિવ, પશુપાલનની ટીમો ઘાસચારાની ખાતરી કરી રહી છે. ડીજીપીનુ કામ જેલોને સેટેનાઈઝ કરવાની રહેલી છે. પ્રમુખ કૃષિ સચિવની ટીમની જવાબદારી છે કે તે પાકના પ્રભાવી પ્રાપ્તિની વ્યવસ્થાની ખાતરી કરે. ઉપરાંત અપર મુખ્ય સચિવની ટીમને લોકડાઉનના આર્થિક પ્રભાવ પર આ ટીમ કામ કરી રહી છે. આવી જ રીતે પ્રમુખ સચિવ પંચાયતી રાજની ટીમ ગામ અને શહેરમાં પાણી અને સેનિટાઈઝેશનની જવાબદારી સંભાળે છે. ટુંકમાં ખુબ ઉલ્લેખનીય રીતે યોગી ટીમ કામ કરી રહી છે. આવી જ રીતે રાજસ્થાનમાં સરકાર પણ સક્રિય છે. સ્થિતી કેટલી પણ ખરાબ કેમ ન થાય મજબુત ઈરાદા સાથે લડાઈ જીતી શકાય છે. કઠોર નિર્ણય પણ આમાં જરૂરી છે. રાજસ્થાને ભીલવાડામાં જે કામ કરી બતાવ્યુ છે તેનાથી નવી આશા જાગી છે. એક વખતે ભીલવાડાની સરખામણી ઈટાલી સાથે થવા લાગી ગઈ હતી. ત્યાં કોરોના વાયરસની ચેઈન બની રહી હતી. જેથી ૨૦મી માર્ચના દિવસે જ સમગ્ર શહેરમાં સંચારબંધી લાગુ કરવામાં આવી હતી. ઘરની બહાર નિકળવાની કોઈને પણ તક આપવામાં આવી ન હતી. દેશમાં આ પ્રથમ એવા શહેર તરીકે છે જ્યાં કોરોનાને લઈને આવા પગલા લેવામાં આવ્યા હતા. એ વખતે દેશમાં લોકડાઉનની કોઈ પણ જગ્યાએ કોઈ ચર્ચા ન હતી. શહેરના તમામ કારખાનાને બંધ કરાવી દેવામાં આવ્યા હતા.

તમામ રસ્તાને સીલ કરી દેવામાં આવ્યા હતા. માત્ર નવ દિવસમાં ૨૯ લાખ લોકોના સ્ક્રિનિંગ કરવામાં આવ્યા હતા. લોકોને કોઈ તકલીફ ન થાય તેની ખાતરી પણ કરી લીધી હતી. જરૂરી ચીજો ઘર સુધી પહોંચાડી દેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. રાજ્ય સરકાર હવે દેશને ભીલવાડા મોડલ અપનાવવા માટે સુચન કરે છે.

યુપીમાં યોગીના નેતૃત્વમાં તમામથી અલગ થઈને ટીમ-૧૧ લડી રહી છે : રાજસ્થાનના મુખ્યપ્રધાન પણ સતત જોરદાર રીતે સક્રિય બન્યા છે

લિંબુમાં વિટામીન સી પુરતા પ્રમાણમાં હોય છે

લિંબુ પાચનશક્તિને સુધારે છે

અનેક અભ્યાસમાં દાવો કરવામાં આવી ચૂક્યો છે કે લીંબુ ખૂબ જ ઉપયોગી છે અને તેના લાભ પણ ખૂબ જ જંગી છે. હવે એક નવા અભ્યાસમાં પણ આ બાબતને સમર્થન મળી ગયું છે. નિષ્ણાંતોએ કહ્યું છે કે લીંબુમાં વિટામીન સીના પૂરતા પ્રમાણ રહેલા છે જે શરીર માટે ખૂબ જ ઉપયોગી છે. લીંબુથી પાચન વ્યવસ્થામાં સુધારો થાય છે. સાથે સાથે પાચન શક્તિને સ્વસ્થ બનાવવામાં પણ લીંબુની મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે લીબુમાં રોગપ્રતિકારક શક્તિનું પણ પ્રમાણ ખૂબ વધારે હોય છે જેથી ઈન્ફેક્શનની તકો પણ ઘટી જાય છે. લીંબુમાં એન્ટીબેક્ટેરીયલ અને એન્ટીવાયરલ તત્વો પણ રહેલા હોય છે જેના લીધે ફ્લુ અને શરદી ગરમી જેવી તકલીફથી પણ રાહત મેળવવામાં લીંબુની મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે. લેમન જ્યુસ પીવાની સલાહ તબીબો દ્વારા અભ્યાસના ભાગરૂપે આપવામાં આવી છે. લોહીને સ્વસ્થ બનાવવામાં પણ તેની ભૂમિકા હોવાનો દાવો નવા અભ્યાસમાં કરવામાં આવ્યો છે. શરીરમાંથી ટોક્સીનના પ્રમાણને દૂર કરવામાં તેની ભૂમિકા રહેલી છે. લેમનનો ઉપયોગ આધુનિક સમયમાં કોસ્મેટીક ક્ષેત્રમાં પણ કરવામાં આવે છે. આનો ઉપયોગ એરોમાં થેરાપી માટે પણ થવા લાગ્યો છે. ફેશનેશનો અનુભવ થાય તે માટે જુદી જુદી સારવાર માટે પણ તેનો ઉપયોગ થવા લાગ્યો છે. હાથ અને પગમાં ઓછા પ્રમાણમાં લીબું સાથે સંબંધિત પાણીનો ઉપયોગ કરવામાં આવે તો તેના પણ ફાયદા રહેલા છે.

ફ્લુ અને શરદી ગરમીમાં પણ રાહત આપી શકે : હેવાલ



લોકડાઉનમાં અનુષ્કા શર્મા અને વિરાટ કોહલી ઘરે પરિવાર અને તેમના પેટ ડોગ સાથે સમય વિતાવી રહ્યા છે. અનુષ્કા શર્મા બાદ હવે વિરાટ કોહલીએ પણ સોશિયલ મીડિયા પર તેમના પેટ ડોગ સાથેનો ફોટો શેર કર્યો છે. વિરાટે તેનો અનુષ્કા અને પેટ ડોગ સાથેનો ફોટો શેર કરી લખ્યું હતું કે, જીવનમાં શું સૌથી વધુ મહત્ત્વનું છે તેનું જ્ઞાન હોવું એ આશીર્વાદ છે.

લોકડાઉનમાં શિલ્પા શેટ્ટીએ સૂર્યનમસ્કાર કરી લોકોને ફિટ રહેવા અપીલ કરી



મુંબઈ

કોરોના વાઇરસને અટકાવવા માટે ચાલી રહેલ લોકડાઉનમાં સેલેબ્સ ઘરે રહીને વિવિધ એક્ટિવિટી કરી રહ્યા છે. શિલ્પા શેટ્ટી ઘરે તેના પરિવાર સાથે સમય વિતાવી રહી છે. બાળકોને વિવિધ પ્રવૃત્તિ કરાવી રહી છે, વર્કઆઉટ કરી રહી છે વગેરે. શિલ્પા શેટ્ટીએ મન્ડે મોટિવેશનની પોસ્ટ સોશિયલ મીડિયા પર શેર કરી છે. સૂર્યનમસ્કારનો વીડિયો શેર કર્યો છે. શિલ્પાએ કેપ્શનમાં લખ્યું હતું કે, ઘણા દિવસોથી ઘરે જ રહીને શરીર જકડાય જાય છે. શરીરને જરૂરી ફ્લેક્સિબિલિટી સૂર્ય નમસ્કાર કરવાથી મળી શકે છે. આ એક સંપૂર્ણ વર્કઆઉટ છે. તમે પણ આ ટ્રાય કરી શકો છો. તમે એક દિવસ છોડીને હર બીજા દિવસે ૮થી ૧૬ વખત આ કરી શકો છો. મહેરબાની કરીને તમારું ધ્યાન રાખો. ઘરમાં જ રહો અને સુરક્ષિત રહો. શિલ્પા શેટ્ટી સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરતી રહે છે જેમાં તે તેના દીકરા વિઆન, માતા સાથે સમય વિતાવતી હોય. શિલ્પા શેટ્ટીએ પીએમ રિલીફ ફંડમાં યોગદાન પણ આપ્યું છે.

ડાયરેક્ટર અનુભવસિંહાનો કટાક્ષ કહ્યુ

જ્યોતિરાદિત્ય હવે લોકોની સેવા કરે છે પણ મીડિયા નથી બતાવી રહ્યું

મુંબઈ

બોલિવૂડ માં આમ તો અનેક એક્ટ્રેસ અને એક્ટર તેવા છે જે રાજનીતિમાં રસ રાખે છે. અને સમય સમય પર આ લોકો પોતાનો અવાજ પણ સોશિયલ મીડિયા દ્વારા વ્યક્ત કરતા રહે છે. ત્યારે બોલિવૂડના ડાયરેક્ટર અનુભવ સિંહા હાલમાં જ રાજનીતિને લઈને પોતાના વિચારો સોશિયલ મીડિયા પર મૂક્યા છે જે વાયરલ થઈ રહ્યા છે. તેમણે હાલમાં કોંગ્રેસથી ભાજપમાં જોડાયેલા જ્યોતિરાદિત્ય સિંધિયાને લઈને એક ટ્વિટ કર્યું છે. લોકડાઉનમાં આ ટ્વિટે અનેક લોકોનું ધ્યાન ખેંચ્યું છે.

અનુભવ સિંહાએ જ્યોતિરાદિત્ય સિંધિયા પર ટ્વિટ કરતા લખ્યું છે કે મને વિશ્વાસ છે કે જ્યોતિરાદિત્ય સિંધિયા હવે પ્રદેશના લોકોની મન ભરીને સેવા કરી રહ્યા છે.





પણ આ નકામા સમાચારવાળા બતાવતા જ નથી. હવે તેમના આ ટ્વિટ પર લોકોએ પ્રતિક્રિયા આપવાની શરૂઆત કરી છે. આ પહેલા અનુભવ સિંહા જ્યોતિરાદિત્ય સિંધિયા દ્વારા કોંગ્રેસ છોડવા પર પ્રહાર કરી ચૂક્યા છે. તેમણે કહ્યું હતું કે દેશમાં ચૂંટણી બંધ થઈ જવા જોઈએ અને આઈપીએલ ઓક્શન શરૂ કરી દેવું જોઈએ. હાલમાં જ મધ્યપ્રદેશમાં સત્તાની હલચલ વધી ગઈ છે.

જ્યારે ૧૮ વર્ષ પછી કોંગ્રેસમાંથી નીકળી કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા રાજીનામું આપી પોતાના ૨૨ સમર્થક વિધાયકો સાથે ભાજપમાં જોડાઈ ગયા. જે પછી કમલનાથને સીએમ પદ છોડવું પડ્યું અને ફરી એક વાર શિવરાજ ચૌહાણ રાજ્યના મુખ્યમંત્રી બન્યા. તમને જણાવી દઈએ કે જ્યોતિરાદિત્ય સિંધિયા તેમના પિતા માધવરાવ સિંધિયાના નિધન પછી ૨૦૦૧માં રાજનીતિમાં આવ્યા હતા.

ટ્વીટ પર એશ્વર્યાને લઈ અશ્લીલ કોમેન્ટ બીગ બી આપ્યો જડબાતોડ જવાબ



મુંબઈ

બોલિવૂડ સ્ટારનું ટ્રોલ થવું એ કોઈ જ નવી વાત નથી. કેટલાક સેલેબ્રિટી સામે વળતો ઉત્તર આપે છે તો અમુક ચૂપ રહેવામાં સમજે છે. બીગ બી સોશિયલ મીડિયા પર ખુબ જ એક્ટિવ રહે છે. અમિતાભે હાલમાં જ ફેન્સને વૈશાખી તહેવારની શુભકામના આપી હતી. પરંતુ અમુક લોકોએ ખરાબ કોમેન્ટ કરી તો તેને બીગ બીએ જડબાતોડ જવાબ આપ્યો અને ટ્વીટ વાયરલ થઈ ગયું.


વૈશાખીના તહેવાર પર બીગ બીએ ફિલ્મ સુહાગનું ગીત તેરી રબ ને બના દી જોડીની એક તસવીર શેર કરી હતી. કે જેમાં તે ભાગંડા કરતા જોવા મળ્યા છે. બીગ બીએ સાથે લખ્યું કે, વૈશાખીના પાવન અવસર પર વારંવાર બધાઈ. આ દિવસ મંગલમય થાય એ જ અમારા બધાની દુવા. પોતાના જ ઘરે આ હર્ષિત પળ અને મધુમય જીવન ઉજવો. ઈશ્વર પાસે પ્રાર્થના કે બધાને સુખ, શાંતિ મળે.

હવે લોકોએ આ ટ્વીટ પર એશ્વર્યાને લઈ અશ્લીલ કોમેન્ટ કરવાનું શરુ કરી દીધું. એક યુઝરે લખ્યું કે, એશ્વર્યા ક્યાં છે બૂઢ્ઢા? તો બીગ બીએ જવાબ આપતા કહ્યું કે- એ ત્યાં છે જ્યાં તમે ક્યારેય નથી પહોંચી શકવાના. બાપ રે બાપ! બીગ બીનો જવાબ સાંભળી ટ્રોલરની હાલત ખરાબ થઈ ગઈ. તે તરત જ લાઈન પર આવી ગયો. પછી રિપ્લાઈ કરતાં કહ્યું કે, તમને તો ખોટું લાગી ગયું સર. ફેન્સથી કોઈ આટલું નારાજ થોડું થાય. હવે આ ટ્વીટ ખુબ જ શેર થઈ રહ્યું છે.

શાહરૂખ ખાને ૨૫,૦૦૦ PPE કિટ્સ મહારાષ્ટ્ર મેડિકલ ટીમ્સને આપી

મુંબઈ

મહામારી કોરોના વાઇરસ સામેની જંગમાં મદદ માટે શાહરુખ ખાન ફરીવાર આગળ આવ્યો છે. પીએમ રિલીફ ફંડ અને વિવિધ સીએમ રિલીફ ફંડમાં ફાળો આપ્યો, તેની ૪ માળની પર્સનલ ઓફિસ સ્પેસ ક્વોરન્ટીન સુવિધા માટે સરકારને આપ્યા બાદ શાહરુખ ખાને ૨૫,૦૦૦ કિટ્સ આપી મદદ કરી છે. શાહરુખ ખાને મહારાષ્ટ્રમાં ૨૫,૦૦૦ પર્સનલ પ્રોટેક્ટિવ ઇક્વિપ્મેન્ટ (PPE) કિટ્સ મેડિકલ ટીમ્સને આપી છે. મહારાષ્ટ્ર સરકારે ટ્વિટર પર શાહરુખનો આભાર માન્યો હતો. શાહરુખ ખાને વળતો રિપ્લાય કર્યો હતો કે, થેંક યુ સર આ કિટ્સ માટેની વસ્તુ ભેગી કરવામાં મદદ કરવા બદલ. માનવતા અને આપણી જાતને સુરક્ષિત રાખવાના આ પ્રયાસમાં આપણે બધા સાથે છીએ. તમારો પરિવાર અને ટીમ સુરક્ષિત અને તંદુરસ્ત રહે તેવી શુભેચ્છા. મહારાષ્ટ્ર રાજ્ય સરકારના હેલ્થ મિનિસ્ટર રાજેશ તોપેએ લખ્યું હતું કે,મિસ્ટર શાહરુખ ખાનનો ૨૫,૦૦૦ PPE કિટ્સનું યોગદાન આપવા



બદલ ખૂબ આભાર. આનાથી કોરોના વાઇરસ સામેની લડતમાં અમારી ફ્રન્ટલાઈન મેડિકલ ટીમને પ્રોટેક્ટ કરવામાં ઘણી મદદ મળશે.

આ સિવાય શાહરુખ ખાન ગ્લોબલ લેવલ પર પણ આ મહામારી સામે જાગૃતતા લાવવા અને ફંડ એકઠું કરવા માટે પરફોર્મ કરવાનો છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન અને ગ્લોબલ સિટિઝન દ્વારા એક ગ્લોબલ શોનું આયોજન કરવામાં આવ્યું છે. વન વર્લ્ડ, ટુગેધર એટ હોમ નામની આ લાઈવ ઈવેન્ટ ૧૮ એપ્રિલના રોજ ટીવી પર અને વિવિધ સોશિયલ મીડિયા પર રિલીઝ થશે.

આ ઈવેન્ટ હેલ્થકેર વર્કર્સ જે દિવસરાત કામ કરી રહ્યા છે તેમના કામને સેલિબ્રેટ કરવા માટે છે. ઉપરાંત આ ઈવેન્ટનો હેતુ કોવિડ ૧૯ના રિલીફ ફંડને સપોર્ટ કરવાનો પણ છે. લેડી ગાગા દ્વારા હોસ્ટ થનાર આ શોમાં શાહરુખની સાથે અન્ય ભારતીય સ્ટાર પ્રિયંકા ચોપરા પણ સામેલ છે. આ ગ્લોબલ શોમાં ગ્રેમી વિજેતા બિલી આઇલિશ, બિલી જો આર્મસ્ટ્રોંગ, ક્રિસ માર્ટિન, ડેવિડ બેકહામ, જહોન લેજન્ડ વગેરે જેવા આર્ટિસ્ટ્સ સાથે પ્રિયંકા ચોપરા અને શાહરુખ ખાન પણ પરફોર્મ કરશે.

ફિલ્મ પ્રોડ્યૂસર કરીમ મોરાનીનો કોરોનાનો બીજો રિપોર્ટ આવ્યો પોઝિટિવ



મુંબઈ

ફિલ્મ પ્રોડ્યૂસર કરીમ મોરાની અને તેમની બંને દીકરીઓ શજા અને જોયા કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. જે પછી તે હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. જ્યાં કરીમની બંને દિકરીઓ સ્વસ્થ થઈની ઘરે પાછી જતી રહી છે. ત્યાં જ બોલિવૂડ સ્ટાર શાહરૂખ ખાનના નજીકના મનાતા કરીમ મોરોનીનો બીજો કોરોના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે. ઉલ્લેખની છે કે મહારાષ્ટ્રમાં કોરોના વાયરસનો કહેર મોટા પ્રમાણમાં ફેલાયો છે. અને મુંબઈમાં પણ કોરોના વાયરસના અનેક હોટસ્પોટ સામે આવ્યા છે. ત્યારે કરીમની દીકરી જોઆમાં સૌથી પહેલા કોરોનાના લક્ષણ જોવા મળ્યા હતા. અને તેમાંથી આ બંનેને પણ ચેપ ફેલાયો હતો.

કરીમ મોરાનીની સારવાર મુંબઈની એક પ્રાઈવેટ હોસ્પિટલમાં થઈ રહી છે. ટાઈમ્સ ઓફ ઇન્ડિયાની રિપોર્ટ મુજબ હાલ તેમની તબિયત ઠીક નથી. પણ હાલ તેમની સ્થિતિ વિષે કંઈક સ્પષ્ટપણે સામે નથી આવ્યું. હોસ્પિટલમાં સારવાર દરમિયાન જો બે વાર ટેસ્ટ નેગેટિવ આવે તો જ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવે છે.

પોતાની તસ્વીર ડાયરેક્ટર દ્વારા શેર કરાતાની સાથે જ સોનાક્ષીએ ગુસ્સો ઠાલવ્યો

મુંબઈ

કોરોના વાયરસના કારણે લોકડાઉન જાહેર કરાયું છે અને હવે તો પીએમ મોદીની નવી જાહેરાત પ્રમાણે દેશમાં ૩ મે સુધી લોકડાઉન રહેશે. ત્યારે ફિલ્મનું શૂટિંગ પણ બંધ કરવામાં આવ્યું છે. આ દરમિયાન ફિલ્મમેકર વિવેક રંજન અગ્નિહોત્રીએ સોનાક્ષી સિંહાની એક તસવીર અપલોડ કરી છે અને જેના કારણે હોબાળો મચ્યો છે. સોનાક્ષીએ પોતાનો ગુસ્સો ઠાલવ્યો છે. વિવેક રંજન અગ્નિહોત્રીએ સોમવારે આ તસવીર શેર કરી હતી.

ડાયરેક્ટરે ટ્વીટમા સોનાક્ષી સિંહાની એક તસવીર શેર કરી. સાથે જ તેણે લખ્યું કે, આવા સમયમાં કોણ શૂટિંગ કરે ?' સોનાક્ષી સિંહાએ આ ટ્વીટનો સ્ક્રિનશોટ લઈને ટ્વીટ કરી. તેણે લખ્યું કે, 'એક્સક્યૂઝ મી. મુંબઈ પોલીસ અને ઉદ્ધવ ઠાકરે હાલના સમયમાં લોકોને અફવા અને ખોટા સમાચાર ફેલાવવા માટે રોકવાની શું પ્રક્રિયા છે? જવાબદાર નાગરિક માટે પૂછી રહી છું. જે ઘર પર બેસીને સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરી રહ્યાં છે અને શૂટિંગ પણ નથી કરી રહ્યાં.

એ સિવાય સોનાક્ષી સિંહાએ બીજી ટ્વીટ પણ કરી કે, 'ફિલ્મ્સ સાથે જોડાયેલી અનેક સંસ્થાઓના સભ્ય હોવાના કારણે અને એક ડાયરેક્ટર હોવાના લીધે આશા છે કે, તમને ઓછામાં ઓછો એ તો ખ્યાલ હોવો જ જોઈએ કે દેશભરમાં લોકડાઉનના કારણે ક્યાંય કોઈ જ શૂટિંગ નથી થઈ રહ્યું. આ તસવીર ૫ નવેમ્બર, ૨૦૧૯ની છે.

૨૦૦૮ના બેઇજિંગ ઓલિમ્પિલની

ઐતિહાસિક તસવીર પોસ્ટ કરી બોલ્ટે આપ્યો સોશિયલ ડિસ્ટેન્સિંગ પર સંદેશ

નવી દિલ્હી

ઘાતક કોરોના વાયરસના બચાવની એક રીતે સોશિયલ ડિસ્ટેન્સિંગ છે અને મહાન સ્પ્રિંટર ઉસેન બોલ્ટે તેને લઈને સોશિયલ મીડિયા પર પોતાનો જૂનો ફોટો ટ્વીટ કર્યો છે. ચીનથી ફેલાયેલા ખતરનાક વાયરસથ બચાવ માટે ઘણા દેશોમાં સોશિયલ ડિસ્ટેન્સિંગ એટલે કે લોકોને જરૂરી અંતર જાળવી રાખવા માટે અપીલ કરવામાં આવી રહી છે.

બોલ્ટે સોમવારે ૨૦૦૮ના બેઇજિંગ ઓલિમ્પિલની પોતાની ઐતિહાસિક તસવીર પોસ્ટ કરી જ્યારે તેણે ૧૦૦ મીટરની ફાઇનલમાં જીત હાંસિલ કરી અને રેકોર્ડ બનાવ્યો હતો. તેણે ઈસ્ટ પર પોતાના ફેન્સને શુભેચ્છા પણ આપી હતી. બોલ્ટે ૨૦૦૮ ઓલિમ્પિક ગેમ્સમાં બેઇજિંગના બર્ડ નેસ્ટ સ્ટેડિયમમાં પુરૂષોની ૧૦૦




મીટર દોડની ફાઇનલ જીતી હતી, જે રેસ તેણે માત્ર ૯.૬૯ સેકન્ડમાં પૂરી કરી વર્લ્ડ અને ઓલિમ્પિક રેકોર્ડ બનાવ્યો હતો. જમૈકાના આ દિગ્ગજ દોડવીરે ન માત્ર રેસ જીતી પરંતુ તે અમેરિકાના સ્પ્રિંટર રિચર્ડ થોમ્પસનથી ૦.૨૦ સેકન્ડ આગળ રહ્યો હતો. થોમ્પસન બીજા નંબર પર રહ્યો હતો. ૩૩ વર્ષીય બોલ્ટે આ જૂની તસવીરનો ઉપયોગ તે જણાવવા માટે કર્યો છે કે કઈ રીતે આ મુશ્કેલ સમયમાં દરેકે અન્ય લોકોથી ચોક્કસ અંતર જાળવવું જોઈએ. બોલ્ટે પુરૂષોની ૨૦૦ મીટર દોડમાં પણ જીત મેળવી હતી અને ડબલ ઓલિમ્પિક ગોલ્ડ મેડલિસ્ટ બન્યો હતો. બોલ્ટે કરિયરમાં વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ૧૧ અને ઓલિમ્પિકમાં ૮ ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યા હતા.

કોરોનાઃ સ્વૈચ્છિક સંસ્થા સાથે મળીને જરૂરિયાતમંદ લોકોને મદદ કરશે સંજય દત્ત

મુંબઈ

કોરોનવાઈરસને કારણે લૉકડાઉનમાં જરૂરિયાતમંદ પરિવારોની મદદ માટે બોલિવૂડ સેલેબ્સ આગળ આવ્યા છે. સંજય દત્તે હજાર પરિવારને ભોજન આપવાનો નિર્ણય કર્યો છે. સંજય દત્તે કહ્યું હતું કે આ સમયે દેશ મુસીબતમાં છે. દરેક લોકો એકબીજાની મદદ કરી રહ્યું છે. સોશિયલ ડિસ્ટેન્સિંગ તથા ઘરમાં રહેવાનો નિર્ણય લોકો બહાર ના આવે તે માટે લેવામાં આવ્યો છે. તેણે પણ



પોતાની ક્ષમતા પ્રમાણે મદદ કરવાનો નિર્ણય કર્યો છે.

સંજય દત્તે સ્વૈચ્છિક સંસ્થા સાવરકર શેલ્ટર્સ સાથે મળીને લોકોને મદદ કરવાનું નક્કી કર્યું છે. સંજય દત્ત બોરિવલીથી બાંદ્રાની વચ્ચે રહેતા જરૂરિયાતમંદ પરિવારને ભોજન પૂરું પાડશે. સંજય દત્તે કહ્યું હતું કે સાવરકાર શેલ્ટર્સ ઘણું જ સારું કામ કરી રહ્યું છે અને તે લોકોની દિવસ રાત મદદ કરે છે. આથી જ તેણે સાવરકર શેલ્ટર્સની મદદ કરવાનો નિર્ણય લીધો હતો. તેને આશા છે કે એકબીજાની મદદ કરીને આપણે આ મુશ્કેલ સમયમાંથી પસાર થઈ જઈશું.

સાવરકર શેલ્ટર્સના ચેરમેન રૂપેશ સાવરકરે કહ્યું હતુ કે કોરોનાવાઈરસની સામે લડવા માટે લોકો સાથે મળીને મદદ કરી રહ્યાં છે. અનેક લોકોને આ સમયે ભોજન મળતું નથી. સંજય દત્તે આ લોકોને મદદ કરવાનો નિર્ણય લીધો. તેમનો આ માનવીય પ્રયાસ અન્ય લોકોને પ્રેરણા આપશે. સોશિયલ સર્વિસ ઉપરાંત સંજય દત્ત ફિટનેસ પર પણ ધ્યાન આપી રહ્યો છે. સંજય દત્તે એક ટ્વીટ કરીને કહ્યું હતું કે આ સમયમાં ફિટ રહેવું ઘણું જ મહત્ત્વ છે. આથી જ સારું જમો, હેલ્થી રહો અને એક્સરસાઈઝ કરતાં રહો.

મહીમ વર્માએ ઉત્તરાખંડ ક્રિકેટ સંઘના સચિવ બન્યા BCCIના ઉપાધ્યક્ષ પદેથી આપ્યું રાજીનામુ

નવી દિલ્હી

મહીમ વર્માએ ઉત્તરાસંઘ ક્રિકેટ સંઘના સચિવ બન્યા બાદ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના ઉપાધ્યક્ષ પદેથી રાજીનામુ ધરી દીધું છે. વર્માએ જણાવ્યું કે આ ફક્ત એક ઔપચારિકતા હતી કેમકે તેની ટીમ ગયા મહિને જ રાજ્યમાં ચૂંટણી જીતી ચુક્યુ છે. BCCI તેમના રાજીનામા પર અધિકારિક રૂપથી નિર્ણય કરશે, જ્યારે તેમનું નિયમિત કામકાજ મુંબઈમાં આવેલ મુખ્યાલયમાં શરૂ કરવામાં આવશે. મહીમ વર્માએ કહ્યું કે મને મારા રાજ્ય સંઘની દેખરેખ રાખવાની છે.



જેનું સંચાલન હાલ સારી રીતે થઈ શકતુ નથી. મે CEO રાહુલ જોહરીને રાજીનામુ આપી દીધું છે. મને વિશ્વાસ છે કે તેઓ મારા રાજીનામાને સ્વીકારી લેશે.

વર્માને તેનું પદ છોડવુ પડ્યુ કેમકે BCCI સંવિધાન એક વ્યક્તિને એક સમયે રાષ્ટ્રીય અને પ્રાંતીય સ્તરે બે પદ પર રહેવાની અનુમતિ આપતું નથી, વર્માએ કહ્યું કે મે બોર્ડ સચિવ જય શાહને પહેલા જ આ અંગે જણાવી દીધુ હતુ. જો હુ પ્રદેશ સંઘનો પ્રભાવ ન લઉ તો કામ સરખી રીતે ન કરી શકિ મે ચૂંટણી પણ એટલે જ લડી હતી કેમકે કામ પર ધ્યાન આપી શકુ. વર્માએ ૨૩ ઓક્ટોબરથી BCCIના ઉપાધ્યક્ષ પદને સંભાળ્યુ હતુ, જ્યારે સૌરવ ગાંગુલી અધ્યક્ષ છે અને જય શાહ સચિવ, જયેશ જ્યોર્જ સહ સચિવ અને બ્રજેશ પટેલ IPLના ચેરમેન બન્યા હતા.

પૂર્વ પાકિસ્તાની ફર્સ્ટ ક્લાસ ક્રિકેટર ઝફરનું કોરોનાને કારણે નિધન




ઈસ્લામાબાદ

પાકિસ્તાનમાં પણ કોરોના વાયરસનું કાળો કહેર જોવા મળી રહ્યો છે. પાકિસ્તાનના ભૂતપૂર્વ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટર ઝફર સરફરાઝનું કોરોના વાયરસને લીધે મૃત્યુ થયું છે. ઝફરનો કોવિડ ૧૯ ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. તેઓ ૫૦ વર્ષના હતા. તેમણે ૧૯૮૮માં ડેબ્યૂ કર્યું હતું. તેમને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા અને ત્રણ દિવસ અગાઉ પેશાવરની એક ખાનગી હોસ્પિટલમાં આઈસીયુમાં એડમિટ કરાયા હતા.

સરફરાઝ લેફ્ટ હેન્ડેડ મિડલ ઓર્ડર બેટ્સમેન હતા. તેમણે પેશાવર માટે ૧૫ ફર્સ્ટ ક્લાસ મેચ રમી હતી જેમાં ૬૧૬ રન બનાવ્યા હતા. તેમણે છ આંતરાષ્ટ્રીય મેચમાં ૯૬ રન ફટકાર્યા હતા. ૧૯૯૪માં તેમણે ક્રિકેટમાંથઈ સંન્યાસ લઈ લીધો હતો. સંન્યાસ બાદ તેઓ પેશાવરના સીનિયર અને અંડર-૧૯ ટીમ માટે કોચિંગ પણ કર્યું હતું.

પાકિસ્તાનમાં કોરોના વાયરસે હાહાકાર મચાવ્યો છે અને અત્યાર સુધીમાં ૧૦૦થી વધુ લોકોના મોત થયા છે. પાકિસ્તાનાં કોવિડ- ૧૯ના કુલ ૫,૫૦૦ મામલા સામે આવ્યા છે જેમાં ખૈબર પખ્તુનખ્વાહમાં ૭૪૪ કેસો નોંધાયા છે.

કોરોના જેવી મહામારી છતાં ભારત કરશે એશિયાઈ બોક્સિંગ ચેમ્પિયનશીપની યજમાની



નવી દિલ્હી

કોરોનાના કારણે ટોક્યો ઓલમ્પિક એક વર્ષ માટે રદ્દ કરી દેવામાં આવી છે. તમામ ટૂર્નામેન્ટ કેન્સલ કરવામાં આવી રહ્યા છે. ભારતમાં ઈન્ડિયન પ્રીમીયર લીગની ૧૩મી સિઝન અને ઓસ્ટ્રેલિયામાં આ વર્ષે જ યોજાનારો ટી ટ્વેન્ટી વિશ્વકપ રદ્દ થાય તેવી અણી પર આવી ગયો છે. દુનિયાભરમાં કોરોના વાઈરસની મહામારીથી આશરે સવા લાખ લોકોએ જીવ ગુમાવ્યો છે. ભારતમાં પણ મૃત્યુ પામનારાઓનો આંકડો ૩૦૦ ઉપર છે. આમ છતાં ભારત એક મોટા ટૂર્નામેન્ટનું આયોજન કરી શકે છે.

ભારતીય બોક્સિંગ ફેડરેશને આ અંગે ખુલાસો કર્યો છે કે ભારત નવેમ્બર અને ડિસેમ્બરમાં મહિલા અને પુરૂષ એશિયાઈ બોક્સિંગ ચેમ્પિયનશીપની યજમાની કરશે. બીએફઆઈએ ભરોસા સાથે કહ્યું છે કે, ત્યાર સુધીમાં કોવિડ-૧૯ની મહામારી પૂર્ણ થઈ ચૂકી હશે.

ભારતે છેલ્લે પુરૂષ એશિયાઈ ચેમ્પિયનશિપનું આયોજન મુંબઈમાં ૧૯૮૦માં કર્યું હતું. જ્યારે મહિલા ચેમ્પિયનશીપની યજમાની ૨૦૦૩માં હિસારમાં કરી હતી. ગત્ત વર્ષથી ટૂર્નામેન્ટમાં પુરૂષ અને મહિલા વર્ગના મુકાબલાઓનું આયોજન એક સાથે થવા લાગ્યું. બીએફઆઈના કાર્યકારી નિર્દેશક આરકે સચેતીએ કહ્યું છે કે, એશિયાઈ બોક્સિંગ પરિસંઘની બેઠક બાદ ફેબ્રુઆરીમાં ભારતને યજમાની મળી હતી. ટૂર્નામેન્ટનું આયોજન નવેમ્બર-ડિસેમ્બરના રોજ કરવામાં આવશે અને તમામ વસ્તુઓ સામાન્ય થઈ જતા શહેર પર નિર્ણય લેવામાં આવશે.

રામાયણમાં સીતા હરણનો સીન જોઈને રડી પડ્યા અરવિંદ ત્રિવેદી



ઈડર

૮૦ના દાયકામાં રામાનંદ સાગરની રામાયણ માં રાવણનું પાત્ર ભજવનાર દિગ્ગજ અભિનેતા અરવિંદ ત્રિવેદી સમગ્ર ભારતમાં પોપ્યુલર બની ગયા છે. હવે એકવાર ફરીથી તેઓ ચર્ચામાં આવ્યા છે. તેમનો એક વીડિયો વાયરલ થયો છે, જેમાં તેઓ રામાયણ જોઈને અત્યંત ભાવુક થઈ જાય છે.

સરકારે લોકોની વાત માની હતી અને રામાયણ, મહાભાર જેવા તમામ ફેમસ ટીવી શોએ એકવાર ફરીથી દૂરદર્શન પર વાપસી થઈ હતી. આવામાં રામાયણને દર્શકો એટલો જ પ્રેમ આવી રહ્યા છે, જેટલો ૩૩ વર્ષ પહેલા આપ્યો હતો. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલ એક વીડિયોમાં અરવિંદ ત્રિવેદી રામાયણમાં સીતા હરણનો સીન જોઈને રડતા નજર આવી રહ્યાં છે. વીડિયોમાં જોઈ શકાય છે કે, જ્યારે રાવણ સીતા માતાનું હરણ કરે છે કે, તો અરવિંદ ત્રિવેદીની આંખમાં આસું હોય છે અને તેઓ પોતાના બંને હાથ જોડી લે છે.

રામાયણમાં રાવણનું પાત્ર અરવિંદ ત્રિવેદીએ ભજવ્યું હતું. વીડિયોમાં જોઈ શકાય છે કે, તેઓ પોતાના હાથ જોડી રહ્યાં છે અને લોકો પાસેથી માફી માંગી રહ્યાં છે. લોકડાઉનમાં રામાનંદ સાગરના રામાયણે ટીવી પર ૩૩ વર્ષ બાદ વાપસી કરી છે અને પબ્લિક હજી પણ તેને પસંદ કરી રહી છે. કોરોના વાયરસના લોકડાઉન વચ્ચે દૂરદર્શન ફરીથી પોપ્યુલર બની ગયું છે.

લોકડાઉનમાં કંટાળેલા ફેન્સને સની લિયોનીએ સિગ્નેચર ડાન્સ સ્ટેપનું આપ્યો ચેલેંજ

મુંબઈ

બૉલીવુડ અભિનેત્રી સની લિયોની ઘરમાં રહીને પણ પોતાના ફેન્સની સાથે કંઈકને કંઈક નવુ કરતી રહે છે. સનીએ હવે પોતાના ફેવરિટ ડાન્સ સ્ટેપ બતાવીને ફેન્સની સાથે કનેક્ટ થઈ છે. સની લિયોનીને ખાસ કરીને સિગ્નેચર ડાન્સ સ્ટેપ બહુ પસંદ છે.

સનીએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર ડાન્સ સ્ટેપ અને મૂવ બતાવ્યા છે, જેમાં ચપાતી, બેલન અને



જલેબી સામેલ છે. સનીએ એક વીડિયો શેર કર્યો છે, જેમાં તે તેના દરેક ડાન્સ સ્ટેપ વિશે સમજાવી રહી છે. વીડિયો શેર કરતાં અભિનેત્રીએ લખ્યુ- મારા સિગ્નેચર ડાન્સ મૂવ્સ, શું તમે આને કરી શકો છો? મારા મૂવ્સને કૉપી કરો અને હેશટેગલૉક્અપવિદસની અને એટસનીલિયોની પર ટેગ કરો, જેથી હુ તેને જોઈ શકું. બેસ્ટ મૂવ્ઝ એ ટલૉ ક્ડઅપવિદસની એકાઉન્ટ પર શેર કરવામાં આવશે. હેશટેગસનીલિયોની.

ફેન્સે પણ સનીની આ અપીલને સ્વીકારી છે, અને કેટલીક કૉમેન્ટ એવી પણ આવી છે જેમાં ફેન્સે લખ્યું છે હું તમને પ્રેમ કરુ છુ, અને તને પ્યાર સની. કેટલાકે સની માટે રેડ હાર્ટ અને ફાયર ઈમોજી પણ શેર કરી છે.

લોકડાઉન વધતા IPL સીઝન ૧૩નું સપનું રોળાયું, આગામી આદેશ સુધી સ્થગિત...?

નવી દિલ્હી

કોરના વાયરસના વધતા પ્રકોપની વચ્ચે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે લોકડાઉન ૩ મે સુધી વધારવાની જાહેરાત કરી છે. આ સ્થિતિમાં ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ૧૩ની આશા પણ ખતમ થઈ ચુકી છે.

બીસીસીઆઈ સૂત્રોના જણાવ્યા મુજબ, આઈપીએલને આગામી આદેશ સુધી સ્થગિત કરી દેવામાં આવે છે. આ પહેલા ૧૫ એપ્રિલ સુધી આઈપીએલને રદ્દ કરી દેવામાં



આવી હતી પરંતુ આજે પીએમના સંદેશ બાદ આઈપીએલને રદ્દ કરી દેવામાં આવી છે. બીસીસીઆઈના અધ્યક્ષ સૌરવ ગાંગુલી આવતીકાલે સત્તાવાર અપડેટ આપશે.

આ પહેલા બીસીસીઆઈએ ક્રિકેટના મહાકુંભ ઈન્ડિયન પ્રીમિયર લગીને ૧૫ એપ્રિલ સુધી સ્થગિત કરી દીધી હતી. બીસીસીઆઈના અધિકારીના જણાવ્યા મુજબ, અમે એક જવાબદાર સંસ્થા છીએ અને પહેલા દેશ ઉભો થઈ જાય તેમ ઈચ્છીએ છીએ. જે બાદ અમે ક્રિકેટ અને આઈપીએલ અંગે વાત કરીશું. કોરોના વાયરસના કારણે વિશ્વભરમાં ક્રિકેટ, ફૂટબોલ, બેડમિન્ટન સહિતની તમામ સ્પોર્ટ્સ એક્ટિવિટી હાલ બંધ કરી દેવામાં આવી છે.

ઘણાં દેશ કોરોના ઈન્ફેક્શન મામલે ભારત બરાબર ઉભા હતા. આજે તે દેશોમાં ભારતની સરખામણીએ કોરોના કેસમાં ૨૫થી ૩૦ ગણા કેસ વધી ગયા છે. તે દેશોમાં હજારો લોકોના દુખદ મૃત્યુ થયા છે. ભારતે પોલીસિંગ અપ્રોચ ન રાખ્યો હોત તો, ઈન્ટિગ્રેટેડ અપ્રોચ ન રાખ્યો હોત, સમયસર કડક નિર્ણય ન લીધા હોત તો આજે ભારતની સ્થિતિ કઈક અલગ જ હોત. તેની કલ્પના કરતાં જ રૂવાડાં ઉભા તઈ જાય છે. પરંતુ પહેલાના અનુભવથી એ સ્પષ્ટ છે કે, આપણે જે રસ્તો પસંદ કર્યો છે તે આજની સ્થિતિમાં આપણાં માટે યોગ્ય છે.

ઘણાં રાજ્યોએ પહેલેથી જ લોકડાઉન વધારી દીધું છે. દરેક સૂચનોને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવામાં આવ્યો છે કે, લોકડાઉનને ૩ મે સુધી વધારવામાં આવે. એટલે કે ૩ મે સુધી દેશના લોકો લોકડાઉનમાં રહેશે. આ દરમિયાન આપણે અનુશાસનનું પાલન કરવાનું છે, જે આપણે અત્યાર સુધી કરતાં આવ્યા છીએ. મારા દરેક દેશવાસીઓને પ્રાર્થના છે કે, આપણે હવે કોરોનાને કોઈ પણ નવા વિસ્તારમાં ફેલાવા નથી દેવાનો. સ્થાનિક સ્તરે એક પણ દર્દી વધે તો તે હવે આપણાં માટે ચિંતાનો વિષય છે.

વિશ્વભરમાં પહેલા પાનાનું ચાલું

ચૂટણીઓ સ્થિગિત કરાઈ છે. જોકે અમેરિકા અને ન્યૂઝીલેન્ડ ચૂંટણીને લઈને હજુ સુધી કોઈ નિર્ણય કરાયો નથી.

અમેરિકામાં અત્યાર સુધીમાં ૫ લાખ ૮૭ હજાર પોઝિટિવ કેસ નોંધાયા છે અને ૨૩ હજાર ૬૪૦ લોકોએ જીવ ગુમાવ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં અહીં ૨૬ હજાર ૬૪૧ નવા કેસ નોંધાયા છે અને ૧૫૩૫ લોકોએ જીવ ગુમાવ્યો છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ કોરોના વાઈરસને સ્વાઈન ફ્લૂ કરતા ૧૦ ગણો ઘાતક ગણાવી લોકડાઉન કે અન્ય પ્રતિબંધોને અચાનક ન હટાવવાની સરકારોને સલાહ આપી છે.

અમેરિકાના ઈતિહાસમાં પહેલી વખત ૫૦ રાજ્યોમાં ઈમર્જન્સી જાહેર

અમેરિકાના ઈતિહાસમાં પહેલી વખત ૫૦ રાજ્યોમાં ઈમર્જન્સી જાહેર કરવામાં આવી છે. અનેક લોકોના મોત નિપજ્યા છે અને સાથે કરોડો બેરોજગાર બની ગયા છે.

બ્રિટનમાં ૨૪ કલાકમાં ૭૧૭ લોકોના મોત

બ્રિટનના સોશિયલ કેર વિભાગના જણાવ્યા મુજબ સોમવારે ૭૧૭ લોકોએ જીવ ગુમાવ્યો છે, આ સાથે અહીં મૃત્યુઆંક ૧૧૩૨૯ થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં અહીં ૪૩૪૨ કોરોનાના નવા કેસ નોંધાયા છે. આ સાતે કુલ પોઝિટિવ કેસ ૮૮ હજાર ૬૨૧ થયા છે. કોરોનાના સંક્રમણને અટકાવવા માટે બ્રિટનમાં ચાલી રહેલા લોકડાઉનને સાત મે સુધી લંબાવવામાં આવ્યું છે.

સ્પેનમાં કુલ પોઝિટિવ કેસ ૧.૭૦ લાખ થયા છે અને ૧૭ હજાર ૭૫૬ લોકોએ જીવ ગુમાવ્યો છે. ઈટાલીમાં ૧.૬૦ લાખ પોઝિટિવ કેસ નોંધાયા છે અને ૨૦ હજાર ૪૬૫ લોકોએ જીવ ગુમાવ્યો છે. ચીન કરતા અમેરિકા, સ્પેન, ઈટાલી, ફ્રાન્સ, જર્મની અને બ્રિટનમાં વધુ પોઝિટિવ કેસ નોંધાયા છે. આમ પોઝિટિવ કેસની બાબતમાં ચીન સાતમાં નંબરે આવી ગયું છે. ભારત ૨૨માં નંબરે છે.

વડાપ્રધાન મોદીનું પહેલા પાનાનું ચાલું

નેતૃત્વનો મતલબ એ નથી કે લોકોને જવાબદારીનો અહેસાસ કરાવવો બલ્કે તેનો મતલબ એ છે કે, લોકો પ્રત્યે સરકાર પોતાની ફરજ નિભાવે. કોંગ્રેસ પ્રવક્તા અભિષેક મનુ સિંઘવીએ પણ કહ્યુ હતુ કે, પીએમ મોદીના ભાષણમાં મુખ્ય વાત જ ગાયબ હતી. ઉપદેશ અને પ્રેરણા આપવાની વાતો તો કરી પણ બધુ ખોખલુ છે. ના ગરીબો માટે કે ના મધ્યમ વર્ગ માટે કે ના ઉદ્યોગો માટે કોઈ જાહેરાત નથી.

રૂપાણી અને નીતિન પહેલા પાનાનું ચાલું

લાદેલા કરફ્યુ અંગે પત્રકાર પરિષદ યોજી હતી. આ પત્રકાર પરિષદમાં રાજ્યના અનેક પત્રકારો પણ સામેલ થયા હતા.

શહેરના કોટ વિસ્તાર અને દાણીલીમડા વિસ્તારને ૨૧ એપ્રિલ સુધી કર્ફ્યૂ લાદી દેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ નાયબ મુખ્યમંત્રી અને ગૃહરાજ્યમંત્રી સાથે શહેરમાં લદાયેલા કર્ફ્યુની જાહેરાત કરી હતી. આવતીકાલથી સવારે ૬ વાગ્યાથી કર્ફ્યુનો અમલ થશે. મહિલાઓ માત્ર બપોરે ૧થી ૪ વાગ્યા સુધી ઘરની બહાર નીકળી શકશે. આ મામલે આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ કહ્યું છે. સૌથી વધુ કેસ અમદાવાદમાં આવે છે અને અમદાવાદમાં કેસો અને સંક્રમણ વધતા ચિંતા વધી છે. જેથી કોટ વિસ્તારમાં કરફ્યુ લગાવ્યો છે. ટ્રેસ અને ટેસ્ટ કરીએ છીએ. વૃદ્ધ જેઓને કોઈપણ બીમારી હોય તો તેઓએ ખાસ ધ્યાન રાખવું. બધા લોકોએ આરોગ્ય સેતુ એપ્લિકેશન ડાઉનલોડ કરવી. જેથી એપ્લિકેશન દ્વારા જો આસપાસ કોઈ પોઝિટિવ દર્દી કે શંકાસ્પદ હશે તો માહિતી મળશે અને આપણે તેનાથી સતર્ક બની શકીશું. ટ્રેસ અને ટેસ્ટ કરીએ છીએ. વૃદ્ધોને કોઈપણ બીમારી હોય તો તેઓએ ખાસ ધ્યાન રાખવું જોઈએ.

૧૪ એપ્રિલના રોજ દિવસ દરમિયાન બનેલી શહેરની મહત્વપૂર્ણ ઘટનાઓ

અતિઆવશ્ય સેવા માટે પાસ લેવા જરૂરી : અમદાવાદના કોટ વિસ્તારમાં આવેલા શાહપુર, કારંજ, દરિયાપુર, ગાયકવાડ હવેલી, ખાડિયા, કાલુપુર અને દાણીલીમડા જેવા વિસ્તારોમાં આવતીકાલ સવારે ૬ વાગ્યાથી જ કર્ફ્યૂ લગાવવામાં આવશે. સ્થાનિક પોલીસ સાથે આ તમામ વિસ્તારમાં કડક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. પોલીસ, હોમગાર્ડ, એસઆરપી, પેરામિલિટ્રી ફોર્સ, બીએસએફ, આરએએફ સહિતના સ્ટાફને તૈનાત કરવામાં આવશે. કર્ફ્યૂના સમય દરમિયાન બપોરે ૧ વાગ્યાથી ૪ વાગ્યા સુધી માત્ર મહિલાઓ જ દૂધ, અનાજ, કરિયાણું વગેરે જેવી વસ્તુઓ લેવા જઈ શકશે. જ્યારે અતિઆવશ્યક સેવા માટે પાસ લેવા ફરજિયાત રહેશે. આ પાસ લેવા માટે ઓનલાઈન અરજી કરવી પડશે.

બપોરે CM રૂપાણીએ કોંગ્રેસના ૩ MLA સાથે બેઠક કરી હતી : કોરોનાને પગલે અમદાવાદના કોટ વિસ્તારને ક્લસ્ટર કન્ટેન્મેન્ટ કરાયો છે. ત્યારે અમદાવાદના ૩ વિસ્તારના કોંગ્રેસના ધારાસભ્યો સાથે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મિટિંગ યોજી હતી. મિટિંગમાં વર્તમાન પરિસ્થિતિ અંગે ચર્ચાવિચારણા કરી હતી. જેમાં દાણીલીમડાના ધારાસભ્ય શૈલેષ પરમાર, દરિયાપુરના ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ અને જમાલપુરના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ કોરોના કેસને પગલે ઊભી થયેલી સ્થિતિની ચર્ચા કરી હતી. આ ચર્ચામાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને ગૃહરાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજા જોડાયા હતા.

અમદાવાદમાં નવા ૩૧ કેસ નોંધાયા : કોરોના પોઝિટિવના નવા ૩૧ કેસો સાથે અમદાવાદમાં પોઝિટિવ કેસોનો આંકડો ૩૫૧ પર પહોંચ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હોટસ્પોટ વિસ્તારોમાં કોઈ છૂટછાટ ન આપવા નિર્ણય કર્યો છે તેથી અમદાવાદના તમામ હોટસ્પોટ વિસ્તારોમાં કોઈ છૂટ નહીં મળે. કોરોનાના પગલે દેશભરમાં લોકડાઉનને ૩ મે સુધી લંબાવાયું છે.

પરપ્રાંતીય મજૂરો લોકડાઉન ભંગ કરે તેવી શક્યતા : લોકડાઉન વધારવામાં આવતા શેલ્ટર હોમમાં રહેલા મજૂરો પોતાના વતનમાં જવાની જીદને લઈ બહાર નીકળી લોકડાઉનનો ભંગ કરી શકે છે. કાયદો વ્યવસ્થા જળવાય તેને લઈ આવા શેલ્ટર હોમ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં,ચેકપોસ્ટ પર પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. જે વિસ્તારમાં પરપ્રાંતીય મજૂરો રહે છે ત્યાં પેટ્રોલિંગ કરવા આદેશ આપવામા આવ્યા છે.

સોશિયલ મીડિયામાં ઉશ્કેરણીજનક લખાણ સામે સાયબર ક્રાઈમની નજર : લોકડાઉન દરમિયાન સોશિયલ મીડિયામાં લોકો બીભત્સ અને ઉશ્કેરણીજનક લખાણ લખતા હોવાને લઈ સાયબર ક્રાઈમ સોશિયલ મીડિયા પર નજર રાખતી હોય છે. અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે ફેસબુક પર કોરોના વાઈરસને લઈ બીભત્સ લખાણ લખનાર બે શખ્સ સામે અલગ અલગ ગુના નોંધ્યા છે. બિલાલ ખાન પઠાણ નામના યુવકે ફેસબુક પ્રોફાઈલ પર બીભત્સ લખાણ લખનાર સામે ગુનો નોંધ્યો છે. જ્યારે જુનેદ ફસારી ખાન નામના યુવકે ખાનગી ચેનલની પત્રકાર સામે બીભત્સ લખાણ લખ્યું હતું. તેમજ બિસ્કિટ અને તમાકુ, પાન બીડીવાળા સામે ઉપરાંત દારૂની બોટલ મૂકીને પણ બીભત્સ લખાણ લખ્યું હતું. જેથી સાયબર ક્રાઈમ બ્રાન્ચે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

આજે એક વર્ષની બાળકી લઈ ૮૦ વર્ષના વૃદ્ધાનો રિપોર્ટ પોઝિટિવ : કોરોના વાઈરસના હોટસ્પોટ અમદાવાદ શહેરમાં આજે નવા ૩૧ કેસો સામે આવ્યા છે. તમામ કેસોમાંથી ૨૫ કેસો હોટસ્પોટ વિસ્તારમાંથી સામે આવ્યા છે, જ્યારે અન્ય ૬ કેસ નવા વિસ્તારમાં એક જ પરિવારના હોવાનું સામે આવ્યું છે. આજે આવેલા નવા કેસોમાં દાણીલીમડાના સફી મંઝીલમાં રહેતી એક વર્ષની બાળકીથી લઈ માણેકચોકના ૮૦ વર્ષ વૃદ્ધા સુધીના કેસો નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં હોટસ્પોટ અને ક્વોરન્ટીન કરાયેલા એવા દાણીલીમડામાં ૧૧ કેસો, નવરંગપુરા વિસ્તારમાં ૭, માણેકચોકમાંથી ૫, દરિયાપુર અને વટવામાંથી ૩-૩, આંબાવાળી અને બહેરામપુરામાંથી ૧-૧ કેસ સામે આવ્યો છે.

આજના ૩૧ કેસોમાં પુરુષો કરતા મહિલાની સંખ્યા વધુ : ૩૧ કેસમાંથી નવરંગપુરા વિસ્તારમાં આવેલી સહકાર નિલકંઠ સોસાયટીમાં રહેતા એક જ પરિવારમાં ૮ વર્ષની બાળકી સહિત ૬ સભ્યોનો કેસો પોઝિટિવ આવ્યા છે. જ્યારે દાણીલીમડાના સફી મંઝીલમાં રબિયા એપાર્ટમેન્ટમાંથી ૯ કેસ નોંધાયા છે. દાણીલીમડાના સફી મંઝીલ વિસ્તાર હાલમાં ક્વોરન્ટીન હેઠળ છે. નવરંગપુરામાં એક જ પરિવારનો કેસ સામે આવતા તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી છે. આ પરિવારના કોન્ટ્રેક્ટ ટ્રેસિંગની કામગીરી હાથ ધરી છે. આજે જે ૩૧ કેસો સામે આવ્યા છે, જેમાં પુરુષો કરતા મહિલાની સંખ્યા વધુ છે. ૩૧માંથી ૧૮ મહિલાઓ અને ૩૧ પુરુષોનો સમાવેશ થાય છે. જેમાં એક ૭ વર્ષની બાળકીઓ પણ કોરોનાનો ભોગ બની છે.

૩ મે સુધી પહેલા પાનાનું ચાલું

સુધી ટાળવામાં સફળ રહ્યો છે.

તમે લોકોએ કષ્ટ સહન કરીને પણ આપણા દેશ અને ભારત વર્ષને બચાવ્યું છે. હું જાણું છું કે તમને કેટલી મુશ્કેલીઓ પડી છે. કોઈને જવા આવવાની તકલીફ, કોઈ ઘર-પરિવારથી દૂર છે. પરંતુ તમે લોકો દેશ માટે એક અનુશાસિત સિપાહીની જેમ તમારું કર્તવ્ય નિભાવી રહ્યા છો. હું આપ સૌને આદરપૂર્વક નમન કરું છું, એમ કહીને તેમણે લોકોની નારાજગી દૂર કરવાનો પણ પ્રયાસ કર્યો હતો.

તેમણે કહ્યું કે જાતે કોઈ બેદરકારી રાખવાની નથી, ના કોઈ બીજાને બેદરકારી કરવા દેવાની છે.. આવતી કાલે આ વિશે સરકાર તરફથી જરૂરી ગાઈડ લાઈન જાહેર કરવામાં આવશે. ૨૦ એપ્રિલે નક્કી કરાયેલા વિસ્તારોમાં છૂટની જોગવાઈ ગરીબ ભાઈ-બહેનોની આજીવીકાને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે, જે રોજ કમાય છે અને ગુજરાન ચલાવે છે. મારી સૌથી મોટી પ્રાથમિકતા આ ગરીબોની મુશ્કેલી ઓછી કરવાની છે. વડાપ્રધાન ગરીબ કલ્યાણ યોજના દ્વારા અમે દરેક શક્ય પ્રયાસ કર્યા છે. નવી ગાઈડલઈનમાં પણ તેમના હિતોનું ધ્યાન રાખવામાં આવ્યું છે.

ખેડૂતોને યાદ કરીને કહ્યું કે, હાલ આ વખતે રવી પાકની લણણીનું કામ ચાલી રહ્યું છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર મળીને પ્રયાસ કરી રહ્યા છે. ખેડૂતોને ઓછામાં ઓછી મુશ્કેલી પડે. સાથીઓ દેશમાં દવાથી માંડી રાશન સુધીનો પૂરતો ભંડાર છે. સપ્લાઈ ચેઈનની અડચણો સતત દૂર કરાઈ રહી છે. હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ વધી રહ્યું છે. જ્યાં માત્ર એક લેબ હતી. ત્યાં હવે ૨૨૦થી વધારે લેબ ટેસ્ટિંગનું કામ કરી રહી છે. વિશ્વનો અનુભવ કહે છે કે કોરોનાના ૧૦ હજાર દર્દી થશે તો ૧૫૦૦ બેડની જરૂર પડે છે. ભારતમાં આજે અમે ૧ લાખથી વધારે બેડની વ્યવસ્થા કરી દીધી છે. ૬૦૦થી વધારે હોસ્પિટલ કોવિડની સારવાર માટે કામ કરી રહ્યા છે. આ સુવિધાઓને ઝડપથી વધારાઈ રહી છે.

મહિના-દોઢ મહિના પહેલાં

ચાલને ભૂતકાળ ભૂલીને એક નવી શરૂઆત કરીએ પહેલાની જેમ આપણે ફરીથી ધીંગા મસ્તી કરીએ



"પ્રેમની વસંત બારેમાસ"

નીલકંઠ વાસુકિયા
મો.નંબર-9824856247
WRITER THINKER COLUMNIST

ગામમાં છેવાડાનું ઘર છે અને વિશાળ ઘરમાં બીજા માળ પર મોટો શયનખંડ આવેલો છે. આ શયનખંડમાં પથારીમાં પડ્યા પડ્યા વિરલ નામનો યુવાન ઈન્ટરનેટના માધ્યમથી અનેક લોકો સાથે વાતચીત કરી રહ્યો છે. સોશિયલ મિડીયાના માધ્યમથી અનેક શહોરના યુવક-યુવતિઓ વિરલના મિત્ર બને છે. વિરલની આવી જ એક દોસ્ત એટલે સુગંધી. સામેવાળી વ્યક્તિને ગમે કે ન ગમે તેની સહેજ પણ ચિંતા કર્યા વગર પોતાના મનની વાત સામેવાળા વ્યક્તિને મોઢા પર જ કહી દેવાની સુગંધીની આદતના કારણે વિરલ તેનાથી પ્રભાવિત થાય છે. મોટા શહેરમાં રહીને પણ સુગંધી તેના પરીવારના ગામડાના સંસ્કારો નથી ભુલી. થોડા દિવસોની વાતચીતમાં જ વિરલ અને સુગંધી સારા મિત્રો બની જાય છે. સુગંધી તેના મનની સઘળી વાતો વિરલને જણાવી રહી છે તો વિરલ પણ તેના સુખ દુઃખની વાતો સુગંધી પર પુર્ણ વિશ્વાસ મુકીને કહી રહ્યો છે. સુગંધી કોઈ મુશ્કેલીમાં હોય તો સૌથી પહેલા તે વિરલને જાણ કરીને મુશ્કેલીનું સમાધાન પુછે છે અને વિરલ પણ શક્ય એટલી તમામ મદદ કરીને સુગંધીના તમામ પ્રશ્નોના નિરાકરણ માટે પ્રયત્નો કરે છે. સવારના સમયમાં સુગંધી ચા નાસ્તો બનાવી રહી છે અને વિરલનો ગુડ મોન'ગનો મેસજ વાંચીને તરત વાત કરવા લાગે છે. આવુ થોડા દિવસો સુધી ચાલ્યા કરે છે અને સતત સંવાદ તથા એકબીજાના સાથે હોવાના અહેસાસના કારણે દોસ્તી પ્રેમમાં પરીણામે છે. પરંતુ પ્રેમનો પ્રસાવ મુકવાની બન્નેમાંથી કોઈ ઉતાવળ કરતુ નથી.

"તમે ક્યારેય કોઈને પ્રેમ કર્યો છે?" સુગંધીએ ધીમા આવાજથી પુછ્યુ

"હા, હું એક યુવતિના પ્રેમમાં છુ અને તે તારા શહેરમાં જ રહે છે. એ પણ તારા જેવા વ્યવસાયમાં જ છે." તેમ વિરલે કહ્યુ.

"કોણ છે તે નશીબદાર યુવતી કે જેને તમારી પ્રેમીકા બનવાનું નસીબ પ્રાપ્ત થયુ છે?"

"મારી પ્રેમીકાનું નામ જાણીને તારે શું કામ છે. તારા શહેરમાં જ રહે છે એટલે તું જાતે જ શોધી લેજે. હું તો તને મારી પ્રેમીકાનું નામ તો ક્યારેય નહી જ જણાવું"

વિરલ સાથેની આવી વાતચીતથી સુગંધી એમ માનવા લાગે છે કે વિરલ તેને પ્રેમ કરી રહ્યો છે અને ગોળ ગોળ ફેરવીને તમામ પ્રશ્નોના જવાબ આપવાનું ટાળી રહ્યો છે. સુંગધી અને વિરલ આખો દિવસ એકબીજા સાથે સમય કાઢીને વાતચીત કર્યા કરે છે અને એકબીજાના પ્રેમમાં દિવસે ને દિવસે વધુ આકર્ષીત થઈ રહ્યા છે. સુગંધી હવે વિરલ વગર એક દિવસ પણ રહી શકતી નથી અને વિરલ તેને મહત્તમ સમય આપે તે માટે સુગંધી સતત પ્રયત્નશીલ રહે છે. વિરલને પોતાના તરફ વધુને વધુ આકર્ષવા માટે સુગંધી અવનવી તરકીબો અપનાવે છે અને તેમાં મહદઅંશે સુગંધી સફળ પણ થાય છે. હવે વિરલ પણ સુગંધી વગર એકક્ષણ પણ દુર રહી શકતો નથી અને આખો દિવસ બસ સુગંધીને જ યાદ કર્યા કરે છે. વિરલ તેના મિત્રો હોય કે સહકર્મચારી તમામની પાસે સુગંધીના ગુણગાન ગાયા કરે છે. બપોરનું ભોજન કરીને સુગંધી તેના બેડરૂમમાં જઈને આરામ કરી રહી છે. સુગંધી ઘરના કામથી અને કેટલાક પારીવારીક પ્રશ્નોના કારણે થાકી ગઈ છે અને તે ઘરમાં પણ બધા લોકો સાથે ખુબ જ ઓછી વાતચીત કરી રહી છે ત્યારે વિરલનો ફોન આવે છે અને સુગંધીમાં નવી ઉર્જાનો સંચાર થઈ જાય છે.

"મારી પ્રેમીકા શું કરી



પ્રતિકાત્મક તસવીર

રહી છે? નક્કી આરામ ફરમાવી રહી હશે અથવા તો મને દિલથી યાદ કરી રહી હશે" તેમ વિરલ બોલે છે.

"તારી વાત એકદમ સાચી છે યાર. આજે હું તને ખુબ જ યાદ કરી રહી છુ અને તારો ફોન આવી ગયો" તેમ સુગંધીએ વળતો જવાબ આપ્યો.

"મને અચાનક જ એમ થયુ કે મારી સુગંધી કોઈ મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે અને તેનું મન આકુળ વ્યાકુળ બની ગયુ છે."

"હા વિરલ, હું સાચે જ મુંઝવણમાં મુકાઈ ગઈ છું. આ ઘરનું બધુ કામકાજ મારી એકલીને જ કરવાનું અને સાથે ગૃહ કંકાશ. મારાથી આ બધુ હવે સહન નથી થઈ રહ્યુ."

"તું તારા મનને શાંત કર અને પોઝીટીવ વિચાર. ઘરમાં તો થોડા ઝગડાઓ ચાલ્યા કરે અને આપણે પરીવારના સભ્યો નહી બદલી શકીએ. થોડું મોટુ મન રાખીને પરીવારના લોકો સાથે તું પ્રેમથી વ્યવહાર કરજે. થોડા દિવસોમાં જ તને ચોક્કસ સકારાત્મક પરીણામ મળશે." તેમ વિરલે કહ્યુ.

"હા, હું ચોક્કસ પ્રયત્ન કરીશ અને તારી સલાહ પ્રમાણે પરીવારજનો સાથે પ્રેમથી વ્યવહાર કરીશ. અત્યારે હું તારા સિવાય મારા મનની વાતો કોઈને કહી શકતી નથી. તને મારા મનની સઘળી વાત કહેવાથી મારા મનનો સઘળો ભાર હળવો થઈ ગયો." તેમ સુગંધીએ જણાવ્યુ.

વિરલની સલાહ મુજબ સુગંધી વર્તનમાં પરીવર્તન લાવે છે અને થોડા દિવસોમાં જ પરીવારમાં ફરીથી ખુશીઓનું વાતાવરણ જોવા મળી રહ્યુ છે. પરંતુ વિરલ - સુગંધીના પ્રેમને કોઈની નજર લાગી ગઈ હોય તેવી ઘટના બને છે. પોતાના મિત્રો સાથે વિરલ ચર્ચા કરી રહ્યો હોય છે ત્યારે અચાનક જ સુગંધી તેમા કુદી પડે છે અને વિરલના વિરૂધ્ધમાં તેનો વ્યક્તિગત વિચાર વ્યક્ત રહે છે. આ વાત વિરલને સહેજ પણ ગમતી નથી. વિરલ અને સુગંધી વચ્ચે પહેલી વખત ઉગ્ર બોલાચાલી થાય છે અને બન્ને એકબીજા સાથે વાતચીત કરવાનું પણ બંધ કરી દે છે. એકબીજાથી દુર થવા છતાં પણ બન્ને વચ્ચેના પ્રેમમાં સહેજ પણ ઓટ આવતી નથી. વિરલ અને સુગંધી ફક્ત એકબીજા સાથે વાત નથી કરી રહ્યા પરંતુ બન્નેના મન તો એક જેવા જ છે. થોડા દિવસો પછી બન્ને એકબીજાને મોબાઈલ પર કટાક્ષભર્યા મેસેજ મોકલ્યા કરે છે અને પ્રેમ સંબંધ બગાડવા માટે મારી નહી પરંતુ તારી ભુલ હતી તેવું સાબીત કરવા માટે પ્રયત્નશીલ રહે છે. એકબીજાથી સતત દુર રહેવાના કારણે બન્નેને પોતાની ભુલનો એહસાસ તો થઈ રહ્યો છે પરંતુ ભુલ સ્વિકારવાની કોઈ તૈયારી બતાવતું નથી. આખરે એક દિવસ વિરલ સુગંધી સાથે વાત કરે છે અને કહે છે કે, "આપણે બન્ને એકબીજાને ઓળખી ન શક્યા અને આટલા દિવસો દુર રહ્યા" ત્યારે સુગંધી પણ કહે છે કે," હા, કદાચ આવુ જ છે". વિરલ સુગંધીના મનનો ભાવ તરત જ સમજી જાય છે અને એકપણ ક્ષણનો વિલંબ કર્યા વગર કહે છે કે "ચાલને ભૂતકાળ ભૂલીને એક નવી શરૂઆત કરીએ, પહેલાની જેમ આપણે ફરીથી ધીંગા મસ્તી કરીએ" વિરલની આવી વાતથી સુગંધીમાં ફરી પ્રેમી પ્રત્યોનો સંપુર્ણ વિશ્વાસ પરત ફરે છે. સુગંધી કહે છે કે," હવે ફરી ક્યારેય આવી રીતે મને એકલી મુકીને ન જતો રહેતો. તારા વગરનું મારૂ જીવન શુન્ય બની જાય છે અને તારા આગમનથી મારા જીવનમાં ફરીથી વસંત ખીલી ઉઠી છે." આ સાંભળીને વિરલે પણ કહ્યુ કે," આપણે ભલે દુર હતા પરંતુ બન્ને મનથી તો જોડાયેલા જ હતા. આપણો પ્રેમ ગમે તેવી પરીસ્થીતીમાં પણ અતુટ રહ્યો છે અને અતુટ રહેશે" સુગંધી અને વિરલ ફરીથી પહેલાની જેમ જ ધીંગા મસ્તી કરવા લાગે છે અને પ્રેમથી સાથે સમય પસાર કર્યા કરે છે. હવે વિરલ પણ સુગંધીની તમામ જીદ પુરી કરી રહ્યો છે અને ફરીથી પરીવારમાં ખુશીઓ પરત ફરે છે. (પ્રતિકાત્મક તસવીર સૌજન્યઃ- સુચિતા ભટ્ટ, અમદાવાદ)

લોકડાઉનમાં પરપ્રાંતિય લોકો વતન તરફની જીદ સામે પોલીસે તૈયાર કર્યો એક્શન પ્લાન

અમદાવાદ

હાલમાં સમગ્ર દેશમાં તેમજ ગુજરાત રાજયમાં કોવિડ - ૧૯ સંક્રમણને નિયંત્રિત કરવા સાથે સરકાર દ્વારા લોકડાઉન જાહેર કરાયું હતું. ત્યારે હવે લોકડાઉન ની મુદત માં વધારો થતાં પોલીસનો એક લેટર સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે. જેમાં પોલીસને પરપ્રાંતીય લોકો માટે ખાસ સૂચના આપી જીઆઈડીસી વિસ્તાર અને શેલટર હોમમાં ખાસ ધ્યાન રાખવા સૂચના અપાઈ છે. બીજી તરફ ક્રાઈમ બ્રાન્ચને સંવેદનશીલ વિસ્તારો ની જવાબદારી સોંપાઈ છે. પરપ્રાંતીય લોકો વતન જવાની જીદ ન પકડે તે માટે પોલિસ એક્ટિવ થઈ છે.

લોકડાઉન દરમ્યાન ગુજરાત રાજયમાં આવેલ પરપ્રાંતિય મજૂરો પોતપોતાના વતન તરફ જવાની રાહ જોઈ રહ્યા છે. આવા સંજોગોમાં પરપ્રાંતિય મજૂરો મોટી સંખ્યામાં પોતાના વતન જવા માટે પ્રયત્ન કરે તેવી શકયતા નકારી શકાય નહીં . જેના લીધે જો લોકડાઉન કાયમ રહે તો કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉભા થવાની શકયતા પોલીસને જણાઈ રહી છે. કાયદો અને વ્યવસ્થા જાળવવા સારૂં સુચનાઓ જાહેર કરાય છે. અમદાવાદ શહેર ખાતે આવેલ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારો, જીઆઈડીસી કે જે વિસ્તારોમાં પરપ્રાંતિય મજુરો રહેતા હોય તે વિસ્તારોમાં તા.૧૪મીને સવારથી જ જરૂરીયાત પ્રમાણે ફીક્સ પોઈન્ટ ગોઠવવા, જરૂરીયાત પ્રમાણે ચેક પોસ્ટ લગાવવી તથા બેરીયર રાખવા, ફીક્સ પોઈન્ટ ઉપર પ્રોટેકટર, ગેસગન, ટીયર ગેસ, ઍમ્યુનેશન, રબર બુલેટ્સ, એન્ટી રાયોટ શિલ્ડ , સહિત તમામ એન્ટી રાયોટ કીટ રાખવા સૂચના અપાઈ છે. તેમજ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારોમાં જે વિસ્તારોમાં પરપ્રાંતિય મજુરો રહેતા હોય તે વિસ્તારોમાં પેટ્રોલીંગ ગોઠવવા સૂચના અપાઈ છે.

મજૂરો મોટા પ્રમાણમાં વતન જવા માટે પ્રયાસ ના કરે તે માટે જે તે ઉદ્યોગોના માલીકો, મંજુરીના કોન્ટ્રાકટરો , મજુરો જ્યાં રહેંતા હોય તેના મકાન માલીકો સાથે તથા મજૂરો સાથે સંપર્કમાં રહી સંવાદ કરવો અને મજુરો શાંત રહે અને પરત જવાની ખોટી ચેસ્ટા ના કરે તેની સમજ કરવા પોલીસને સૂચના અપાઈ છે. જે મજૂરો સેલ્ટર હોમમાં રહે છે તે પણ જવાના પ્રયાસ કરશે તેની શક્યતાને ધ્યાને લઈ પોત પોતાના વિસ્તારના સેલ્ટર હોમ ઉપર પણ યોગ્ય બંદોબસ્ત રાખવા જણાવ્યું છે. વતન તરફ જતા મજુરોને જ્યારે પોલીસ અટકાવવાનો પ્રયાસ કરશે ત્યારે ઘર્ષણ થવાની સંભાવનાઓ રહે છે, આવા સંજોગોમાં પુરતી પોલીસ ફોર્સ રાખી તેમજ ઘર્ષણની સંજોગોને યથા સંભવ ટાળી સંયમથી કામ લેવા સૂચના અપાઈ છે.

બંદોબસ્તના કર્મચારીઓ પાસે અને વાહનોમાં પુરતા પ્રમાણમાં લાઠી , હેલ્મેટ , બોડી પ્રોટેકટર , ગેસગન, ટીયર ગેસ, એમ્યુશન, રબર બુલેટ્સ, એન્ટી રાયોટ જિલ્ડ, સહિત તમામ એન્ટી રાયોટ કીટ રાખવા સૂચના અપાઈ છે. તો ક્રાઈમ બ્રાન્ચને સંવેદનશીલ વિસ્તારોની જવાબદારી આપી સ્પેશ્યલ સીપી અજય તોમર ને રિપોર્ટિંગ કરવાની સૂચના વિશેષ શાખા ના આ પરિપત્ર માં જણાવાઈ છે.

અમદાવાદ, વડોદરા અને રાજકોટની મધ્યસ્થ જેલ દ્વારા કુલ ૬૭,૮૦૯ માસ્કનું ઉત્પાદન

ગાંધીનગર

કોરોનાની મહામારીએ વિશ્વ આખાને ભરડામાં લીધું છે. વાયરસનું સંક્રમણ અટકાવવા સોશિયલ ડિસ્ટન્સિંગની સાથે સાથે માસ્ક, ગ્લોવ્સ જેવા રક્ષાત્મક સાધનોની અનિવાર્યતા છે. રાજ્યની જેલોમાં બંદીવાનોએ તેમની ફરજના ભાગરૂપે લોકોને કોરોનામાંથી મુક્તિ અપાવવાનું અનોખું અભિયાન હાથ ધર્યું છે.

અમદાવાદ, વડોદરા અને રાજકોટની ત્રણેય મધ્યસ્થ જેલ દ્વારા કુલ ૬૭,૮૦૯ માસ્કનું ઉત્પાદન કરવામાં આવ્યું છે. જેલ દીઠ ૨૫ એમ કુલ ૭૫ કેદીઓ માસ્ક બનાવવાની કામગીરીમાં જોડાયા છે. અમદાવાદ મધ્યસ્થ જેલમાં ૨૮,૩૦૦, રાજકોટ મધ્યસ્થ જેલમાં ૩૦,૯૦૯ અને વડોદરા મધ્યસ્થ જેલમાં ૮.૬૦૦ મસ્કનું ઉત્પાદન કરવામાં આવ્યું છે.

જેલમાં બનેલા કુલ માસ્કમાંથી રાજ્યના નાગરીકો દ્વારા ૭૯૫૪, માસ્કની ખરીદી કરવામાં આવી છે. જેલમાં બનેલા બહુધા માસ્ક અન્ય સરકારી વિભાગ દ્વારા ખરીદવામાં આવ્યા છે. વિવિધ સરકારી વિભાગ અને નિગમ દ્વારા હજુ પણ માસ્કની માંગ હોવાથી ત્રણેય મધ્યસ્થ જેલમાં માસ્ક ઉત્પાદન ચાલુ છે. અત્રે ઉલ્લીખનીય છે કે, મધ્યસ્થ જેલ સહિતની અન્ય જેલના કેદીઓને પણ જેલમાં બનેલા માસ્ક જ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે.

નાગવાડાથી સિહોર આવેલા ૨૦ વર્ષીય યુવાનનું તબલીગી કનેક્શન, રિપોર્ટ કોરોના પોઝિટિવ

ભાવનગર

ભાવનગરના સિહોરમાંથી ૧૦ લોકો વડોદરાના નાગરવાડા ગયા હતા. તેમાંથી રાત્રે ૧નો રીપોર્ટ પોઝિટિવ આવતા મોડીરાત્રે વહીવટી તંત્ર અને પોલીસ કાફલો સિહોરના જલુના ચોકમાં પહોંચી તમામ વિસ્તારને સીલ કરવામાં આવ્યો હતો. ભાવનગરના સિહોરમાંથી એક ૨૦ વર્ષીય યુવાનનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા તંત્રમાં દોડધામ મચી છે.

રાત્રે જ યુવાન રહેતો તે વિસ્તારને સીલ કરાયો અલ્ફાઝ હનીફ દસાડીયા નામનો યુવાન કે જે વડોદરા નાગરવાડા તબલીઘ જમાતમાં ગયા બાદ ૨૩ માર્ચના રોજ પરત ફર્યો હતો. તેમની સાથે અન્ય ૯ લોકો પણ સાથે હોય જેની હકીકત મળતા તંત્ર દ્વારા આ ૧૦ લોકોનો રિપોર્ટ કરાવતા ૧ પોઝિટિવ આવ્યો હતો.જેને લઈ નાયબ કલેકટર, મામલતદાર, પોલીસ અધિકારીઓ તેમજ આરોગ્યની ટીમ સહિતનો કાફલો સિહોરના જલુના ચોક વિસ્તારમાં દોડી ગયો હતો અને સમગ્ર વિસ્તારને અડધી રાત્રે સીલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જ્યારે પરિવારના ૭ સભ્યોને પણ ક્વોરન્ટીન કરવામાં આવ્યા છે. ભાવનગરમાં સિહોરના યુવાનનો કોરોના પોઝિટિવ રિપોર્ટ મળી કુલ ૨૪ કેસ નોંધાયા છે. જેમાં જેસર બાદ બીજો ગ્રામ્ય કક્ષાનો કેસ સામે આવ્યો છે. જો કે ઘોઘામાં ૪ વર્ષની બાળકીનો પોઝીટીવ કેસ શહેર કે ગ્રામ્યમાં ગણવો તે નક્કી નથી.

જૂનાગઢ કલેકટરે IIT-JEE, NEET જેવી પરીક્ષાઓ માટે શરુ કરાવ્યો ઓનલાઈન ફ્રી કોર્સ

જૂનાગઢ

જૂનાગઢ જિલ્લામાંથી દર વર્ષે મોટી સંખ્યામાં ધોરણ ૧૨ પછી વિદ્યાર્થીઓ IIT-JEE, NEET અને GUJ-CET જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપતાં હોય છે. તેવામાં હાલ લોકડાઉનના કારણે કોચિંગ ક્લાસ બંધ હોવાથી તેમને મુશ્કેલીઓ પડી રહી છે. આ વાતને ધ્યાનમાં રાખી જૂનાગઢ જિલ્લા વહિવટી તંત્રએ મહારાષ્ટ્રના પ્રતિષ્ઠિત કોચિંગ ક્લાસ સાથે ટાયઅપ કર્યું છે. આ કોચિંગ ક્લાસ તરફથી વિદ્યાર્થીઓ માટે એક ઓનલાઈન ફ્રી કેશ કોર્સ શરૂ કરવામાં આવશે. આ ફ્રી અને ઓનલાઈન કોર્સ ૧૬ એપ્રિલથી શરુ થનાર છે ત્યારે જૂનાગઢ જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધીએ એક વીડિયો શેર કરી વિદ્યાર્થીઓને આ અંગે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ આ વર્ષે પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તક ગુમાવે નહીં તે માટે આ આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે જ વિદ્યાર્થીઓ ઝડપથી ઓનલાઈન ક્લાસ માટે નોંધણી કરાવી લે જેથી ક્લાસ શરુ થતાં તેનો લાભ લઈ શકે.

અમદાવાદમાં કોરોના કેસોની કુલ સંખ્યા ૩૫૧, ૧૩ના મોત, ૧૨ લોકો ડિસ્ચાર્જ

૭૧૯ ટીમોએ ૧.૦૯ લાખ ઘરમાં ચેકિંગ કર્યું, ૩૦૭૦ લોકો હાલ ક્વોરન્ટાઈન-AMC

અમદાવાદ

કોરોના પોઝિટિવના નવા ૩૧ કેસો સાથે અમદાવાદમાં પોઝિટિવ કેસોનો આંકડો ૩૫૧ પર પહોંચ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હોટસ્પોટ વિસ્તારોમાં કોઈ છૂટછાટ ન આપવા નિર્ણય કર્યો છે તેથી અમદાવાદના તમામ હોટસ્પોટ વિસ્તારોમાં કોઈ છૂટ નહીં મળે. કોરોનાના પગલે દેશભરમાં લોકડાઉનને ૩ મે સુધી લંબાવાયું છે.

કોરોના વાયરસના કેસ રાજ્યમાં સતત વધી રહ્યા છે. ત્યારે અમદાવાદની વાત કરીએ તો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનર વિજય નેહરાએ પ્રેસ કોન્ફરન્સ કરી જણાવ્યું કે છેલ્લા ૧૫ કલાકમાં શહેરમાં વધુ ૩૧ કેસ નોંધાયા છે. આ સાથે તેમણે કહ્યું કે આગામી દિવસોમાં પણ કેસ વધશે એવી મજબૂત સંભાવનાઓ છે. એએમસી કમિશનરે કહ્યું કે શહેરના વિવિધ વિસ્તારોની વાત કરીએ તો માણેકચોકમાં ૫, દરિયાપુરમાં ૩ કેસ જ્યારે નવરંગપુરામાં એક જ પરિવારના ૭ લોકો કોરોના પોઝિટિવ નોંધાયા છે. નવા કેસ ૪-૫ પરિવાર સાથે સંકળાયેલા છે. તેથી પરિજનોને ચેપની વધુ શક્યતા છે. નેહરાએ વધુમાં જણાવ્યું કે અમદાવાદમાં કુલ ૬,૫૯૫ સેમ્પલ લેવામાં આવ્યા છે. અને પેસિવ સર્વેલન્સમાં ૧,૧૮૫ સેમ્પલ લેવાયા છે. જ્યારે ચેકપોસ્ટ પર ૨૪,૬૪૧ લોકોનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું છે.

આ સિવાય તેમણે કહ્યું કે કુલ ૭૧૯ ટીમોએ ૧.૦૯ લાખ ઘરમાં ચેકિંગ કર્યું છે. ત્યારે ૩૦૭૦ લોકો હાલ ક્વોરન્ટાઈન છે. નેહરાએ જણાવ્યું કે તંત્ર દ્વારા સતત યોગ્ય નિર્ણય લેવા અને તે મુજબ કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેના કારણે હાલ શહેરમાં પરિસ્થિતિ કાબૂમાં છે. આપણે જણાવી દઈએ કે અમદાવાદમાં કોરોના કેસોની કુલ સંખ્યા ૩૫૧ એ પહોંચી છે જ્યારે ૧૩ લોકોના મોત થયા છે અને ૧૨ લોકો ડિસ્ચાર્જ થયા છે.

મહેસાણાના સતલાસણમાં બે કોરોના પોઝિટિવ કેસ આવતા તંત્રમાં ફફડાટ

મહેસાણા

મહેસાણામાં અત્યાર સુધીમા માત્ર બે કેસ જ હતા. પરંતુ આજે એટલે ૧૪ એપ્રિલે મહેસાણાના સતલાસણમાં કોરોના પોઝિટિવના બે કેસ સામે આવ્યા છે. મુંબઈથી આવેલા બે વ્યક્તિઓના સેમ્પલ પોઝિટિવ આવતા સતલાસણા તંત્ર દોડતું થઈ ગયું છે. આ સાથે જ મહેસાણામાં કોરોના વાયરસનો આંકડો ચાર ઉપર પહોંચી ગયો છે. મળી રહેલી જાણકારી અનુસાર, સાત એપ્રિલે મુંબઈથી જસવંતસિહ ઉદેસિંહ અને કનકસિંહ ઈન્દ્રસિંહ મુંબઈથી એક લાશ લઈને સતલાસણા આવ્યા હતા. તે બંને વ્યક્તિઓના રિપોર્ટ પોઝિટિવ આવતા પંથકમાં ડરનો માહોલ ઉભો થયો છે. કારણ કે, તેઓ સાત એપ્રિલે આવ્યા જ્યારે તેમનો રિપોર્ટ આજે એટલે ૧૪ તારીખે આવ્યો છે. તેથી આ દરમિયાન દર્દીઓ જેટલા પણ લોકોને મળ્યા હતા, તેમની શોધ કરીને તમામ લોકોને હોમ કોરન્ટાઈન કરીને તેમના સેમ્પલ લઈને રિપોર્ટ કરવા પડશે.

બંને દર્દીઓમાંથી કનકસિંહ ઈન્દ્રસિંહ ધરોઈના રહેવાસી હોવાનું કહેવામાં આવી રહ્યું છે, જેમને હાલમાં હોમ કોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે જસવંત સિંહ ઉદેસિંહ જેઓ સતલાસણાના રહેવાસી છે, તેમને વડનગર મેડિકલ કોલેજ ખાસે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ બંને દર્દીઓની ટ્રાવેલ હિસ્ટ્રી ખુબ જ લાંબી હોવાના કારણે ડરનો ભય વધી ગયો છે.

એવી શક્યતાઓ જોવામાં આવી રહી છે કે, આ પંથકમાં અન્ય પણ કોરોના પોઝિટિવ કેસ સામે આવી શકે છે. તેથી ગુજરાત એક્સક્લિઝિવ તમને અપીલ કરી રહ્યું છે કે "ઘરમાં રહો સુરક્ષિત રહો. ઉપરોક્ત બંને દર્દીઓ કેટલા લોકોને મળ્યા છે, તેમની હાલમાં તપાસ ચાલી રહી છે, જેમને થોડા સમયમાં હોમ કોરન્ટાઈન કરી દેવામાં આવશે, તેથી હાલમાં બહાર નિકળીને પોતાના જીવને જોખમમાં મૂકશો નહીં.

વળતર માટે માછીમારોને સરકાર સામે અંદોલન કરવા પોરબંદર ભાજપ નેતાએ આપી સલાહ

પોરબંદર

ગુજરાતમાં કોરોનાનો કોહરામ મચેલો છે. દરરોજ અનેક પોઝિટીવ કેસો સામે આવી રહ્યા છે. ત્યારે પોરબંદરમાં ભાજપ નેતાની વિવાદાસ્પદ પોસ્ટ સામે આવી છે. ભાજપ નેતાએ રાજયના માછીમારોને આંદોલન કરવાની સલાહ આપી છે. આ ભાજપના નેતાનું નામ નિલેશ કિશોર છે, જેમણે ફેસબુક પોસ્ટ પર માછીમારોને આંદોલન કરવાની સલાહ આપી છે. ભાજપન નેતાએ ફેસબુક પોસ્ટથી હાલ રાજકારણમાં ગરમાવો આવ્યો છે, તો બીજી બાજુ મોટો વિવાદ સર્જાયો છે. આ ઘટનામાં જાણવા મળી રહ્યું છે કે એક માછીમારે વળતરની માગ સાથે એક પોસ્ટ કરી હતી. તેના જવાબમાં ભાજપના નેતા નિલેશ કિશોરે જણાવ્યું હતું કે, માગ્યા વગર તો મા પણ ન આપે. જેથી તમે ખેડૂતોની જેમ ધમકી આપી આંદોલન કરો.

આ પોસ્ટથી મોટો વિવાદ સર્જાયો છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, કોરોનાના કહેર વચ્ચે ભાજપના નેતાઓ રાજકારણ કરી રહ્યા હોય તેવી એક ઘટના સામે આવી છે. ભાજપના જવાબદાર નેતાની ફેસબુક પર વિવાદસ્પદ કોમેન્ટના કારણે રાજનીતિ ગરમાઈ છે. ભાજપના આગેવાન અને પાલિકાના પૂર્વ ઉપપ્રમુખ નિલેશ કિશોરે ફેસબુક પર એક વિવાદસ્પદ કોમેન્ટ કરતા રાજકારણ ગરમાયુ છે. આ વિશે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે,

ફેસબુકમાં કોઈ માછીમારએ પોસ્ટ કરી હતી કે ઝસ વિજયભાઈ માછીમારોને કોરોના વાઈરસને લીધે નુકશાનીનું વળતર આપો.. તો પાલિકાના ઉપપ્રમુખ નિલેશ કિશોરે માછીમારોને તે પોસ્ટના જવાબમાં આંદોલન કરનાની સલાહ આપી હતી. ભાજપના નેતાજીએ ફેસબુક પોસ્ટમાં લખ્યું હતું કે, માંગ્યા વગર તો માએ ન આપેપ તમે ખેડૂતોની જેમ ધમકી આપો, આંદોલન કરો તો મળે નહી તો ભૂખ્યા મરો. માલ ખાય મદારીનેપ' આવી એક માછીમારોની કટાક્ષ અને સરના આગેવાન વિવાદસ્પદ કોમેન્ટ કરી માછીમારોની ચિંતા કરી હતી. પરંતુ તેમને માછીમારોને આંદોલન કરવાની સલાહ આપીને મોટો વિવાદ સર્જયો હતો.

કોરોનાને લઈ પોરબંદરમાં તંત્ર સતર્ક, કોરોનાના ૧૦૨ સેમ્પલ નેગેટિવ આવતા હાશકારો

પોરબંદર

કોરોના વાઈરસના સંક્રમણને પોરબંદર જિલ્લામાં વધુ ફેલાતો અટકાવવા માટે જિલ્લાતંત્ર ગંભીરતાથી કામ કરી રહ્યું છે. લોકડાઉનના સમયગાળા દરમિયાન જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ લોકોને મળી રહે તે સરકાર દ્વારા સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. તારીખ ૧૫ એપ્રિલથી બજાર સમિતઓ અનાજ માર્કેટ યાર્ડ શરૂ થનારા છે, જે મુજબ માર્કેટીંગ યાર્ડમાં ૧૫ એપ્રિલથી ઘઉં, જીરૂ અને ધાણાની વેચાણ માટેની પ્રકિયા હાથ ધરાશે. દરેક દિવસે ૧૦ ગામોના ખેડૂતોને તેમની જણસી વેચાણ માટે બોલાવવામાં આવશે. આ માટે ખેડૂતોએ ગામના સરપંચો અને APMC નો સંપર્ક કરવાનો રહેશે.

ખેડૂતોએ આ દરમિયાન સોશિયલ ડિસ્ટેન્સનું પાલન કરવુ જરૂરી છે. આ દરમિયાન કોઈ ખેડૂત, વેપારી કે કર્મચારીને કોરોના વાઈરસના લક્ષણો જણાય તો તાત્કાલિક ૧૦૪ નંબર પર જાણ કરવી. માર્કેટીંગ યાર્ડ/સબયાર્ડમાં પ્રત્યેક વ્યક્તિએ સેનીટાઈઝરનો ઉપયોગ કરીને જ પ્રવેશવું. આ ઉપરાંત ફુડ પ્રોસેસિંગ સાથે સંકળાયેલા ઉદ્યોગકારો આગામી સમયમાં પોતાના ફૂડ પ્રોસેસિંગ પ્લાન્ટ શરૂ રહે અને તેઓની રો મટીરીયલ અને સપ્લાઈની ચેઈન ખોરવાઈ નહી તે માટેનું આયોજન કરવામાં આવશે.

હાલ સુધીમાં શંકાસ્પદ વ્યક્તિઓનાં લેવામાં આવેલા ૧૦૨ સેમ્પલ નેગેટિવ આવેલા છે. પોરબંદર જિલ્લામાં ત્રણ કેસ પોઝિટિવ આવ્યા હતા તેઓ સારવાર દરમિયાન સંપૂર્ણ સ્વસ્થ થઈ જતાં અને તેઓના રીપોર્ટ પણ નેગેટિવ આવતા પોરબંદર જિલ્લામાં હાલ એક પણ કેસ પોઝિટિવ નથી. પોરબંદર જિલ્લાના જે વિસ્તારમાં કોરોના વાઈરસ પોઝિટિવ આવ્યો હતો, તે વિસ્તાર-આશાપુરા ચોક અને જુના ફુવારા પોલીસ લાઈનને કલસ્ટર ક્વોરોનટાઈન જાહેર કરવામાં આવેલો છે.

લોકડાઉનઃ ગીર સોમનાથમાં કોરોનાના શંકાસ્પદ ૪ દર્દીના સેમ્પલ લેવાયા

ગીર સોમનાથ

જિલ્લામાં કોરોના વાઈરસના શંકાસ્પદ દર્દીના સેમ્પલ લેવામાં આવ્યા છે. તેમજ જિલ્લાના એક માત્ર પોઝિટિવ કેસ કોરોના વાઈરસ ગ્રસ્ત મહિલા દર્દીનું ફોલોઅપ સેમ્પલ પણ લેવાયુ હતું. ગીર સોમનાથમાં કોરોના વાઈરસને મહામારી જાહેર કરવામાં આવી છે. કોરોના વાઈરસના સંક્રમણના કારણે ગીર સોમનાથ જિલ્લામાં લૉકડાઉનનો ચુસ્ત પણે અમલ કરવામાં આવી રહ્યો છે. જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ ગીર સોમનાથ જિલ્લામાં કોરોના વાઈરસ ન ફેલાય તે માટે આરોગ્ય શાખાની ટીમ દ્વારા સતત કામગીરી કરવામાં આવી રહી છે. પોલીસ વિભાગ દ્વારા લૉકડાઉનનો અમલ કરવામાં આવી રહ્યો છે. ગીર સોમનાથ જિલ્લામાં કોરોના વાઈરસના શંકાસ્પદ ૪ દર્દીના સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં બે દર્દી સરકારી હોસ્પિટલ વેરાવળ ખાતે અને બે દર્દી આદિત્યા બિરલા હોસ્પિટલ ખાતે આઈસોલેશન વોર્ડમાં રાખવામાં આવેલા છે. કોરોના વાઈરસ ગ્રસ્ત મહિલા દર્દીનું ફોલોઅપ સેમ્પલ લેવામાં આવ્યું છે. આ ઉપરાંત ક્વોરન્ટાઈન ફેસેલીટી ખાતે ૨૦ પેસેન્જરોને રાખવામાં આવેલા છે, ત્યારે જિલ્લામાં કોરોનાનો કોઈપણ વધુ કેસ ન નોંધાય તેના માટે તંત્રએ તમામ તાકાત કામે લગાવી છે. જેમાં જિલ્લા ભરમાંથી શંકાસ્પદ સેમ્પલ લેવાઈ રહ્યા છે.

કોરોના વાયરસના ડરથી હાઈડ્રોક્સીક્લોરક્વીન દવાની વધી જમાખોરી

અમદાવાદ

ભારત દેશ દુનિયામાં સૌથી વધારે હાઈડ્રૉક્સીક્લોરક્વીનનું ઉત્પાદક છે જે મલેરિયાના ઈલાજમાં ઉપયોગી થાય છે. પરંતુ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત સરકારને કોવિડ-૧૯ દર્દીઓના ઈલાજ માટે આ દવા નિર્યાત કરવાની અપીલ બાદ તેની માગ વધુ થઈ ગઈ છે. ગુજરાત ફૂડ એન્ડ ડ્રગ કંટ્રોલ ઓથોરિટી કમિશનર એચ જી કોશિયાએ પીટીઆઈ-ભાષા સાથે કહ્યું કે અમને ખબર મળી છે કે હાઈડ્રૉક્સીક્લોરક્વીન અંગેના સમાચાર આવ્યા બાદ તેમજ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કોવિડ-૧૯ના ઈલાજમાં પ્રભાવી દવા જણાવ્યા બાદ લોકો તેને ખરીદવા મેડીકલ સ્ટોર પર પહોંચી રહ્યાં છે.

જણાવ્યું કે એવા અહેવાલ પ્રાપ્ત થઈ રહ્યાં છે જેમાં લોકો દવાનું સેવન કરી રહ્યાં છે અથવા તો કોરોના વાયરસના ડરથી તેની જમાખોરી કરી રહ્યાં છે. ફુડ એન્ડ ડ્રગ કંટ્રોલ ઓથોરિટીના કમિશનરે જણાવ્યું કે આ એચ દવા છે જેને કેમિસ્ટ ચિકિત્સકની સલાહ બાદ જ વેચાણ કરી શકે છે. જો કોઈપણ માણસમાં કોવિડ-૧૯ ના લક્ષણ નથી તો આ દવા લેવી હિતાવહ નથી. કોશિયાએ જે લોકો ડૉકટરની સલાહ લીધા વગર આ દવા લઈ રહ્યા છે તેને ચેતવતાં કહ્યું કે આ દવા તમને નુકસાન પહોંચાડી શકે છે.

અમદાવાદમાં માસ્ક ફરજીયાત કરતા અછતના હિસાબે કાળો બજાર શરૂ

અમદાવાદ

અમદાવાદમાં મ્યુનિસિપલ કમિશનરે માસ્ક નહીં પહેરવા બદલ રૂ.૫૦૦૦ હજારના દંડની જાહેરાત કરી હતી, તો બીજી તરફ માસ્ક પહેરવું ફરજીયાત કરાતા અછતના કારણ કાળા બજાર શરૂ ગયા છે. કાલુપુર ચોખા બજારના રામલાલ નામના વેપારીએ માસ્ક નહીં પહેરતા તેમની પાસેથી રૂ.૧૦૦૦નો દંડ લઈ કાર્યવાહી કરવામા હતી, અમદાવાદમાં માસ્ક નહીં પહેરનારાઓ સામે દંડ વસુલવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. કોરોનાનો રોગચાળો પ્રસરે નહીં તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર વિજય નેહરાએ માસ્ક નહીં પહેરનાર વ્યક્તિને પ્રથમ વખત ૧૦૦૦ રૂપિયા દંડ અને બીજી વાર ગુનો કરે તો રૂપિયા ૫૦૦૦ના દંડની જાહેરાત કરવામાં આવી છે. ત્યારે મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગ દ્વારા સોમવારથી માસ્ક નહીં પહેનારને દંડ ફટકારવાની કાર્યવાહી શરૂ કરી છે.

ભાવનગરમાં ૬૫ વર્ષના વૃદ્ધ અને ૨૦ વર્ષની યુવતીએ કોરોનાને હરાવ્યો, ડીસ્ચાર્જ

ભાવનગર

ભાવનગર માટે વધુ સારા સમાચાર આવ્યા છે. કોરોના પોઝિટિવ આવેલા બે દર્દીઓના રિપોર્ટ નેગેટિવ આવતા ડિસ્ચાર્જ આપવામાં આવ્યા છે.અત્યાર સુધીમાં સાત દર્દીઓ કોરોના પોઝિટિવમાંથી મુક્ત થયા છે. ભાવનગરના સાંઢીયાવાડમાં રહેતા ૬૫ વર્ષીય ઉસ્માનભાઈ હારૂનભાઈ મુલતાણીનો પોઝિટિવ રીપોર્ટ આવતા તા. ૨૯/૩/૨૦૨૦ના રોજ આઈસોલેશન વોર્ડમાં ખસેડવામાં આવ્યા હતા. તેમજ સાંઢીયાવાડમાં રહેતા સબાનાબેન શરફરાઝભાઈ મુલતાણી નામની ૨૦ વર્ષની યુવતીને રિપોર્ટ પોઝિટિવ આવતા તા.૭/૪/૨૦૨૦ના રોજ આઈસોલેશન વોર્ડમાં ખસેડવામાં આવી હતી. હોસ્પિટલમાં તબીબોની સઘન સારવાર બાદ બંનેનો બે વાર રિપોર્ટ નેગેટિવ આવતા હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ડિસ્ચાર્જ સમયે બંનેએ તબીબોનો આભાર માન્યો હતો.તેમને કોઈ ચેપ ન લાગે તે માટે હોમ ક્વોરન્ટીન કરવામાં આવ્યા છે.

૨૧ના રિપોર્ટ પેન્ડીંગ

રાજકોટમાં કોરોનાના ૬૭ સેમ્પલમાંથી ૪૬ નેગેટિવ આવતા હાશકારો

રાજકોટ

રાજકોટમાં ૬૭ના સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં ૪૬ના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે અને ૨૧ના રિપોર્ટ બાકી છે. જેમાં ૫૫ રાજકોટ શહેરના, ૧૦ ગ્રામ્.ના અને ૨ અન્ય જિલ્લાના દર્દીઓનો સમાવેશ થાય ચે. ૩૯ પૂરૂષો અને ૨૮ મહિલાઓના સેમ્પલ લેવામાં આવ્યા હતા. ૨૩ વર્ષની ઉંમરવા ૨૩ લોકોના સેમ્પલ લેવામાં આવ્યા હતા.

રાજકોટની લેબોરેટરી પર ભારણ વધ્યું છે. અમદાવાદથી બે દિવસમાં ૪૦૦ કોરોનાના સેમ્પલ મોકલવામાં આવ્યા છે. રાજકોટની લેબમાં ત્રણ જિલ્લાના મળી એક હજારથી વધુ સેમ્પલનું પરીક્ષણ થાય છે. જેમાં રાજકોટ, સુરેન્દ્રનગર અને કચ્છનો સમાવેશ થાય છે. અમદાવાદમાં કોરોના વાઈરસના કેસ વધતા પરીક્ષણની સુવિધા ટૂંકી પડી રહી છે.

મધ્યપ્રદેશમાં આરોગ્ય મંત્રાલય જ કોરોનાની ચપેટમાંઃ ૨૯ ઓફિસરો પોઝિટિવ

ભોપાલ

મધ્યપ્રદેશમાં સરકાર માંદી પડ્યાની જેવી સ્થિતિ હાલમાં કોરોનાની સારવાર કરી રહેલા મેડિકલ ઓફિસરોની પણ થઈ છે. કોરોનાની સારવાર કરનાર ડોક્ટર, નર્સની સાથે રાજ્યના આરોગ્ય સચિવ પણ કોરોનાથી સંક્રમિત થયા છે. મધ્યપ્રદેશના મુખ્ય આરોગ્ય સચિવ આ રોગથી પીડિત છે. તો સ્વાસ્થ્ય વિભાગના ૨૯ ઓફિસરો પણ કોરોનાથી પીડિત થયા છે. આ સિવાય ૭ પોલિસ કર્મીઓ પણ કોરોનાની ઝપેટે આવી ગયા છે.

શનિવારે રાજ્યના પાટનગર ભોપાલમાં ૪૭ વર્ષના આઈએએસ અધિકારી અને તેના ૧૮ વર્ષના પુત્ર સહિત ૧૨ નવા પોઝીટીવ દર્દીઓ મળી આવ્યા છે. મધ્ય પ્રદેશમાં કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યા વધીને ૭૩૦ થઈ ગઈ છે. રાજ્ય આરોગ્ય કમિશનર ફૈઝ અહેમદ કિદવાઈએ મંગળવારે સવારે જણાવ્યું હતું કે છેલ્લા ૨૪ કલાકમાં ૧૧૭૧ લોકોનાં નમૂનાઓની તપાસ કરવામાં આવી છે. તેમાંથી ૧૨૬ લોકોને કોરોના ચેપ લાગ્યો છે.

રાજુલાના વડલી ગામમાં બે દિવસથી સિંહોના ધામાથી લોકો પરેશાન

અમરેલી

રાજુલાના વડલી ગામમાં છેલ્લા બે દિવસથી સિંહોએ ધામા નાખ્યા છે. સિંહોના આતંકથી ગ્રામજનોમાં ભયનો માહોલ છે. છેલ્લા દિવસમાં ગામમાં રસ્તા પર રઝળતા ૫ પશુનો શિકાર કર્યો છે. વહેલી સવારે અથવા મોડી રાત્રે સિંહો શિકારની શોધમાં ગામમાં ઘૂસે છે. આ અંગે ગ્રામજનોએ વન વિભાગને પણ જાણ કરી છે. ખેડૂતો પોતાની વાડીએ જઈ શકતા નથી.

કોરોનાના પગલે ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલ કોવિડ-૧૯ કેર સેન્ટરમાં ફેરવાઈ

અમદાવાદ

અમદાવાદમાં વધતા જતા કોરોનાના કેસને પગલે દર્દીઓ માટે કોવિડ કેર સેન્ટરની વ્યવસ્થા કરાઈ છે. ગુજરાત યુનિવર્સિટી સમરસ હોસ્ટેલમાં આ કોવિડ ૧૯ કેર સેન્ટર બનાવાયું છે. જેનું નિરીક્ષણ અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર વિજય નેહરાએ કર્યું હતું. આ સેન્ટરમાં ૨ હજાર દર્દીઓને રાખવાની વ્યવસ્થા કરવામાં આવી છે. અહીં દાખલ થનાર દર્દીનું દિવસ દરમિયાન અલગ અલગ સમયે મેડિકલ ચેક અપ થશે.

અહીં એવા દર્દીઓને રાખવામાં આવશે જે કોરોના પોઝિટિવ છે, પરંતુ તેમની પરિસ્થિતિ ગંભીર નથી. અહીં તેમને ૧૪ દિવસ સુધી ક્વોરન્ટીન કરાશે. તે દરમિયાન તેઓના રહેવાની અને સમય પસાર કરી શકે તે હેતુથી વાંચન માટે લાયબ્રેરી, ઈન્ડોર ગેમ રમી શકે તે માટે રમતનાં સાધનો રાખવામાં આવ્યા છે. તેમજ ટીવીની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

આ ઉપરાંત ૨૦૦૦ જેટલા દર્દીઓ માટે ૨૦૦ નો સ્ટાફ રાખવો પડતો હોય છે. પરંતુ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરાયેલા માઈક્રો પ્લાનિંગને લઈ માત્ર ડોકટર અને નર્સીંગ સહિત ૮થી ૧૦નાં સ્ટાફમાં આ સમગ્ર આયોજન કરાયું છે. આ ૧૪ દિવસ દરમિયાન સ્ટાફને પણ ચેપ ના લાગે તે નું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. દર્દીઓનાં ૧૪ દિવસ પૂર્ણ થયા બાદ કર્મચારીઓ ને પણ અહીં ઓબ્ઝર્વેશનમાં રખાશે. એટલે અહીંનો ચેપ બહાર ના જઈ શકે. આ સમગ્ર સેન્ટરમાં દરેક જગ્યાએ સીસીટીવી કેમેરા લગાવામાં આવ્યા છે.

આ અંગે મ્યુનિસિપલ કમિશનર વિજય નેહરા એ જણાવ્યું કે, બે દિવસ પહેલા અમદાવાદ ખાતે સેન્ટર શરૂ કરવાની જાહેરાત કરી હતી હવે તૈયારીઓ પૂર્ણ થઈ છે. ૨૦૦૦ લોકો રાખી શકાય તે પ્રકારનું કોવિડ કેર સેન્ટર દેશની મોટામાં મોટા સેન્ટર તરીકે ડેવલપ કર્યું છે. પોઝિટિવ દર્દીના આરોગ્ય સિવાય પણ ફિઝિકલ અને મેન્ટલ હેલ્થને ધ્યાને રાખીને સેન્ટર તૈયાર કર્યું છે. દર્દીઓ માટે ફ્રી વાઈ ફાઈ, રીડિંગ રૂમ, ટીવી, કેરમ, પત્તા, ચેસ રમવાની પણ વ્યવસ્થા છે. બેડ, સેનેટાઈઝેશનની વ્યવસ્થા કરાઈ છે, તમામને એક કીટ અપાશે જેમાં જીવન જરૂરિયાતની વસ્તુઓ હશે. અહીં મેડિકલ ટીમ રાઉન્ડ ધ ક્લોક કામ કરશે. ટીમને ૧૪ દિવસ અહીં રખાશે ત્યારબાદ તેમનું મોનીટરીંગ કરાશે અને બીજી ટીમ અહીં મુકીશું. દર્દીઓ માટે જુદી લિફ્ટ રહેશે, ચેપ બહાર ન જાય તેની કાળજી લેવાશે.

અમદાવાદમાં 'ચાઈલ્ડ પોર્નોગ્રાફી સામગ્રી'ની સર્ચમાં ૨૦૦%નો ઉછાળોઃ ICPF

અમદાવાદ

કૂમળી વયના નિર્દોષ બાળકો સાથે જાતીય હિંસાના ગુના સામાન્ય દિવસોમાં પણ વધી રહ્યા છે. ત્યારે કોરોના વાયરસની મહામારીના પગલે થયેલા લોકડાઉનમાં અમદાવાદ સહિતના શહેરોમાં 'ચાઈલ્ડ પોર્નોગ્રાફી સામગ્રી'ની સર્ચમાં ૨૦૦ ટકાનો ઉછાળો થયો હોવાનો લાલ બત્તીસમાન રિપોર્ટ સામે આવ્યો છે! વિવિધ પોર્ન સાઈટ્સ પર 'ચાઈલ્ડ પોર્ન', 'સેક્સી ચાઈલ્ડ' અને 'ટીન સેક્સ વીડિયો' જેવા શબ્દો શોધવાનું પ્રમાણ લોકડાઉનમાં ચિંતાજનક રીતે વધ્યું છે. આવી ચાઈલ્ડ પોર્નોગ્રાફી સામગ્રી શોધતા દેશના ૧૦૦ શહેરોની યાદીમાં અમદાવાદ પણ 'હોટસ્પોટ' તરીકે સામે આવ્યું છે! કોરોના સંકટ દુનિયાના માથેથી હજુ ટળ્યું નથી ત્યાં બાળકો સાથેના જાતીય સંબંધો, એમાંય હિંસક જાતીય સંબંધોની સર્ચ પોર્ન સાઈટ્સ પર વધી હોવાનો લાલબત્તી સમાન સરવે ઈન્ડિયન ચાઈલ્ડ પ્રોટેક્શન ફંડ(ICPF)એ કર્યો છે. સરવેમાં રજૂ કરાયેલા તારણો મુજબ અમદાવાદ એવા શહેરોમાં સામેલ છે જ્યાં ચાઈલ્ડ પોર્નોગ્રાફી સામગ્રીની માગ વધુ છે. જેથી લોકડાઉન દરમિયાન અમદાવાદ સહિત અનેક શહેરના બાળકો માટે જોખમરૂપ છે.

ICPFના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે મોનિટરિંગ વેબસાઈટ્સના ઓનલાઈન ડેટા દર્શાવે છે કે લોકડાઉન બાદ 'ચાઈલ્ડ પોર્ન', 'સેક્સી ચાઈલ્ડ' અને 'ટીન સેક્સ વીડિયો' વગેરેની સર્ચમાં વધારો થયો છે. પોર્નહબ વેબસાઈટના ડેટા દર્શાવે છે કે કોરોનાની મહામારી પહેલા ભારતનો આવી સાઈટ્સ પરનો જે ટ્રાફિક હતો, એમાં માર્ચના અંતમાં ૯૫ ટકાનો વધારો થયો છે. 'ચાઈલ્ડ સેક્સ્યુઅલ એબ્યુઝ મટિરિયલ ઇન ઇન્ડિયા'ના શીર્ષકથી ICPFએ એક રિપોર્ટ જાહેર કર્યો છે અને ૧૦૦ શહેરોમાં ચાઈલ્ડ પોર્ન સામગ્રીની ઓનલાઈન માગમાં વધારો થયાનું જણાવ્યું છે. આ શહેરોમાં વેસ્ટ રિઝનમાંથી ગુજરાત પણ એક છે. આ ૧૦૦ શહેરોમાં દર મહિને ચાઈલ્ડ પોર્નોગ્રાફી માટેની ડિમાન્ડ ડિસેમ્બર-૨૦૧૯ સુધી ૫૦ લાખ હતી. જેમાં ભયંકર વિસ્ફોટ થયો છે અને ૨૦૦ ટકાનો વધારો થયો છે...! જેમાં ચાઈલ્ડ સેક્સ માટે સર્ચ થતું નથી પરંતુ તેની સાથે બાળકો સાથે થતાં હિંસક જાતીય સંબંધોના ફોટો, વીડિયો વગેરેની માગ વધી છે. આ શહેરોમાં ઓનલાઈન ચાઈલ્ડ પોર્નોગ્રાફી સામગ્રીની હાઈ ડિમાન્ડ છે- કોલકત્તા, સીલીગુડી, હાવડા, ચંડીગઢ, ગુવાહાટી, ઈન્દોર, ભુવનેશ્વર, ચેન્નાઈ, લુધિયાણા, રાયપુરા, લખનૌ, આગરા, શિમલા, રાયપુર, રાંચી, મુંબઈ, પૂણે, અમદાવાદ, ઈમ્ફાલ, શિલોંગ, બેંગલુરુ, કોચી અને થિરુવનંતપુરમ્.

સિવિલમાં કોરોનાગ્રસ્ત હિન્દુ-મુસ્લિમ દર્દીને અલગ-અલગ રાખવાનું આયોજન

અમદાવાદ

દેશના સંખ્યાબંધ વિસ્તારમાં કોરોનાગ્રાસ્ત મુસ્લિમ દર્દીઓને દાખલ કર્યા બાદ વિવાદ સર્જાયાની સંખ્યાબંધ ઘટના પ્રકાશમાં આવી ચૂકી છે. હવે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં હિન્દુ-મુસ્લિમ દર્દીઓને પહેલાંથી જ અલગ અલગ રાખવાની તંત્રએ તકેદારી દાખવી છે. ઉપરાંત વોર્ડ પાસે રાઉન્ડ ધી ક્લોક પીએસઆઈ સહિતના કર્મચારીઓનો બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. લોકડાઉન છતા કોરોનાનો કહેરમાં ઘટાડો થઈ રહ્યો નથી.

રોજેરોજ ગુજરાતમાં કેસો વધી રહ્યાં છે. તેમાં અમદાવાદના સૌથી વધુ કેસ નોંધાઈ રહ્યાં છે. એમાં પણ ભોગ બનનાર સૌથી વધુ મુસ્લિમ દર્દીઓ છે. દેશમાં અગાઉ મુસ્લિમ દર્દીઓને હોસ્પિટલમાં રાખ્યા બાદ તબીબો-મેડિકલ સ્ટાફ સાથે અભદ્ર વર્તન, ઘર્ષણના કેટલાક કિસ્સા બહાર આવ્યાં હતાં. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં આવી કોઈ ઘટના ન બને તે માટે કોરોનાગ્રસ્ત મુસ્લિમ-હિન્દુ પુરૂષ દર્દીઓને અલગ-અલગ રાખવામાં આવ્યા છે.

ઉપરાંત વોર્ડ બહાર સ્પે. શૂટ પહેરાવી પીએસઆઈ સહિતના પોલીસકર્મીઓને ગોઠવી દેવામાં આવ્યાં છે. તંત્રએ તબીબ-નર્સિંગ સ્ટાફને પણ એવી સૂચના આપી છે કે, કોઈ દર્દી આનાકાની કે હેરાનગતી કરે તો તાકીદે પોલીસને જાણ કરવી. પોલીસ જ તે અંગે યોગ્ય કાર્યવાહી કરશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હિન્દુ-મુસ્લિમ સમાજના લોકોને અલગ રાખવાનો નિર્ણય સીએમ ઓફિસથી લેવાયો છે અને ૧૨૦૦ બેડની હોસ્પિટલમાં દર્દીઓને ટ્રાન્સફર કર્યા બાદ બંને કોમના લોકોને અલગ અલગ રાખવામાં આવ્યાં છે. જ્યારે કોરોનાગ્રસ્ત બાળકો-સ્ત્રીઓને એક વોર્ડમાં રાખવામાં આવ્યાં છે.

સુરત શહેરમાં કોરોના વાયરસના વધુ ત્રણ કેસ નોંધાયા: ૨૮ નવા શંકાસ્પદ સામે આવ્યા



સુરત શહેર અને જિલ્લામાં કુલ દરદીઓની સંખ્યા ૪૩, એક માનદરવાજા તથા રામપુરાના બે કેસ પોઝિટિવ

સુરત

આજે સુરત શહેરમાં વધુ ત્રણ કોરોના વાયરસના પોઝીટિવ દર્દીઓ નોંધાતા સુરત શહેરમાં કોરોના વાયરસના દર્દીઓની કુલ સંખ્યા ૪૨ ઉપર પહોંચી ગઇ છે. સુરત શહેરમાં ૪૨ દર્દી અને જિલ્લામાંર મળી કુલ્લે સુરત શહેર જિલ્લામાં કોરોના વાયરસના કુલ ૪૩ દર્દીઓ નોંધાઇ ચુકયા છે.

સુરત મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ આજે ત્રણ પોઝિટિવ દર્દીઓ જાહેર થયા હતા. જેમાં માન દરવાજા ટેનામેન્ટના રહીશ નિર્મલાબેન શાંતિલાલ રાણા (ઉ.વ.૬૦) , રામપુરાના મોહમ્મદ અમીન અંસારી (ઉ.વ.૪૨) રામપુરા ગાર્ડન મિલ સામેના રહીશ મુબારક પટેલ (ઉ.વ..૩૮)નો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ ત્રણેય જણા લોકલ ટ્રાન્સમિશનના કેસ છે. ત્રણેય જણાને નવી સિવિલ હોસ્પિટલના કોરોન્ટાઇન વોર્ડમાં સારવાર આપવામાં આવી રહી છે. તેમજ આ વ્યક્તિના સંપર્કમાં આવનારા તમામ લોકોને ટ્રેકિંગ કરીને કોરોન્ટાઇન કરવામાં આવ્યા છે. આજની સ્થિતિ મુજબ કુલ ૩૮૧ શંકાસ્પદ કેસ અને ૪૧ પોઝિટિવ કેસ થયા છે. જ્યારે કુલ ૩૧૮ વ્યક્તિ રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. ૨૨ વ્યક્તિના રિપોર્ટ પેન્ડિંગ છે. આજે સુરત શહેરમાં ૨૮ શંકાસ્પદ દર્દીઓને સરકારી કોરોન્ટાઇનમાં ખસેડાયા હોવાનું જાણવા મળ્યું છે.

લોકડાઉનનો ભંગ કરનાર વધુ ૫૪૭ લોકોની અટક

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા સુરત શહેર પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્તરીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આજરોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૫૪૭ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બિન જરૂરી બહાના બાજી કરીને બહાર ફરતા ૩૯૩ લોકોના વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. ડ્રોન કેમેરાની મદદથી ૨૩ તથા સાયબર ક્રાઈમ હેઠળ સાત ગુનાઓ નોંધવામાં આવ્યા છે. લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૫૬૪૩ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી ફરતા ૧૦૭૦૧ જેટલા વાહનો જપ્ત કરવામાં આવ્યા છે. શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવે છે

સોશિયલ ડિસ્ટન્સ જાળવી બેંકોમાં નાણાં ઉપાડવાની વ્યવસ્થા શરૂ

સુરત

સુરત જિલ્લાની અગ્રણી બેંક, બેંક ઓફ બરોડા સુરત શહેરમાં કોરોના વાયરસને કારણે સંકટ સમયે સરકાર દ્વારા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત તમામ મહિલાઓના જનધન ખાતા જમા કરવામાં આવેલા રૂ.૫૦૦/-ની સેવા આપવાના લક્ષ્યથી બૈંકની તમામ શાખાઓ અને બેંકો મિત્ર કેન્દ્રો દ્વારા પહોંચાડી રહ્યા છે. જેના માટે તમામ શાખાઓ અને બેંક મિત્રો સામાજિક અંતર, માસ્ક અને સેનિટાઈઝેશન જેવા સામાજિક અંતરના ધોરણોને અનુસરીને સેવા આપી રહ્યા છે. લિંબાયત, ઉધના, ઉન, ઉતરાણ, પાંડેસરા જેવા સૌથી વધુ લાભાર્થીઓ ધરાવતા વિસ્તારોમાં બેંક ઓફ બરોડાના બેંક મિત્ર દ્વારા આપવામાં આવતી સેવાઓ પ્રશંસનીય છે. જેમાં પોલીસ તથા અન્ય સરકારી વિભાગોનો સહયોગ સાપડી રહ્યો છે. નોંધનીય છે કે, સુરત શહેરજિલ્લામાં જનધન યોજના હેઠળના ૫,૮૪,૪૫૫ જેટલા મહિલાઓના ખાતામાં રૂા.૫૦૦ લેખે રૂા.૨૯ કરોડ જમા કરવામાં આવ્યા છે.

આવશ્યક ચીજ-વસ્તુઓની દુકાનોમાં હેન્ડ સેનિટાઈઝર રાખવું ફરજીયાત

સોશિયલ ડિસ્ટન્સ ન જાળવનાર ૧૫૩ વ્યક્તિઓને રૂ.૩૧૦૦૦નો દંડ

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ. કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગત તા.૧૩મી એપ્રિલના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, શહેરમાં કોરોનાના ૩૫૩ શંકાસ્પદ કેસો છે, જે પૈકી ૩૦૪ નેગેટિવ રિપોર્ટ નોંધાયા છે. ૩૧ પોઝીટિવ અને ૧૮ રિપોર્ટ પેન્ડીંગ છે. આજે સુરતમાં ૨૧ શંકાસ્પદ કેસો ઉમેરાયા છે, જેમાંથી બે નવા કોરોના પોઝિટીવ કેસ નોંધાયા છે. આજે એક જાહેરનામું બહાર પાડીને પાલિકા દ્વારા બેંકો, મેડિકલ સેન્ટરો, ડેરીઓ અને આવશ્યક વસ્તુઓની દુકાનો જેવા મહત્વના સ્થળોએ હેન્ડ સેનિટાઈઝરની ફરજિયાત વ્યવસ્થા કરવામાં આવ્યું છે. આ નિયમનો ભંગ કરનારને રૂ. ૨૫,૦૦૦ નો દંડ કરાશે. મ્યુ. કમિશનરશ્રી વધુમાં જણાવ્યું કે, આજની સ્થિતિએ કુલ ૨૪૦૯ લોકો હોમ ક્વોરેન્ટાઇન હેઠળ છે. જેમાં ૨૧૦ સરકારી અને ૧૩ વ્યક્તિઓ પ્રાઈવેટ ક્વોરેન્ટાઇનમાં છે. આમ કુલ ૩૧૨૩ વ્યક્તિઓ ક્વોરેન્ટાઇનમાં છે. ક્લસ્ટર કન્ટેઈન્ટમેન્ટ હેઠળ શહેરના કોરોના માટે સંવેદનશીલ વિસ્તારોમાં ૩૫ કોન્ટેક્ટ ટ્રેસિંગ ટીમો દ્વારા તેમજ વોરરૂમ અંતર્ગત કરવામાં આવેલી તપાસ દરમિયાન કુલ ૧૫૯૩ કોમ્યુનિટી સેમ્પલ લેવામાં આવ્યા છે. લોખાત હોસ્પિટલ આસપાસનો વિસ્તાર આજે ક્લસ્ટર ક્વોરેન્ટાઇન વિસ્તાર જાહેર કરવામાં આવ્યો છે. ક્લસ્ટર ક્વોરેન્ટાઇન વિસ્તાર રેડ ઝોનમાં આવે છે. શહેરમાં ૦૮ જેટલા સેમ્પલ કલેક્શન સેન્ટર શરૂ કરાયા છે. પાલિકાના ૧૧ રિલીફ સેન્ટરોમાં ૮૦૦ વ્યક્તિઓ આશ્રયમાં છે. પ્રતિદિન ૫,૮૮,૦૨૧ લોકોને વિવિધ સેવાભાવી સંસ્થાઓ દ્વારા ભોજન પૂરૂ પાડવામાં આવી રહ્યું છે.

આજે સોશ્યલ ડિસ્ટન્સ ન જાળવનાર ૧૫૩ વ્યક્તિઓને રૂ.૩૧,૦૦૦ અને માસ્ક ન પહેરનારા ૦૫ વ્યક્તિઓને રૂ.૨૫,૦૦૦નો દંડ કરવામાં આવ્યો છે. હવે માસ્ક ન પહેરનારા વ્યક્તિઓને રૂ. ૫,૦૦૦ નો દંડ કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે એમ મ્યુ. કમિશનરશ્રીએ જણાવ્યું હતું. જેથી જરૂરી કામ વિના ઘરથી બહાર ન નીકળવા અને જરૂરી કામ હોય ત્યારે બહાર નીકળતી વખતે શહેરીજનોએ માસ્ક અચૂક પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવાની જાહેર જનતાને અપીલ કરી હતી.

સુરતમાં લોકડાઉન નિહારવા નીકળેલા પતિ પોલીસ જોઈ પત્નીને છોડીને ભાગ્યો

સુરત

કોરોના વાયરસને પગલે હાલ લોકડાઉન ચાલી રહ્યું છે ત્યારે ઘણા લોકો કામ વગર બહાર નીકળી રહ્યા છે. આવા લોકો સામે પોલીસ કડક હાથે કાર્યવાહી કરી રહી છે. ત્યારે ગતરોજ સુરતના સૌથી સમુદ્ધ ગણાતા વેસુમાં એક રમૂજી કિસ્સો બન્યો હતો. આ વિશે જાણીને લોકો હસવાનું રોકી નથી શકતા. બન્યું એવું હતું કે લૉકડાઉન વચ્ચે પત્ની સાથે ઘર બહાર નીકળેલો એક પતિ પોલીસને જોઈને પત્નીને લીધા વગર જ ભાગી ગયો હતો. બન્યું એવું હતું કે સુરતના વેસુ વિસ્તારમાં એક દંપતી કાર લઈને લૉકડાઉનમાં ફરવા માટે નીકળ્યું હતું. જ્યાં ચાર રસ્તા ખાતે પોલીસને જોઈને પતિ તેની પત્નીને કારમાંથી ઉતારીને કાર લઈને ભાગ્યો હતો. જે બાદમાં પત્નીએ પણ કાર પાછળ આશરે ૫૦૦ મીટર સુધી દોટ લગાવી હતી પરંતુ તેનો પતિ રોકાયો ન હતો. લૉકડાઉન ચાલી રહ્યું છે ત્યારે પોલીસ પણ બિનજરૂરી બહાર નીકળી રહેલા લોકોને ઉઠક બેઠક કે પછી અન્ય સજા ફટકારી રહી છે.

વેસુમાં એક દંપતી લટાર મારવા નીકળ્યું હતું. વેસુ રોડ પર ખાટુ શ્યામ મંદિર પાસે પતિ-પત્ની કારમાં નીકળ્યા હતા. અહીં ચાર રસ્તા પર પોલીસે અટકવાનો ઈશારો કરતા પતિએ પત્નીને કારમાંથી નીચે ઉતારી દીધી હતી અને તે કાર લઈને ભાગી ગયો હતો. જે બાદમાં બેબાકળી બની ગયેલી પત્ની પણ પતિને દોડવા લાગી હતી પરંતુ પતિ રોકાયો ન હતો. પત્ની ૫૦૦ મીટર દોડી પછી અટકી ગઈ હતી. જે બાદમાં સ્થળ પર હાજર મહિલા પોલીસ ગાડી લઈને મહિલાને ચાર રસ્તા પર પરત લઇ આવી હતી.

જે બાદમાં મહિલાને ફોન કરીને તેના પતિને બોલાવવાનું કહ્યું હતું. પત્નીએ ફોન કર્યાની ૧૫-૨૦ મિનિટ બાદ તેનો પતિ સ્થળ પર હાજર થયો હતો. જે બાદમાં પોલીસે બંનેને સમજાવીને છોડી મૂક્યા હતા. આ દરમિયાન પત્નીને ચહેરો લાલચોળ થઈ ગયો હતો. પતિ છોડીને ભાગી ગયો તેનો ગુસ્સો તેના ચહેરા પર સ્પષ્ટ જોઈ શકતો હતો. ઘરે ગયા બાદ પત્નીએ પતિના શું હાલ કર્યા તે જાણવા મળ્યું નથી.

પુત્રવધુ પર નજર બગાડનાર સસરાની ધરપકડ

સુરત

વિધવા પુત્રવધુ ઉપર નજર બગાડનાર સસરાની સલાબાતપુરા પોલીસે ધરપકડ કરી હતી. સલાબાતપુરા પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ માનદરવાજા ખ્વાજાનગર શાસ્ત્રી નગર સામે રહેતા ૬૦ વર્ષીય શત્તાર શાહ જાકશાહ ફકીરે પુત્રવધુ ઘરમાં એકલી સુતી હતી, ત્યારે રૂમમાં આવી શારીરિક છેડછાડ કરી હતી. પુત્રવધુએ સસરાની સામે સલાબતપુરા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે છેડતીનો ગુનો દર્જ કરી આરોપી સત્તાર શાહ ફકીરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

૨૦ એપ્રિલ બાદ એક પણ કેસ ન હોય તેવા જિલ્લાને મળી શકે છે રાહત

ગાંધીનગર

રાજ્યમાં ૨૦ એપ્રિલ બાદ કોરોના વાયરસથી પ્રભાવિત ન હોય તેવા જિલ્લાને આંશિક રાહત મળી શકે છે. ૨૦એપ્રિલ બાદ એક પણ કેસ ન હોય તેવા જિલ્લાને રાહત મળી શકે છે. રાજ્યમાં અત્યાર સુધી ૧૧ જિલ્લામાં એક પણ પોઝિટિવ કેસ નથી આવ્યો, ત્યારે આવા જિલ્લાઓની સરહદ સીલ કરીને આંશિક છૂટછાટ આપવામાં આવી શકે છે. આ જિલ્લામાંથી અન્ય જિલ્લામાં જવા પર પ્રતિબંધ મુકીને આંશિક રાહત આપવા અંગે વિચારણા ચાલી રહી છે. આ મામલે રાજ્ય સરકાર અને જિલ્લા કલેક્ટર સાથે પરામર્શ બાદ જ નિર્ણય લેવામાં આવશે. તમને જણાવી દઈએ કે ગુજરાતના સુરેન્દ્રનગર, દ્વારકા, અમરેલી, બોટાદ, મહીસાગર, અરવલ્લી, ખેડા, ડાંગ, વલસાડ, નવસારી, તાપી અને નર્મદા જિલ્લામાં એક પણ કોરોનાનો કેસ નોંધાયો નથી. દેશભરમાં લાગુ કરાયેલા ૩ મે સુધીના લોકડાઉનને લઈને ગુજરાત સરકાર દ્વારા મહત્વના નિર્ણય લેવામાં આવ્યાં હતા. જેને લઈને રાજ્યમાં કેટલાક ઉદ્યોગો શરૂ કરવાને લઈને સોમવારથી આયોજન કરવામાં આવી રહ્યું છે. રાજ્ય સરકાર દ્વારા શ્રમ અને રોજગાર, ખાણ ખનીજ, GIDC અને કુટીર ઉદ્યોગને જવાબદારી સોંપવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા શ્રમ અને રોજગાર વિભાગને શ્રમિકોને સર્વેની જવાબદારી સોંપાઈ છે. જેમાં રાજ્ય અને રાજ્ય બહારના શ્રમિકોને લઈને જવાબદારી સોંપવામાં આવી છે. જેઉદ્યોગ પાસે શ્રમિકોને રહેવા અને જમવાની કે પરિવહનની વ્યવસ્થા હશે તેને રાજ્ય સરકાર દ્વારા મંજૂરી મળશે.

ઈન્ડિયન રેડક્રોસ ચોર્યાસી તાલુકા બ્રાંચ, યુથ રેડક્રોસ, જુનિયર રેડક્રોસ અને સક્ષમ સુરતના સહયોગથી સ્ટુડન્ટ બ્રો. એપ વિદ્યાર્થીઓ માટે મુકાઈ

ઈન્ડિયન રેડક્રોસ ચોર્યાસી તાલુકા બ્રાંચ યુથ રેડક્રોસ, જુનિયર રેડક્રોસ અને સક્ષમ સુરત સહયોગથી હાલના લોકડાઉન સમયમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ડિજીટલ ઈન્ડિયાને સાર્થક કરવા તેમજ ગુજરાત બોર્ડના તમામ વિદ્યાર્થીઓ ઘરે બેઠા અભ્યાસ કરી શકે તે માટે સ્ટુડન્ટ બ્રો એપ મુકવામાં આવી છે. આ એપના સીઈઓ સાગર ડી જોગાણી તેમજ તેમના મિત્રો વિશાલ કાકડીયા ક્વીન્ટલ પટેલ દ્વારા આ એપ ફ્રી આપવામાં આવી છે. હાલ ગુજરાતમાં ૪૦૦૦૦ બાળકો ઘરે બેઠા અભ્યાસ કરી રહ્યા છે. જુનીયર રેડક્રોસના ડો. કોમલ શિરોયા, ડો. ભાવિન શિરોયા, ડો. હરેકૃષ્ણા શિરોયા અને ભાવિન કરકર દ્વારા જણાવવામાં આવ્યું કે આપણા સુરત તેમજ ગુજરાતમાં વધુમાં વધુ બાળકો આ એપનું ડાઉનલોડ કરી ઘરે બેઠા અભ્યાસ કરી શકે છે અને ડિજીટલ ક્લાસ રૂમ બનાવી શકે છે. તેમજ આ એપની મદદથી ધો. ૧ થી ૧૨ના ગુજરાત બોર્ડ વિદ્યાર્થીઓ માટે બુકક, વિષય મુજબ વિડીયો, એમસીક્યુ, સિલેબસ, નકશાઓ, જુના પેપર્સ તેમજ સ્વાધ્યાયના જવાબો મેળવવા આ એપ ખુબ જ ઉપયોગી છે. માટે ડાઉનલોડ કરો સ્ટુડન્ટ બ્રો. એપ. આ એપની વધુ માહતી માટે ૮૧૪૧૮૧૮૧૦૨ પર સંપર્ક કરો.

સુરતમાં બળબળતો ઉનાળો તાપમાન ૪૨ ડીગ્રી

સુરત

સુરત શહેર સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ૩ દિવસથી ગરમીમાં સતત વધારો નોંધાઇ રહ્યો છે. અધિકતમ તાપમાનનો પારો ૪૨ ડિગ્રી સુધી પહોંચી જતા આકરા તાપથી જનજીવન પ્રભાવિત થઇ રહ્યું છે.

સુરત હવામાન વિભાગની કચેરીથી મળતી માહિતી મુજબ ગત રોજ શહેરનું અધિકતમ તાપમાન ૪૧.૮ ડિગ્રી નોંધાયુ હતું. આજે સવારે ન્યુનતમ તાપમાન ૨૫.૬ ડિગ્રી નોંધાયુછે. હવામાં ભેજનું પ્રમાણ ૭૫ ટકા અને હવાનું દબાણ ૧૦૧૦ મીલીબાર નોંધાયુ છે. આજે પણ શહેરમાં ઉત્તર દિશાથી ગરમ પવન ફુંકાઇ રહ્યો છે. નવસારી હવામાન વિભાગના સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગત રોજ અધિકતમ તાપમાન ૪૦.૩ ડિગ્રી નોંધાયુ હતુ. આજેસવારે ન્યુનતમ તાપમાન ૨૨.૨ ડિગ્રી નોંધાયુછે.

હવામાન વિભાગ દ્વારા વધુમાં મળતી માહિતી મુજબ દક્ષિણ ગુજરાતમાં ગરમીનો પારો ૪૨ ડિગ્રીની આસપાસ નોંધાશે. આગામી બે દિવસ આકરો તાપ પડશે . ત્યાર બાદ પવનની દિશા બદલવાની સાથે ગરમીમાં આંશિક ઘટાડો નોંધાશે. રાજ્યના ઉત્તર અને મધ્ય ભાગમાં ઉનાળો વધુ કપરો બન્યો છે.

Negative ion Bracelet

Positive ions are absorbed into the body from cell phones, wireless technology, electrical devices and pollution on a daily basis, causing severe damage on a cellular level. Positive ions are said to interfere with our natural balance and can lead to tiredness, lack of concentration and muscle fatigue.



MRP 1499/-

નેગેટીવ ion બ્રેસલેટ

પોઝિટિવ IONS સેલ ફોન્સ, વાયરલેસ ટેકનોલોજી, ઇલેક્ટ્રિકલ ડિવાઇસીસ અને દૈનિક ઘોરણે ઉપયોગ પ્રદૂષણથી આપણા શરીરમાં સમાઈ જાય છે, જેનાથી આપણા બેલન્સને ભારે નુકસાન થાય છે. સકારાત્મક આયન આપણા કુદરતી સંતુલનમાં દખલ ઉભી કરે છે અને તે થાક, એકાગ્રતા અને સ્નાયુઓને જકડાવી થાક તરફ દોરી શકે છે.જેનાથી બચવા નેગેટિવ આયર્ન બેલ્ટ આ સમસ્યા નિવારી આરોગ્ય સુધારે છે



ફ્રી

નેગેટીવ ion બ્રેસલેટ ઓનલાઈન અને અન્ય કંપનીમાં ૫૦૦૦/-થી વધારે કિંમતમાં મળે છે
જ્યારે અહી ફક્ત રૂા. ૧૪૯૯/-માં મળશે. (હોમ ડિલીવરી)
સાથે મોબાઇલ એન્ટીરેડીએશન ચીપ તદ્દન મફત

ડિલરશીપ મેળવવા માટે સંપર્ક કરો
Market4u
9978406257

Payment : 9825318225 paytm, phone pe, gpay કરી પેમેન્ટનો ફોટો તથા આપનું પિનકોડ સાથેનું પૂરુ સરનામું 9978406257 પર વોટ્સઅપ કરો.
બેંક ખાતામાં પણ પેમેન્ટ કરી શકો છો : Dhananjay u. Zaveri - Ac No. 10373843634, State Bank of India, Ifsc code SBIN0009164, Pritam nagar Branch Bharuch 392002

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો


www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

Studentbro
YOUR DIGITAL CLASSROOM



MALLS OFF
SCHOOL OFF
THEATERS OFF
STUDY ON

YOUR DIGITAL CLASS ROOM
STUDENT BRO APPLICATION
ઘરે બેઠા ભણો.

- ધોરણ ૧ થી ૧૨ માટેની Book
- વિષય મૂજબ વિડિયો
- M.C.Q.
- સિલેબસ
- નકશાઓ
- જૂના પેપર્સ
- સ્વાધ્યાય-જવાબો

ડાઉનલોડ કરો.
StudentBro App

વધુ માહિતી માટે કોલ કરો.
+91 81418 18102

GET IT ON Google Play

કોરોનાઃ સુરતના ફાયર વિભાગે ૪૫ હજારથી વધુ જગ્યા સેનિટાઈઝ કરી

૬૪૦ ફાયર કર્મચારીઓની મહત્વપૂર્ણ કામગીરી,શહેરના આઠ ઝોનમાં કામગીરી



કોરોનાને લઈને કામ કરતું ફાયર વિભાગ

ચીફ ફાયર ઓફિસર	૧
ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર	૧
ડિવિઝન ફાયર ઓફિસર	૫
ફાયર ઓફિસર	૮
સબ ફાયર ઓફિસર	૧૮ અને હાલ ૨૩ જગ્યા ખાલી
વાયરલેસ ઓફિસર	૧
ફાયર જમાદાર	૫૧
ડ્રાઇવર	૨૫૫
ફાયરમેન અને મારસલ	૨૪૦
ક્લીનર	૪૫
ફાયર વિભાગમાં વહીવટી સ્ટાફ	૧૫

સુરત

દેશભરમાં ૧૪ એપ્રિલનો દિવસ ફાયર ડે તરીકે ઉજવાય છે. ત્યારે સુરત ફાયર વિભાગ દ્વારા લોકડાઉનના ૨૧ દિવસમાં કોરોનાના કહેર વચ્ચે ૪૫ હજારથી વધુ જગ્યાઓ સેનિટાઈઝ કરી છે. જયારે આજે પણ એક દિવસમાં સૌથી વધુ જગ્યાઓ સેનિટાઈઝ કરવા માટે તૈયાર થઈ ગયા છે.

કુદરતી આફત, રોગચાળો સહિત આગ અને તમામ ઈમરજન્સી સેવા આપતું વિભાગ એટલે ફાયર વિભાગ. ૨૧ દિવસના લોકડાઉન દરમિયાન ફાયર વિભાગની કામગીરી મહત્વપૂર્ણ સાબિત થઈ છે. છેલ્લા ૨૧ દિવસથી સુરત ફાયર વિભાગ દ્વારા પાણી સાથે હાઈપોક્લોરાઈડ મિક્ષ કરી સેનિટાઈઝની કામગીરી કરવામાં આવી રહી છે. હાલ સુરત ફાયર વિભાગના ૬૪૦ જેટલા કર્મચારીઓ દ્વારા મુસિબતના સમયમાં મહત્વપૂર્ણ કામગીરી કરવામાં આવી રહી છે.

ફાયર વિભાગ દ્વારા સુરત શહેરના આઠ ઝોનમાં ૪૫ હજારથી વધુ જગ્યાઓને સેનિટાઈઝ કરવામાં આવી ચૂકી છે. પોઝિટિવ કેસ નોંધાતાની સાથે જ ફાયર વિભાગ દ્વારા તે વિસ્તારમાં સેનિટાઈઝની કામગીરી હાથ ધરવામાં આવે છે. સુરત જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસનો આંક ૪૨ પર પહોંચી ગયો છે. જેમાં ગત રોજ એક સાથે ૯ કેસ નોંધાતા આખી રાત કામગીરી કરી ૯ વિસ્તારને સેનિટાઈઝ કરાયા હતા. આજે પણ એક જ દિવસમાં સૌથી વધુ જગ્યાઓ સેનિટાઈઝ કરવા માટેની તૈયારીઓ કરી દેવામાં આવી છે.

સુરતમાં સોશિયલ ડિસ્ટન્સ અને માસ્ક ન પહેરનાર લોકોને પાલિકાએ દંડ ફટકાર્યા



સુરત

કોરોનાને લઈને કેન્દ્ર સરકાર દ્વારા લોકડાઉન વધારી દેવામાં આવ્યું છે. શહેરમાં રોજે રોજ વધી રહેલા પોઝિટિવ કેસને ધ્યાનમાં રાખીને તંત્ર આકરા પગલાં લેવામાં આવી રહ્યાં છે. સુરતના વેસુ વીઆઈપી રોડ પર સોશિયલ ડિસ્ટન્સ ન જાળવી રાખનાર તેમજ માસ્ક વગર રસ્તે નીકળેલા લોકોને અઠવા ઝોનના અધિકારીઓ દ્વારા હજાર રૂપિયાથી માંડીને ગંભીરતા પ્રમાણે દંડ ફટકારવામાં આવ્યો હતો. દુકાનો બંધ કરાવીને સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરાવવામાં આવ્યું હતું.

સોશ્યલ ડિસ્ટન્સ ન જાળવનાર ૧૫૩ વ્યક્તિઓને રૂ.૩૧ હજાર અને માસ્ક ન પહેરનારા ૫ વ્યક્તિઓને રૂ.૨૫૦૦૦નો દંડ કરવામાં આવ્યો છે. હવે માસ્ક ન પહેરનારા વ્યક્તિઓને રૂ. ૫૦૦૦નો દંડ કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે એમ મ્યુ. કમિશનરએ જણાવ્યું હતું. જેથી જરૂરી કામ વિના ઘરથી બહાર ન નીકળવા અને જરૂરી કામ હોય ત્યારે બહાર નીકળતી વખતે શહેરીજનોએ માસ્ક અચૂક પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવાની જાહેર જનતાને અપીલ કરી હતી.

ભરુચ જિલ્લા પોલીસ અધિક્ષક દ્વારા

જિલ્લામાં પોલીસ પોઈન્ટ પર ફરજ બજાવતા પોલીસ જવાનોને સેફટીના સાધનો ફળવાયા

ભરુચ

પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી ગુજરાત રાજ્ય ગાંધીનગર તથા પોલીસ મહાનિરીક્ષક વડોદરા રેન્જની સૂચના અન્વયે ભરુચ પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ ભરુચ જિલ્લા પોલીસ જવાનોને કોવિડ ૧૯નો ફેલાવો ન થાય અને જાહેર જનતાની સુખાકારી અર્થે અને સરકારના લોકડાઉનના નિયમોનું ઉલ્લંઘન થતું અટકાવવા કુટુંબ પરિવારથી દૂર રહી શહેર, તાલુકા, ગામડા અને નેશનલ હાઈવે માર્ગ ઉપર અલગ અલગ પોલીસ પોઈન્ટ ઉપર રાત દિવસ સતત ચોવીસ કલાક પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવી બંદોબસ્ત કરી રહ્યાં છે ત્યારે કોવિડ ૧૯થી પોલીસનું રક્ષણ કરવા તેઓની સેફટીને પ્રાધાન્ય આપી, પોલીસ સુરક્ષાત્મક રીતે બંદોબસ્ત કરી શકે તે માટે પોલીસ અધિક્ષકના વડપણ હેઠળ લોકલ કાઈમ બ્રાંચ (એલસીબી) દ્વારા પોલીસ ચેકપોસ્ટ, ફીક્સ પોઈન્ટ તથા હાઈવે ઉપર બંદોબસ્ત કરતા પોલીસ કર્મચારીઓ, ટ્રાફિક હોમગાર્ડ અને ગ્રામ રક્ષક દળના જવાનો તથા બ્રાંચો અને ક્લેરીકલ સ્ટાફને સેફટી માસ્ક કુલ ૧૨૭૧૦ નંગ, સેનેટાઈઝર ૫૫૦ લીટર, હેન્ડગ્લોવ્ઝ જોડી નંગ ૪૦૦૦, સોડીયમ હાઈપોક્લોરાઈડ ૨૦૦૦ લીટર, ઓડોમોસ ટ્યુબ ૧૭૦ નંગ, સેફટી ગોગલ્સ ૫૦૦ નંગ, ફેઈશ વોસ ૧૫૫ નંગ, હેન્ડવોશ લીકવીડ ૯૦ નંગ, હેન્ડ સ્લીવ ૫૮૦ જોડી ફાળવવામાં આવી છે.

સુરતના વરાછામાં પરપ્રાંતિય શ્રમિકોએ વતનમાં જવાની માંગ સાથે રસ્તા પર ઉતરી આવી હોબાળો મચાવ્યો

વતન જવાની માંગ સાથે શ્રમિકોએ હોબાળો મચાવતા પોલીસ દોડી આવી હતી : જમવાનું આપો કા વતન મોકલોના નારા : પોલીસે સમજાવટથી મામલો થાળે પાડ્યો



સુરત

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કોરોનાને લઈને બીજા તબક્કાનું લોકડાઉન જાહેર કર્યું છે. વરાછામાં પરપ્રાંતિય શ્રમિકોએ વતનમાં જવાની માંગ સાથે રસ્તા પર ઉતરી આવી હોબાળો મચાવ્યો,પોલીસ દોડી આવી છે. એ કે રોડ પર આવેલા પટેલ નગરમાં રહેતા પરપ્રાંતિય શ્રમિકો દ્વારા પોતાના વતન જવાની માંગ કરી છે. પટેલનગરમાં કામધંધો બંધ હોવાથી તથા જમવાનું પુરતું ન મળતું હોવાના આક્ષેપે સાથે વતન જવાની માંગ કરીને શ્રમિકો શેરીઓમાં બેનર લઈને બેસી ગયા હતા હાલ બન્ને જગ્યાએ પોલીસે તમામ સાથે સમજાવટથી કામ લઈને મામલો થાડે પાડી પોલીસ બંદોબસ્ત વધુ ગોઠવી દીધો છે.

બરોડા પ્રિસ્ટેજ પાસે હોબાળો મચાવ્યો - પરપ્રાંતિય શ્રમિકોની ધીરજનો અંત આવી રહ્યો હોય તેમ બરોડા પ્રિસ્ટેજ પાસે મોહનનગરમાં પણ શ્રમિકોએ હોબાળો મચાવ્યો હતો. શ્રમિકોએ વતનમાં જવાની માંગ સાથે હોબાળો મચાવી દીધો હતો.સોશિયલ ડિસ્ટન્સનો છેદ ઉડાવતા શ્રમિકો શેરીઓમાં ઉતરી આવ્યાં હતાં. મોટી સંખ્યામાં એકઠા થયેલા લોકોને પોલીસે સમજાવટથી કામ લઈને હાલ પુરતો પોલીસ કાફલો ગોઠવી દેવામાં આવ્યો છે.

ઓછું ભોજન મળતું હોવાના આક્ષેપ - અશ્વનીકુમાર રોડ પટેલ નગર પહેલી કાંટા વાળી ગલીમાં ૫૦૦થી ૩૦૦ કારીગરોએ હોબાળો મચાવ્યો હતો. પહેલા ૪ દિવસ ભોજન આવ્યું પગાર નથી થયો તથા ખાવાની સમસ્યા હોવાનું કહ્યું હતું. ૫ દિવસથી પાણી પીને જીવી રહ્યા છે તેમ કહેતા યુપી, બિહાર અને રાજસ્થાનવાસી એમ્બ્રોડરી, સંચા, અમે રત્નકલાકારોએ ભોજન આપો કા અમને ગામ મોકલી આપો તેવી માંગ કરી હતી. ૩ પૂરી અને શાકથી જ પેટ ભરો કહેવાય છે. અહી અમે ભૂખ્યા જ મરી જઈશું તેમ કહ્યું હતું.માલિકોને ફોન કરીએ તો ગામ છે એવું કહી રહ્યા છે.

શ્રમિકોની એક જ માંગ

શ્રમિકોએ કહ્યું કે અહિં રહીને મરી જવું તેના કરતાં વતન મોકલી આપવાની કોઈ વ્યવસ્થા કરવામાં આવે તો તેઓ વતન જઈ રહે. જમવાનું પુરતું મળતું નથી. પોલીસે ઘટના સ્થળે પહોંચીને તમામને સમજાવ્યાં હતાં. બાદમાં મામલો થાળે પાડ્યો હતો. પોલીસે બંદોબસ્ત પણ વધારે પેટ્રોલિંગ શરૂ કરી દીધું છે. જો કે હાલ પણ મજૂરોમાં અંદર કરંટ જોતા તેઓ એક જ માંગ કરી રહ્યા છે કે અમને વતન મોકલો.

સુરતમાં પાંડેસરા અને ભટારમાં શાકમાર્કેટમાં સોશીયલ ડિસ્ટન્સીંગ ઉડ્યા લીરેલીરા

સુરત

કોરોના વાયરસના સક્રમણને અટકાવવા માટે આવશ્યક ચીજવસ્તુઓની જ દુકાનો ખુલ્લી રાખવા અને ગ્રાહકો વચ્ચે સોશીયલ ડિસ્ટન્સીંગ જાળવવા માટે તંત્ર દ્વારા વારંવાર આહવાન કરવામાં આવી રહ્યું છે તેમ છતા હજી પણ કેટલાક દુકાનદારો બેદરકારી દાખવી રહ્યા હોવાથી પોલીસે આવા દુકાનદારો વિરૂધ્ધ કાયદાનો સકંજો કસવાનું ચાલુ રાખ્યું છે. જેમાં સોશીયલ ડિસ્ટન્સીંગ નહિ જળવાતા હોવાની મહત્તમ ફરિયાદો પાંડેસરા વિસ્તારમાં જોવા મળી રહી છે. વૈશ્વિક



મહામારી જાહેર કરવામાં આવેલા કોરોના વાયરસ દિનપ્રતિદિન વધુને વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહ્યો છે. જીવલેણ એવા કોરોના વાયરસના સક્રમણથી બચવા માટે લોકોને માસ્ક પહેરવા અને સોશીયલ ડિસ્ટન્સીંગ જાળવવા માટે અપીલ કરવામાં આવી રહી છે. પરંતુ આ બાબતનો મહત્તમ અભાવ જોવા મળી રહ્યો છે. જેથી આવા લોકોને પોલીસે કાયદાના સકંજામાં લીધા છે.

જેમાં આજે વ્હેલી સવારથી બપોર સુધીમાં ભટાર રોડ ઉમા ભવન નજીક શાકભાજીની લારી ચલાવતા મદન દુર્ગાભાઇ શાહ (રહે. શિવશક્તિ સોસાયટી, ભટાર), વડોદ ગામ એસએમસી આવાસ ઇન્દ્રજીતસિંહ સાધુલાલસિંહ (રહે. મહાવીરનગર, વડોદ ગામ), અખિલેશ રામકિશોર કેવટ (રહે. શ્રીરામનગર, વડોદા), અને ઉમેશપ્રસાદ મોતીલાલ ગુપ્તા (રહે. મહાવીરનગર, વડોદ) જ્યારે રાંદેર તીન બત્તી વિસ્તારની અબ્દુલ સ્ટોર્સ નામની દુકાનમાં આવશ્યક ચીજવસ્તુની આડમાં બિનજરૂરી ચીજવસ્તુઓનું વેચાણ કરતા ઝડપાયા હતા. જેથી દુકાનદાર વિરૂદ્ધ એપેડમીક ડિસીઝ એક્ટ હેઠળ ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નવસારીમાં લોકડાઉનની મુદત અંગે જાહેરનામું બહાર પડાયું

નવા નિયમો સાથે વિગતો રજુ કરી મુદત વધારાઈ

દેશમાં કોરોનાને ફેલાવતો અટકાવવા માટે વડા પ્રધાનને જાહેર કરેલ ૧૪મી એપ્રિલ સુધીનાં લોકડાઉનને લંબાવી હવે ૩જી મે સુધી વધારી દીધું છે. જો કે તેમને જે જીલ્લાઓમાં કોરોનાનો વ્યાપ વધ્યો નથી તેવા જીલ્લાઓમાં આગામી ૨૦મી તારીખ પછી છૂટછાટ અપાશે. પરંતુ આ છૂટછાટ શરતી હશે. નવસારી જીલ્લામાં હજુ સુધી એક પણ કોરોનાનો કેસ નોંધાયો નથી તેથી તે ગ્રીન ઝોનમાં આવે છે. પરિણામે ૨૦મી તારીખથી નવસારી જીલ્લામાં છૂટછાટ જાહેરાત કરીને વધુ ૧૯ દિવસ સુધી તે લંબાવી દેતાં હે આ લોકડાનના સમય અંગે નવસારી જીલ્લામાં અધિક કલેકટર કમલેશ રાઠોડે જાહેરનામુ બહાર પાડયું છે. જેમાં અગાઉ જે પ્રતિબંધો હતા તે યથાવત છે. પરંતુ આવા પ્રતિબંધો અંગેની કેટલાક ફેરફારો પણ કરાયા છે. જેમાં લોકડાઉન માટે અગાઉ જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ જેવી કે શાક ભાજી, કરિયાણુ, અનાજ, પેટ્રોલપંપો, દૂધ, ફળફળાદી, મેડીકલ સ્ટોર, ખાતર, બેકરી, ઈંડાં-માસ અને માછલી વગેરેની દુકાનો યથાવત ખુલ્લી રહેશે. જો કે આ દુકાનોનો સમય અગાઉ ૬ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધી હતો તે બદલીને ૬ થી બપોરે ૧ વાગ્યા સુધીનો સમય લંબાવાયો છે. આ ઉપરાંત જે લોકોને અગાઉ પાસ ઈસ્યુ કર્યા છે તે પાસની મુદત ૧૪/૪ થી વધારે ૩ જી મે કરાઈ છે.

આ ઉપરાંત નવસારીમાં માસ્ક વગર ફરનારને ૫૦૦ રૂા. દંડ કરવામાં આવશે તેવું પણ જાહેરનામામાં જણાવાયું છે.

પાસની મુદત આપોઆપ વધારી દેવાઈ : રીન્યુ નહીં કરાવવા પડે

નવસારી જીલ્લામાં આવશ્યક ચીજ વસ્તુઓની આવન-જાવન કુડ પેકેટ બનાવવા ઉપરાંત અન્ય લોકોને પ્રાંત અધિકારીએ પાસ ઈસ્યુ કરાયા હતા જે પાસની મુદત ૧૪/૦૪/૨૦૨૦ના રોજ પૂર્ણ થઈ રહી હતી. ત્યારે આજે જીલ્લાનાં અધિક કલેકટરે બહાર પાડેલા જાહેરનામામાં આ અંગે જણાવ્યું છે કે આવા પાસો હવેથી ૧૪/૦૪/૨૦૨૦ ને બદલે ૩/૦૫/૨૦૨૦ સુધી માન્ય રહેશે. આ પાસ ધારકોએ નવેસરથી મેળવવાનાં રહેશે નહીં તે જ રીતે જે ઔદ્યોગિક ગૃહને આપેલી પરવાનગી પણ ૩/૦૫/૨૦૨૦ સુધી માન્ય રહેશે.

પાસની મુદત ૩મે સુધી માન્ય ગણાશે

નવસારીમાં અગાઉ લોકડાઉન દરમ્યાન કેટલીક આવશ્યક સેવાઓ માટે પ્રાંત અધિકારી અને અન્ય એજન્સી દ્વારા ખાસ આવન-જાવન માટે મુકિત આપવા માટે પાસ ઈસ્યુ કરવામાં આવ્યા છે. ત્યારે આવા વ્યકિતગત પાસ, વાહન પાસ અને ફેકટરી-દુકાનો ખોલવા માટે આપેલી પરવાનગીની મુદત ૧૪/૦૪/૨૦૨૦ના રોજ પૂર્ણ થતી હતી. તેવા પાસ અને પરવાનગીની મુદત આપોઆપ ૦૩/૦૫/૨૦૨૦ સુધી લંબાવી દેવાયું છે. આ માટે પાસ ધારકે નવા પાસ લેવા કે રીન્યુ કરાવવાની જરૂર નથી. તેવું અધિક કલેકટર દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામામાં જણાવાયું છે.

જાહેરમાં થુકનાર અને માસ્ક વગરનાને દંડ કરાશે

તંત્ર દ્વારા બહાર પડાયેલ જાહેરનામામાં જે વ્યકિત ઘરની બહાર નિકળે ત્યારે મોં ઉપર માસ્ક કે મો ઢંકાય તેવું કપડું બાંધવું ફરજીયાત રહેશે. આ નિયમનો ભંગ કરનારને ૫૦૦ રૂપિયા દંડ વસુલવામાં આવશે. તે જ રીતે જો જાહેરમાં થુકશે તો તેવા વ્યકિતને પણ દંડ કરવામાં આવશે.

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.

(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

નાગરવાડા પછી કારેલીબાગમાં કેસો વધ્યા

વડોદરામાં કોરોનાના વધુ ૫ પોઝિટિવ કેસ નોંધાયા કુલ આંકડો ૧૧૩ થયો

વડોદરા

વડોદરા શહેરમાં આજે કોરોના વાઈરસના વધુ ૫ કેસ નોંધાયા છે. અત્યાર સુધી કોરોના પોઝિટિવ કેસનો આંકડો ૧૧૩ ઉપર પહોંચી ગયો છે. જેમાં ૩ કેસ નાગરવાડા વિસ્તારના અને ૨ કેસ કારેલીબાગ સ્થિત આનંદનગરના છે. સોમવારે રેડ ઝોન નાગરવાડા નજીક આવેલા કોઠી પોળ તથા કારેલીબાગમાંથી એક-એક કોરોના પોઝિટિવ કેસ આવતા તંત્રમાં ચિંતાનો વિષય બન્યું હતું. ત્યારે આજે બીજા દિવસે પણ કારેલીબાગ વિસ્તારમાંથી ૨ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. કારેલીબાગમાં અત્યાર સુધી ૩ પોઝિટિવ કેસો નોંધાયા છે. આમ નાગરવાડા વિસ્તારમાં પછી કારેલીબાગ વિસ્તારમાં કેસો વધ્યા છે.



જેને પગલે કોરોના કોવિડ-૧૯ પ્રસરતો ફેલાવવા અટકાવવા માટે વહીવટી તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. રેડ ઝોન તરીકે જાહેર કરાયેલા નાગરવાડાની પાસે આવેલા કોઠી પોળ, રાવપુરામાં પ્રથમ કોરોના પોઝિટિવ કેસ સામે આવ્યો હતો. જેને કારણે કોરોના રેડ ઝોનની બહાર પ્રસરી રહ્યો છે. કોઠીના કોરોના પોઝિટિવ આધેડ ૬ મહિના પહેલા જ વિસ્તારમાં રહેવા માટે આવ્યા હતા અને તેઓ રાવપુરામાં વિસ્તારમાં ઠંડા પીણાની દુકાન ધરાવે છે. આ ઉપરાંત કારેલીબાગ વિસ્તારના આનંદનગર સ્થિત સત્યમ એપાર્ટમેન્ટમાં ૪૦ વર્ષની મહિલાને પણ કોરોના વાઈરસ પોઝિટિવ આવ્યો છે, ત્યાર બાદ આનંદનગરમાં આજે વધુ બે કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે.

વડોદરામાં નાગરવાડા વિસ્તારમાં પ્રથમ કોરોના પોઝિટિવ કેસ થવા પાછળની કડી શોધવા માટે આરોગ્ય વિભાગની ટીમ દ્વારા સઘન તપાસ શરૂ કરી દેવામાં આવી હતી. તપાસ દરમિયાન વાત બહાર આવી હતી કે, નાગરવાડાના આધેડ લોકડાઉન લાગુ થયા પહેલાં ૧૬ માર્ચે અમદાવાદમાં ગયા હતા. અને તેમણે દાણી લીમડા વિસ્તારની મુલાકાત લીધી હતી. હાલ દાણી લીમડા વિસ્તારમાં અનેક કોરોના પોઝિટિવ કેસો સામે આવ્યા છે. અમદાવાદની મુલાકાત વેળા નાગરવાડાના આધેડને ચેપ લાગ્યો હોય તેવું અનુમાન લગાડવામાં આવી રહ્યું છે.

સુરતમાં લોકડાઉનનો સમય વધાતા કારખાનેદારોની ચિંતા વધી



સુરત

લોક ડાઉનનો સમયગાળો વધારવામાં આવતાં શહેરના ટેકસટાઈલ ઉધોગકારોની, ખાસ કરીને કારખાનેદારોની ચિંતા વધી ગઈ છે. કારખાનેદારોએ કારીગર વર્ગને જેમ તેમ સમજાવીને રોકી રાખ્યા હતા કે, આજે નહીં તો કાલે પરિસ્થિતિમાં સુધારો આવતા કશોક રસ્તો નીકળશે, પરંતુ લોક ડાઉન વધી જતાં હવે કારીગરોને કઈ રીતે કાબૂમાં રાખવા એ મોટી ચિંતા સૌને છે.

લસકાણા વિપુલ નગરમાં ચાર દિવસ પહેલા કારીગરો દ્વારા મચાવવામાં આવેલી ધમાલને ધ્યાનમાં લઈને આ વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત વધારવામાં આવ્યો છે. પરંતુ હવે લોક ડાઉનનો સમયગાળો વધી જતાં કારખાનેદારોને કારખાનાઓની સલામતીનો ડર સતાવી રહ્યો છે. એક કારખાનેદારે જણાવ્યું કે, ગઈકાલે સાંજે ડાયમંડનગરમાં અનાજનો જથ્થો હોટલ ઉપર પહોંચાડવામાં આવ્યો, ત્યારે ભેગા થઈ ગયેલા કારીગરોએ એક જ વાત કરી હતી કે અમારા માટે ગમે તે રીતે વતન જવાની વ્યવસ્થા કરી આપો. જમવાનું અમારા માટે એટલું મહત્વનું નથી, વતનમાં અમારે કુટુંબની સાથે રહેવું છે. વળી અહીં ગરમી વધી રહી હોવાથી પણ કારીગરો એક ખોલીમાં સાથે રહી શકતા નથી.

એપીએમસી માર્કેટ યાર્ડ આજથી ખૂલશેઃ રાજ્ય સરકારનો ખેડૂતો તરફી નિર્ણય

ગાંધીનગર

ગુજરાતમાં કોરોના વાયરસને કારણે બંધ કરવામાં આવેલ APMC માર્કેટ અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો અને આ અંગે ઝર્ફ અશ્વિની કુમારે પત્રકાર પરિષદ યોજીને આ અંગે માહિતા આપી હતી. બજારમાં અનાજની હરાજી વખતે વેપારીઓ અને ખેડૂતો સહિત ૪૦-૫૦ લોકો ભેગા થતા હોય છે. આ સ્થિતિના નિરાકરણ માટે વેપારીઓ અને કમિશન એજન્ટ્સ માર્કેટ યાર્ડમાં ખરીદી કરવાના બદલે ખેડૂતના ખેતર પર જઈને જ સીધી ખરીદી કરે તેવી વ્યવસ્થા જે તે બજારની સમિતિએ ગોઠવવી જોઈએ.

માર્કેટ યાર્ડ આવતી કાલથી ખુલ્લુ રાખવામાં આવશે. સવારે ૧૧:૩૦થી બપોર ૧ વાગ્યા સુધી હરાજી કરવામાં આવશે. મોડાસા યાર્ડમાં હરાજી માટે ખાસ નિયમો બનાવવામાં આવ્યો છે. અગાઉથી રજિસ્ટ્રેશન કરાવેલા ખેડૂતને યાર્ડમાં પ્રવેશ મળશે. અગાઉથી જ ફોન પર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રાજ્ય સરકારનો ખેડૂતોના હિતમાં મોટો નિર્ણય કર્યો છે. આવતીકાલથી સ્થિતિના આધારે માર્કેટયાર્ડ શરૂ કરવામાં આવશે. અને આ દરમિયાન સોશિયલ ડિસ્ટન્સ જળવાય તેનું ખાસ ધ્યાન રખાશે. માર્કેટયાર્ડ શરૂ કરવાને લઈ જિલ્લાકક્ષા દ્વારા એક સમિતિની રચના પણ કરાઈ છે. ખેડૂતોએ ખરીદ પ્રક્રિયા પહેલા રજિસ્ટ્રેશન કરાવવું પડશે અને નક્કી કરેલી તારીખે સેમ્પલ લઈ ખેડૂત યાર્ડે પહોંચશે. અને સેમ્પલ પાસ થયા બાદ પાકનું વેચાણ કરવાનું રહેશે. અને શક્ય હોય તો વેપારી ખેડૂતના ખેતરમાંથી જ માલ ખરીદી શકે છે. માર્કેટયાર્ડમાં ભીડ ન થાય એ રીતે તમામ આયોજન કરાયું છે.

વેપારી-ખેડૂત સમજણ પ્રમાણે પાકનું ખરીદ-વેચાણ કરે અને ખેડૂત અને વોપારી મળીને પાકની કિંમત નક્કી કરે. સીએમઓ સચિવે કહ્યું કે ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળશે. ખેડૂતોને યોગ્ય ભાવ મળે એ માટે સરકાર પ્રયત્નશીલ છે. અને નિયમોનું પાલન ન કરનાર યાર્ડને તાત્કાલિક બંધ કરી દેવાશે. સાથે જ માર્કેટયાર્ડમાં માસ્ક ફરજિયાત કરી દેવાયું છે. માસ્ક,ટુવાલ,ગમછો,હાથરૂમાલ બાંધીને પણ ખેડૂત આવી શકે છે. આ સાથે યાર્ડમાં માલ લઈને આવતા ખેડૂતોને આદેશ અપાયો છે કે એક સાધનમાં ફકત બે માણસો જ યાર્ડમાં પ્રવેશ લઈ શકશે અને તમામ યાર્ડમાં આવનારા ખેડૂતો અને વેપારીઓએ માસ્ક પહેરવું ફજિયાત છે. રાજ્યમાં મોટા ગણાતા અને જયાં અનાજનું વેચાણ પણ વધારે થઈ રહી છે તેવી છઁસ્ઝ સમિતિઓમાં સરકારી ગાઈડલાઈન મુજબ વેચાણ શરૂ થશે.

ઈમરજન્સી માટે મુસાફરી કરવા માત્ર ઓનલાઈન અરજી કરવી

સુરત જિલ્લા કલેક્ટર કચેરીમાં રૂબરૂ આવવું નહીં

સુરત

હાલમાં કોરોના કોવિડ-૧૯ના કેન્દ્ર સરકારના લોકડાઉન આદેશના કારણે સુરત જિલ્લામાં લોકોની બિન જરૂરી અવર-જવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આવા સંજોગોમાં ખાસ આવશ્યક કારણો જેવા કે, મેડીકલ ઈમરજન્સીને કારણે સુરત જિલ્લામાંથી મુસાફરી કરવા માટે પરવાનગી લેવા માટેની અરજી Collectrosur@gujarat.gov.in અથવા 54.magsurat@gmail.com પર કરવી. અરજી જરૂરી પુરાવા સાથે સ્પષ્ટ વિગતો (નામ, વાહન નંબર, સ્થળ) સાથે ઈ-મેઈલ પર અરજી કરવાની રહેશે. અરજી પર નિર્ણય લઈ મંજુર કે નામજુંરની વિગતો ઈ-મેઈલ પર મોકલી આપવામાં આવશે. મંજુરીના કિસ્સામાં પરવાનગીઁ પીડીએફ ફોર્મેટમાં ઈ-મેલથી મોકલી આપવામાં આવશે. જે ઈ- પરવાનગી તરીકે માન્ય ગણાશે જેથી ફિઝીકલ કોપીનો આગ્રહ રાખવો નહી. અરજી કરવા માટે કલેકટર કચેરીએ કોઈએ રૂબરૂ આવવું નહી. જો કોઈ રૂબરૂ આવશે તો જાહેરનામાના ભંગ બદલ કાર્યવાહી કરવામાં આવશે. ઈ-મેઈલ સિવાયની અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી જેની નોંધ લેવા સુરત જિલ્લા કલેકટર ડો.ધવલ પટેલ દ્વારા જણાવાયું છે.

કોરોના સામે પીએમ મોદી દ્વારા અપાયેલ 'સપ્તપદી' નું અક્ષરશઃ પાલન કરીએઃ વાઘાણી

ગાંધીનગર

ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશભરમાં કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા અને કોરોના મહામારી સામે વિજય પ્રાપ્ત કરવા દેશવાસીઓના હિતમાં રાષ્ટ્રીય લૉકડાઉનને ૩ મે સુધી લંબાવવાના કરાયેલ નિર્ણયને સહર્ષ આવકાર્યો છે. સૌ ગુજરાતવાસીઓને આ અતિસંવેદનશીલ સમયમાં લૉકડાઉનના નિયમોનું સંપૂર્ણપણે ચુસ્ત પાલન કરવા સહૃદય અપીલ કરી છે. જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના વડપણ હેઠળની રાજ્ય સરકાર વૈશ્વિક મહામારી કોરોના વાયરસને પરાસ્ત કરવા માટે શ્રેણીબદ્ધ પગલાં ભરીને સૌ નાગરિકોને સુરક્ષિત રાખવા અથાગ



પરિશ્રમ કરી રહી છે. ત્યારે આપણા સૌની ફરજ છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અપાયેલ સાત સૂત્રો રુપી 'સપ્તપદી' નું અક્ષરશઃ પાલન કરીએ.

૧. ઘરના વડીલોની વિશેષ કાળજી રાખવી.

૨.લૉકડાઉન અને 'Social Distancing'ની લક્ષ્મણરેખાનું સંપૂર્ણ પાલન કરવું, ઘરમાં બનાવેલ ફેસ માસ્કનો ઉપયોગ કરવો.

૩. રોગપ્રતિકારકતા વધારવા આયુષ મંત્રાલયના નિર્દેશોનું પાલન કરવું. ગરમ પાણી તથા ઉકાળાનુંસેવન કરવું.

૪. કોરોના વાયરસના સંક્રમણને અટકાવવામાં મદદરૂપ 'આરોગ્ય સેતુ એપ' મોબાઈલમાં ડાઉનલોડ કરવી અને અન્ય પરિચિતોને એપ ડાઉનલોડ કરવા પ્રેરિત કરવા.૫. જેટલું શક્ય હોય એટલા ગરીબ પરિવારની દેખરેખ કરી ભોજનની વ્યવસ્થા કરવી.

૬. વ્યવસાય- ઉદ્યોગોમાં કાર્ય કરતા નાગરિકો પ્રતિ સંવેદના રાખવી, તેમને નોકરીમાંથી છૂટા ન કરવા.

૭. કોરોના વોરિયર્સ (યોદ્ધા) એવા તબીબો, નર્સ, પેરામેડિકલ સ્ટાફ, પોલીસ કર્મીઓ, સફાઈ કર્મીઓ માટે સન્માન અને ગૌરવની લાગણી રાખવી. જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, મને સંપૂર્ણ વિશ્વાસ છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા સુચવેલી આ 'સપ્તપદી'નું પાલન કરી, લૉકડાઉનનો સંપૂર્ણ અમલ કરીને આપણે સૌ સાથે મળી આ વૈશ્વિક રોગચાળાના ફેલાવા પર અંકુશ મેળવી અવશ્ય વિજય પ્રાપ્ત કરી શકીશું.

તમારી ૭ આદતો તમને બનાવી શકે છે કોરોના વાયરસનો શિકાર

કોરોના વાયરસના આ સંક્રમણ કાળ દરમિયાન, દરેક નાની નાની સાફ સફાઈની કાળજી લેવી જરૂરી છે. સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું છે, તેથી આ સમયે સ્વચ્છતાની કાળજી લેવી જરૂરી છે. જો થોડી પણ બેદરકારી કરવામાં આવે, તો પછી આ સમયે સંક્રમણનું જોખમ રહે છે. સફાઈમાં બેદરકારી તમને કોરોના જેવી ઘાતક અને જીવલેણ બીમારી પણ થઈ શકે છે. તો આજે અમે તમને તે નાની આદતો વિશે જણાવીશું કે જેનાથી તમે કોરોનાના જોખમને ટાળી શકો છો. તબીબી નિષ્ણાતો પણ માને છે કે જો તમે કોરોના જેવા રોગચાળાના ભયથી દૂર રહેવા માંગતા હોવ તો આ આદતો વહેલી તકે છોડી દો.

નખ ચાવવા : ઘણા લોકોની આ ટેવ બાળપણથી બની જાય છે અને તેઓ મોટા થઈને પણ હંમેશા નખ ચાવતા હોય છે. નિષ્ણાતોનું કહેવું છે કે નખની અંદર તમામ પ્રકારના જંતુઓ જોવા મળે છે. આ સ્થિતિમાં, નખને સીધા મોઢામાં નાંખવાથી બેક્ટેરિયા અને વાયરસ સરળતાથી તમારા શરીરની અંદર પ્રવેશ કરે છે. તેથી વધુ સારું છે કે, જો તમને નખ ચાવવાની ટેવ હોય, તો વહેલી તકે તેને છોડી દો.

ખીલને ફોડવા : જો તમને ખીલની સમસ્યા છે, તો તમે ન તો પાર્લર જઈ શકો છો, ન તો કોઈ ડોક્ટર પાસે જઈને આ સમસ્યાનું નિદાન કરી શકો છો. પરંતુ આનો અર્થ એ નથી કે તમે આ સમસ્યાની સારવાર જાતે જ કરવાનું શરૂ કરો. આ કટોકટી દરમિયાન તમારે કોઈ પણ કામ ન કરવું જોઈએ, જે તમારું સ્વાસ્થ્ય જોખમમાં મૂકે છે. કોરોનાનું સંક્રમણ સતત વધી રહ્યું છે. અને આ સમયે વાયરસ કોઈપણ સપાટી પર સરળતાથી જીવી શકે છે. આવી સ્થિતિમાં, વારંવાર અને ચહેરા પરના પિમ્પલ્સને સ્પર્શ ન કરો. તેને સ્પર્શવાથી સંક્રમણનું જોખમ વધી શકે છે.

વાળને આંગળીઓથી ફેરવવા : મોટાભાગની સ્ત્રીઓને વાળમાં આંગળીઓ ફેરવવાની ટેવ હોય છે. જો આવી આદત હોય તો તેને હવે માટે છોડી દો. જો તમારા વાળ લાંબા છે, તો આ આદત જલદીથી છોડી દો. આ ટેવને લીધે, એવી સંભાવના છે કે વાયરસ તમારા હાથમાં આવશે. અને પછી તે હાથ દ્વારા નાક અને મોં દ્વારા આખા શરીરમાં ફેલાય છે.

બેડશીટની સફાઈ ના કરવી : જો તમે બે અઠવાડિયા સુધી તમારી બેડશીટ ધોતા નથી, તો તમારે આ ટેવ બદલવાની જરૂર છે. કોરોના વાયરસ અમુક સપાટીઓ પર ઘણા દિવસો સુધી જીવંત રહી શકે છે. તેથી એવા કપડાં કે જે તમારા શરીરના સંપર્કમાં આવે છે, તેને નિયમિત ધોવા જરૂરી છે. દરરોજ તમારા ટુવાલ અને રૂમાલ પણ ધોઈ લો. અઠવાડિયામાં ઓછામાં ઓછી ૨-૩ વાર તમારી બેડશીટને જરૂરથી ધોઈ લો.

વોશ બેસિનમાં ટૂથબ્રશ રાખવું : લોકો મોટા ભાગે તેમના ટૂથબ્રશને બાથરૂમનાં વોશ બેસિનની આજુબાજુ રાખે છે. પરંતુ આમ કરવાથી તમે હાલના સમયમાં બીમાર થઈ શકો છો. વાયરસ સપાટી પર ઘણા દિવસો સુધી જીવંત રહી શકે છે. તેને ટૂથબ્રશ બેસિનની પાસે રાખીને, વાયરસ ટૂથબ્રશ અને ત્યારબાદ ટૂથબ્રશ દ્વારા તમારા મોંની અંદર પ્રવેશી શકે છે.

આંગળીથી દાંતની સફાઈ કરવી : ખોરાક ખાતી વખતે ઘણીવાર અમુક વસ્તુઓ દાંતમાં સફાઈ જાય છે. જો તમે પણ તેને તમારા હાથથી કાઢવાનો પ્રયાસ કરો છો, તો આ ટેવ તમને જોખમમાં મૂકી શકે છે. આવી પરિસ્થિતિઓમાં સાવચેત રહો, તમારા હાથમાં વાયરસ અને ઘણા પ્રકારના જંતુઓ હોઈ શકે છે. આવી સ્થિતિમાં, હાથ ધોયા પછી જ તમારી આંગળીઓને દાંત પર લો. શ્રેષ્ઠ ઉપાય એ છે કે જો તમારા દાંતમાં કંઈક અટવાઈ જાય છે, તો તેને ટૂથપીક અથવા બ્રશથી દૂર કરો.

ખોરાક શેયર કરવો : એક વ્યક્તિથી બીજામાં કોરોના વાયરસ ફેલાય છે. આવા સંક્રમણનાં સમયગાળા દરમિયાન ખોરાકને શેયર ન કરવો તે વધુ હિતાવહ રહેશે. જો તમને ભોજન વહેંચવાની ટેવ હોય, તો હવે આ ટેવ છોડી દો. ખોરાક, પાણી અને વાસણો વહેંચીને પણ વાયરસ ફેલાય છે. તેથી આ સમયે કોઈપણ સાથે તમારા ખોરાક, પાણી અને વાસણો શેયર કરશો નહીં.

કોરોનાઃ સીએમ રૂપાણીએ વિદેશમાં વસતા ગુજરાતીઓને ઘરમાં જ રહેવા કરી અપીલ

ગાંધીનગર

મહામારીના સંકટ વચ્ચે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સોશિયલ મીડિયા મારફતે વિદેશમાં વસતા ગુજરાતીઓને સંબોધન કર્યું હતું. આ દરમિયાન તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, સમગ્ર વિશ્વને બાનમાં લઈ ચૂકેલા કોરોના વાઈરસ વિરૂદ્ધ દરેક જણ એકજૂટ થઈને જીત મેળવે. ઝર રૂપાણીએ વિદેશોમાં વસતા ગુજરાતી પરિવારજનોને સંબોધિત કરતા જણાવ્યું કે, ગુજરાતે આ વાઈરસના ચેપને ફેલાતો અટકાવવા માટે તૈયારી સાથે આગતરૂ આયોજન કર્યું છે.

આજે જ્યારે સમગ્ર વિશ્વ કોરોના મહામારીના સકંજામાં છે, ત્યારે તમામ માટે આ એક ચિંતાનો વિષય છે. મને અલગ-અલગ દેશોમાંથી



વિભિન્ન માધ્યમો થકી લોકોના સંદેશાઓ મળતા રહે છે. હું તેમની ચિંતા સમજી શકું છુ, કારણ કે પોતાના વતન પ્રત્યે લાગણી ધરાવતા તમામ ગુજરાતીઓને એકબીજાની ચિંતા થવી સ્વાભાવિક છે. મુખ્યમંત્રીએ વિશ્વમાં વસેલા ગુજરાતીઓની વિશેષ ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું કે,

ગુજરાતના લોકો વિશ્વના અલગ-અલગ દેશોમાં ફેલાયેલા છે. જેમાં અમુક એવા દેશો પણ છે, જયાં કોરોનાનું સંક્રમણ વધારે હોવાના સમાચાર છે. અમેરિકાના ન્યુયોર્ક, ન્યૂજર્સી, લૉસ એન્જલસની સાથે બ્રિટનમાં પણ મોટા પ્રમાણમાં ગુજરાતીઓ રહે છે. એવા તમામ લોકોને પોતાનો ખ્યાલ રાખવો જોઈએ અને બને ત્યાં સુધી પોતાના ઘરોમાં સુરક્ષિત રહેવું જોઈએ. તેમણે વધુમાં જણાવ્યું કે, ગુજરાતીઓ જે-જે દેશોમાં રહે છે, ત્યાંના નિયમો અને આદેશોનું પાલન કરતા જ હશે. આવા સંકટના સમયે શરીને સ્વસ્થ અને મનને પ્રફુલ્લિત રાખવા માટે ખાસ પ્રયત્ન કરવા જોઈએ. તેનું પણ સમાધાન ભારતીય પરંપરામાં જ છે. યોગાસન, વ્યાયામ અને પ્રાણાયામથી લઈને અનેક ચીજો આપણા શરીર અને મનને મજબૂત બનાવે છે.

રાંદેર-બેગમપુરાના લોકો માટે બીજો હુકમ સુધી ફરજિયાત હોમ ક્વોરન્ટીનનો આદેશ

સુરત

પાલિકા કમિશનરે જાહેરનામુ પ્રસિદ્ધ કરી ઝાંપા બજારની માર્કેટો અને રાંદેર ઝોનનો અસરગ્રસ્ત વિસ્તાર જે છે તેની માસ ક્વોરન્ટીનની મુદત વધારી છે. હોમ ક્વોરન્ટીનની મુદ્દય પૂર્ણ થતી હોય બીજો હુકમ નહી થાય ત્યાં સુધી આ વિસ્તારમાં રહેતા લોકોને ફરજિયાત હોમ ક્વોરન્ટીનમાં રહેવા આદેશ કર્યો છે. અત્રે ઉલ્લેખનિય છે કે, રાંદરે ઝોનને રેડ ઝોનમાં મૂકવામાં આવ્યો છે. જ્યારે લોકડાઉન પણ ૩ મે સુધી વધારી દેવામાં આવ્યું છે.

પાલિકા કમિશનર બંછાનિધી પાનીએ જાહેરનામામાં જણાવ્યું છે કે, ગત ૫ એપ્રિલે સેન્ટ્રલ ઝોનના



ઝાંપા બજાર વિસ્તારની તમામ માર્કેટો તારીખ ૧૪ એપ્રિલ સુધી સદંતર બંધ રાખવા અને ત્યાંના લોકોને ફરજિયાત હોમ ક્વોરન્ટીનમાં રહેવા હુકમ કર્યો હતો. તેવી જ રીતે ગત તારીખ ૭ એપ્રિલના રોજ રાંદેર ઝોનમાં રાંદેર મુખ્ય રસ્તાનો ઉત્તર પૂર્વીય તરફ તાપી નદી સુધીનો વિસ્તાર એટલે કે, અડાજણ પાટીયા, કોઝવે રોડ, ગોરાટ રોડ, ગોરાટ, રાંદેર ગામ, હનુમાન ટેકરી, ભાણકી સ્ટેડિયમ આજુબાજુનો વિસ્તારના લોકો પણ ૧૪ એપ્રિલ સુધી ફરજિયાત હોમ ક્વોરન્ટીનમાં રહેવા હુકમ કર્યો હતો. જેમાં સુધારો કરાયો છે અને બીજો હુકમ નહી થાય ત્યાં સુધી ફરજિયાત હોમ ક્વોરન્ટીનમાં રહેવા હુકમ કરાયો છે.

રાજપીપળા જેલમાંથી જામીન પર મુક્ત કરાયેલા ચાર કેદીઓને સરકારી વાહનમાં વડોદરા તથા અમદાવાદ પહોંચાડ્યા



સાત વર્ષથી ઓછી સજા વાળા જેલના કેદીઓને વચ ગાળાના જામીન બે માસ માટે મંજૂર થયા હોય જેમાં આ ચાર કેદીઓને પોતાના ઘરે પહોંચાડ્યા હતા

જેલના કેદીઓને ઘર સુધી પહોંચાડ્યાની ગુજરાતની પહેલી ઘટના

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



હાલ સમગ્ર દેશમાં કોરોનાના કેહેર વચ્ચે લોકો જીવી રહ્યા છે. જેથી નામદાર સુપ્રીમ કોર્ટ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના હાઈ પાવર કમિટીના નિર્દેશ મુજબ સાત વર્ષથી ઓછી સજા વાળા જેલના કેદીઓને વચગાળાના જામીન નામદાર ફેમિલી કોર્ટે વડોદરા દ્વારા બે માસ માટે મંજૂર થયા હતા. અધિક પોલીસ મહાનિદેશક ડો.કે.એલ.એન.રાવની સૂચના મુજબ ચાર કેદીઓને રાજપીપળા જિલ્લા જેલમાંથી જામીન પર મુક્ત કરાયા હતા. આ કેદીઓને એમના નિવાસ્થાને રાજપીપળા પોલીસ હેડ કવાર્ટરના સરકારી વાહનમાં સુરક્ષિત રીતે વડોદરા તથા અમદાવાદ ખાતે પહોંચાડવામાં આવ્યા હતા. સાથે એમને રાજપીપળા જિલ્લા કાનૂની સમિતિ સેક્રેટરીના સહયોગથી ગાયત્રી પરિવાર દ્વારા રાશન કીટ પણ આપવામાં આવી હતી.

રાજપીપળા જિલ્લા જેલના અધિક્ષક એમ.એલ. ગમારા એ આ બાબતે જણાવ્યું હતું કે, હાલ લોકડાઉન છે આ કેદીઓ વડોદરા અને અમદાવાદ તરફના વિસ્તારના હતા જ્યાં કોરોના ના વધુ કેસો છે નર્મદા જિલ્લામાં હાલ એક પણ કેસ નથી. જેથી કેદીઓના સબંધીઓ અહીયા આવી શકે એમ ન હતા માટે કોરોના વાયરસના ઈન્ફેક્શન ને ધ્યાનમાં રાખી જિલ્લા જેલ દ્વારા કેદીઓને પોતાના ઘરે પહોંચાડ્યા હોય એવી ગુજરાતમાં આ પહેલી ઘટના બની છે.

આકરી ગરમીમાં રાજપીપળાની અમુક બેન્કો બહાર કલાકો ઉભા રહેતા ગ્રાહકોની હાલત ખરાબ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

લોકડાઉન વચ્ચે હાલ પડી રહેલી આકરી ગરમીમાં રાજપીપળાની કેટલીક બેન્કો બહાર મોટી લાઈનો માં ઉભા રહેતા ગ્રાહકોની હાલત અસહ્ય ગરમીના કારણે ખરાબ જોવા મળી રહી છે જ્યારે કેરલીક બેન્કો માં મંડપ સાથે પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે પરંતુ અમુક બેન્કમાં આવી કોઈ વ્યવસ્થા ન હોવાથી ગરમીના કારણે વૃદ્ધ વ્યક્તિઓની હાલત ખરાબ જોવા મળી રહી હતી માટે જેતે બેંકના અધિકારીઓ એ આવા સમયે ગ્રાહકોની સુવિધા ખાતર યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ.

રાજપીપળા પો.સ્ટે.પર લોકડાઉન દરમિયાન ડિટેન કરેલા વાહનો દંડ ભરી છોડવા માલિકો દોડી આવ્યા હતા



લોકડાઉનમાં આર્થિક ભારણમાં લોકો પર વધુ એક દંડ નો બોજો પડતા હાલત ફફોડી બની

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

આર.ટી.ઓ નો મોટાભાગ નો સ્ટાફ લોકડાઉન માં બંદોબસ્તમાં હોય વાહનો છોડાવવા આર.ટી.ઓ માં લાઈનો ન લાગે તેમજ સોસિયલ ડિસ્ટનસિંગ જળવાય તે માટે રાજ્ય વાહન વ્યવહાર કચેરી ના આદેશ મુજબ સ્થાનિક પોલીસ્ટેશન માં જ દંડ વસૂલી વાહનો છોડવાની કાર્યવાહી કરાઈ હોઈ જેના કારણે આજે રાજપીપળા પો.સ્ટે.માં ડિટેન કરેલ વાહનો છોડવા લોકો દોડી આવ્યા હતા.લોકડાઉન હોવા છતાં કામ વગર રખડતા લોકો ને પોલીસે અટકાવી વાહનો ડિટેન કર્યા હતા જે આજે દંડ ભરી આપવાની જાહેરાત કરતા લોકો દોડી આવ્યા હતા.જોકે લોકડાઉન માં કામધંધા બંધ હોવાથી આર્થિક ભારણ વચ્ચે લોકો પર વધુ એક દંડ નો બોજો પડતા હાલત ફફોડી બની હતી પરંતુ એ માટે જવાબદાર પણ આ વાહન માલિકો જ હતા માટે દંડ ભરી વાહન છોડાવી ગયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે નર્મદા જિલ્લા પોલીસ દ્વારા લોકડાઉન દરમિયાન ૧૩ એપ્રિલ સુધી જિલ્લામાં લગભગ ૬૫૬ વાહનો ડિટેન કરવામાં આવ્યા છે જે તાલુકા પોલીસ મથકોએથી આજે દંડ લઈ મુક્ત કરવાની કામગીરી શરૂ કરાઈ હતી.

નર્મદાના ડુંગરાળ આમલગઢ ગામમાં સાઈ માનવ સેવા ગ્રુપ,રાજપીપળાની માનવતા મહેકી ઉઠી: અનાજ,સાડીનું વિતરણ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ કોરોના મહામારી વચ્ચે લોકડાઉન પણ ૩ મે સુધી લંબાવ્યું હોય તેવામાં નર્મદા જિલ્લાના કેટલાય અંતરિયાળ ડુંગરાળ ગામોમાં મજૂરી કામ બંધ હોય ત્યારે ઘણી સંસ્થાઓ અનાજ સહિતનું વિતરણ કરી રહી હોય જેમાં રાજપીપળાની સાઈ માનવ સેવા ગ્રૂપના પ્રમુખ જનકભાઈ મોદી તથા ગાયત્રી પરિવાર ના ભરત ભાઇ વ્યાસ ને ડુંગરાળ વિસ્તાર માં આવેલા આમલગઢ ના લોકોની હાલત ખરાબ હોવાની જાણ થતાંજ તેઓ તાત્કાલિક ત્યાં દોડી ગયા અને ગામના ગરીબ લોકો કે જે અનાજ કપડાં સહિતની જીવન જરૂરી વસ્તુઓ માટે લોકડાઉન ના કારણે અટવાઈ ગયા હતા એ તમામ ને ઘરે ઘરે જઈ ૭૦ થી વધુ કીટ જેમાં અનાજ સહિત સાબુ, શાકભાજી અને એક એક સાડીનું વિતરણ કરી આ ગામમાં માનવતા ની જ્યોત જલાવી હતી.આ સેવાકાર્ય માં નર્મદા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરી અને જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ એન.કે. નાયર,સેક્રેટરી બળવંત ભાઈ વસાવા સાથે પારુલબેન મોદી પણ જોડાયા હતા. અને આ આખી ટીમે ગામમાં કીટ વિતરણ કરતા દરેક ઘરોમાં ખુશી વ્યાપી ગઈ હતી. આ સમયમાં જુદી જુદી સંસ્થાઓ આવા અંતરિયાળ ગામોમાં આમ સમાજસેવા માટે પહોંચે એવી મેજિસ્ટ્રેટ એન.કે.નાયરે હૃદય ની લાગણી વ્યક્ત કરી હતી.

નર્મદામાં હોમ કોરોન્ટાઈનમાં રખાયેલા દંપતી ઘરેથી બહાર નીકળતા રાજપીપળા પોલીસે ગુનો દાખલ કર્યો

નાંદોદ તાલુકાના થરી ગામના અને વડોદરા રહેતા દંપતીને વડોદરાથી થરી આવતા હોમ કોરોન્ટાઈનમાં રખાયા હતા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લા માં હજુ સુધી એક પણ કોરોના પોજેટિવ કેસ નથી એ માટે આરોગ્ય અને પોલીસ વિભાગ ની સતત કામગીરી ને શ્રેય આપવો યોગ્ય ગણાશે ત્યારે બહારના જિલ્લાઓ માંથી આવતા અને એમને હોમ કોરોન્ટાઈન માં રખાયા હોવા છતાં કેટલાક લોકો કાયદાનું પાલન ન કરી બહાર નીકળી પડતા તંત્ર કાયદેસર કાર્યવાહી કરે એ સૌના હિત માં છે તેવીજ ઘટના આજે બનતા રાજપીપળા પોલીસે થરી ગામના દંપતી પર કાયદેસર કાર્યવાહી કરતા અન્યોમાં ફફડાટ જોવા મળ્યો હતો.

નાંદોદ તાલુકા ના થરી ગામના અને વડોદરા પરિવાર ચાર રસ્તા ખાતે રહેતા જયદીપસિંહ રાઠોડ અને તેમના પત્ની સોનલબેન રાઠોડ ગત તા.૦૮ એપ્રિલે નારોજ વડોદરા શહેર થી પોતાના વતન થરી ગામે ઘરે આવ્યા હતા વડોદરા માં કોરોના ના કેસ હોવાથી આ દંપતીને ૧૪ દિવસ માટે હોમ ક્વોરન્ટાઈનમાં રખાયા હતા છતા હાલની વૈશ્વિક બિમારી કોરોના વાઈસરનો ફેલાવો તેઓ તરફથી થશે તેવી સંભાવનાની જાણ હોવા છતાં પોતાના ઘરેથી બહાર નીકળી ગુજરાત સરકારના જાહેરનામાનો ભંગ કરતા હોવાની જાણ રાજપીપળા પોલીસને થતા ટાઉન પીઆઈ આર એન રાઠવાએ આ મહામારીની ગંભીરતા ને ધ્યાને લઈ લાછરસ આરોગ્ય કેન્દ્રના ડૉ.ઝંખનાબેન વસાવા ની ફરિયાદ લઈ વૈશ્વિક મહામારી કોરાના વાઇરસ અટકાવવા કાયદેસર પગલાં લેવા માટે બંને વિરુદ્ધ રાજપીપળા પો.સ્ટે.માં ગુન્હો દાખલ કરતા અન્ય લોકોમાં પણ ફફડાટ ફેલાયો હતો.માટે આવી બાબતે ખાસ ધ્યાન આપી કોરોન્ટાઈલ માં હોય તેવા લોકો બહાર ન ફરી કાયદાનો અમલ કરે નહિ તો પોલીસ કોઈ પણ શરમ રાખ્યા વિના કાયદેસર કાર્યવાહી કરતા ખચકાશે નહિ તેમ ટાઉન પીઆઈ આર.એન.રાઠવા એ જણાવ્યું હતું.

નાંદોદના બારખડી કમોદિયા ગામમાં રાજપીપળા ટાઉન પી.આઈ.એ જીવન જરૂરિયાત વસ્તુનું વિતરણ કરી વધુ એક સેવાકાર્ય કર્યું

બે દિવસ પહેલા પણ જુનારાજ ગામમાં ટાઉન પીઆઈ આર એન રાઠવા અને તેમની ટીમે કીટ વિતરણ કરી હતી, ત્યારબાદ આકરી ગરમીમાં ફરજ બજાવતા તમામ ને લીંબુ પાણી આપી સેવાકાર્ય કર્યું હતું.

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લામાં આમ તો એક પણ કોરોના નો કેસ નથી પણ આરોગ્ય અને પોલીસ બિભાગ સતત ખડેપગે રહી સેવા આપી રહી છે ત્યારે રાજપીપળા ટાઉન પીઆઈ આર.એન.રાઠવા ફરજ ની સાથે સેવાકાર્ય કરી નર્મદા પોલીસ ની સેવાકીય કામગીરી ના દર્શન કરાવી રહ્યા છે

બે દિવસ પહેલાજ જુનારાજ ગામમાં ટાઉન પીઆઈ આર એન રાઠવા અને તેમની ટીમે કીટ વિતરણ કરી ત્યારબાદ આકરી ગરમીમાં ફરજ બજાવતા તમામને લીબુ પાણી આપી સેવાકાર્ય કર્યું હતું.અને હાલ રાજપીપળા પોલીસ સ્ટેશન વિસ્તારના અંતરિયાળ એવા બારખડી કમોદિયા ગામે છેવાડાના વિસ્તારમાં રાજપીપળા પોલીસ સ્ટેશન પી.આઈ. આર.એન રાઠવા દ્વારા એન.જી.ઓ.નો સંપર્ક કરી તેમની સાથે રહી ગરીબ પરિવારોને લીલી શાકભાજી તથા અનાજની કીટ વિતરણ કરી વધુ એક સરાહનીય કામગીરી કરી હતી.કમોદીયા ગામ એકદમ છેવાડું અને ડુંગરાળ વિસ્તારમાં આવેલુ છે જે ગામના લોકો મજૂરી કામ કરવા માટે રાજપીપળા આવતા હોય પરંતુ લોકડાઉન ના કારણે મંજૂરી આવી શકતા નથી. તેમને જીવન જરૂરિયાતની વસ્તુ પહોંચાડી ગામના લોકોને મદદ પૂરી પાડી હતી.

લોકડાઉનમાં સુરતના વેસુ વિસ્તારમાં લોકો બાલ્કનીમાં રમે છે અંતાક્ષરી



સુરત

લોકડાઉનમાં તણાવ ઓછો કરવા શહેરના વેસુ વિસ્તારમાં આવેલી શ્રુંગરા રેસિડેન્સીમાં રહીશોએ અનોખી રીત અપનાવી છે. ઘરની બાલ્કનીમાં આવી રોજ સાંજે પાંચ વાગ્યે સોસાયટીના ૩૦૦ લોકો અંતાક્ષરીમાં જોડાય છે. સોસાયટીના રહીશ વિજય શાહે જણાવ્યું હતું કે, મેં સારેગામાપા ગુજરાતમાં ભાગ લીધો હતો. ત્યારથી જ ગાવાનો ઘણો શોખ હતો. દરરોદ બે કલાક સોસાયટીના લોકો અંતાક્ષરી રમીએ છીએ. જેથી લોકોમાં લોકડાઉનને લઈને તણાવ ઓછો થાય છે. પાંચ વાગતાની સાથે સોસાયટીના લોકો બાલ્કનીમાં આવી જાય છે અને અંતાક્ષરીમાં જોડાય છે.

પાન-મસાલાના શોખીનો માટે વ્યસન છોડાવવામાં નિમિત્ત બની રહ્યું લોકડાઉન

સુરત

કોરાના વાયરસના લીધે લંબાવામાં આવેલા ૨૧ દિવસના લોકડાઉનની અવધિ આવતી કાલે પુરી થવા જઈ રહી છે.જ્યારે સંભવતઃ લોકડાઉન વધુ લંબાય તેવી સંભાવનાને ધ્યાને લઈને પાન-મસાલા તથા સિગારેટ બીડીના બંધાણીઓની હાલત વધુ કફોડી થવા પામી છે. કેટલાક બંધાણીઓ માટે લોકડાઉન હવે વ્યસન મુક્તિ માટે નિમિત્ત કારણ પણ બની રહ્યુ હોવાની વિગતો સાંપડી છે.

લોકડાઉનમાં વ્યનીઓએ પાન-માવા-સિગારેટનો કરેલો સ્ટોક હવે પુરો થઈ રહ્યો છે. હાલમાં જે દુકાનદારો પાસે પાન-માવા અને સિગારેટ-બિડીના જથ્થાનો સ્ટોક હતો. તે સ્ટોકને ગરજવાન બંધાણીઓ પાસેથી બમણાં ભાવે વેચીને ધૂમ કમાણી કરી છે. કેટલાક દુકાનદારો દ્વારા શાકભાજી કે આવશ્યક ચીજ વસ્તુઓ ખરીદવા માટે આપેલી છુટછાટના કલાકો દરમિયાન ટુ-વ્હીલર્સ પર બમણાં ભાવે પાન-મસાલા,ગુટખા તથા સિગારેટ બીડીનું વેચાણ કરીને મંદીમાં પણ કમાણી કરી લીધી છે. કેટલાક લોકોએ શાકભાજી કે દૂધ વેચનાર લોકોને પડેલો સ્ટોક બંધાણીઓને બમણા ભાવે હોમ ડીલીવરી પણ કરી છે. અલબત્ત એક સિગારેટના શોખીન યંગસ્ટર્સે કહ્યું હતું કે છેલ્લાં એકાદ વીકથી મારી પાસે સ્ટોક ખુટી જતાં હવે સિગારેટનું વ્યસન છોડવાનું મન બનાવી લીધું છે.

MARKET 4U™
ISO 9001:2015 Certified company

REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN

તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા

અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/-

સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા

તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત

GPS Market



RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X



For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456

ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850